# સ્વાનુભૂતિની પગથારે

આચાર્ય યશોવિજયસૂરિ

ગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે



ગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૮૩

# સ્વાનુભૂતિની પગથારે

[મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજ દ્વારા રચિત
શ્રી સીમન્ધર જિન સ્તવના (સવાસો ગાથાના સ્તવન)ની
કેટલીક કડીઓ પર સ્વાધ્યાય]

આચાર્ય યશોવિજયસૂરિ

: સૌજન્ય :

-પૂજ્ય ઉપકારી, ધર્માનુરાગી માતુશ્રીના પુનિતપથ પ્રાપ્ત્યર્થે-

પરમના પ્રેમરસનાં બુંદ બુંદનું પાન કરાવનાર પરમ ગુરુના

પદ્મચરણરેણુ

## સ્વાનુભૂતિની પગથારે


મૂલ્ય : ૯૦-૦૦ રૂા.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

નકલ : ૨૦૦૦

પ્રકાશક : આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન,
સુભાષચોક, ગોપીપુરા, સૂરત

**પ્રાપ્તિસ્થાન**

- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in
- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
- **ધીરુભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫
- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩
- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯

મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ ફોન : ૨૫૩૩૦૦૯૫

## તારક છાયા

**પરમપાવન અર્બુદગિરિ-અચલગઢમંડન**
**શ્રી ઋષભદેવ ભગવાન**
**શ્રી નેમિનાથ ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહશિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદૃષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવરશ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજ સાહેબ

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

# વ્યવહારનો દોડ-પથ, નિશ્ચયનું આકાશ

નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિનું અદ્‌ભુત સમતુલન છે શ્રી સીમન્ધર જિન સ્તવનામાં. સરળ ગુજરાતીમાં લખાયેલી એની કડીઓ વાંચતાં, અનુપ્રેક્ષતાં પ્રારંભિક સાધકની દૃષ્ટિ સામે છવાયેલ નિશ્ચય-વ્યવહારની અસ્પષ્ટતાનું ધુમ્મસ છંટાતું જાય છે અને ભાગવત પથ આ જ છે એવો નિશ્ચય તેના મનમાં ઊગે છે.

સ્તવનાની આ કડી બહુ જ પ્રસિદ્ધ છે :

'નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર...'

નિશ્ચય-દૃષ્ટિ એટલે મંજિલ.

વ્યવહાર-દૃષ્ટિ એટલે માર્ગ.

મંજિલ અને માર્ગ કેવા તો અન્યોન્ય સાપેક્ષ છે ! મંજિલ વિના માર્ગ કેવો ? અને માર્ગ જ ન હોય કે માર્ગે ચલાય જ નહિ તો મંજિલ શી રીતે મળે ?

• • •

મંજિલ કઈ છે ? સ્વરૂપ દશાની પ્રાપ્તિ તે છે મંજિલ. આનંદથી ભરપૂર, વીતરાગ દશાથી યુક્ત છે સ્વરૂપ આપણું.

આ સ્વરૂપપ્રાપ્તિની ઝંખના જાગે અને એમાં સદ્ગુરુયોગ ભળે એટલે માર્ગ સ્પષ્ટ થઈ જાય. પછી એ માર્ગે દોડવાનું.

ઝંખના, સદ્ગુરુયોગ અને માર્ગ પરની ગતિ આ થયો મઝાનો માર્ગ. વ્યવહારની નિશ્ચય ભણી સરકવાની આ પ્રક્રિયા કેટલી મઝાની છે !

• • •

સ્વરૂપ દશાની વાતો સાંભળી છે, એ સાંભળ્યા પછી એને પામવાની ઝંખના ઊભરે છે. ક્યારેક નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર અલપ-ઝલપ સમભાવ, આનંદ આદિનું વેદન થઈ રહે છે ત્યારે ઝંખના તીવ્ર બની રહે છે. અનુભૂતિ પછીની તીવ્ર ઝંખના.

ઝંખના તો પ્રબળ બની. હવે માર્ગ કોણ બતાવશે ? સદ્ગુરુ જ.

સદ્ગુરુ તમારી અત્યારની સાધનાની ભૂમિકા જોશે. અને તમારા માટે કયો માર્ગ છે એ નક્કી કરી તમને કહેશે.

આમ, સાધનાપથ છે રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા.

સાધકની ભૂમિકા જોઈ સદ્ગુરુ તેના માટેના માર્ગને નિશ્ચિત કરી આપશે.

• • •

એક સાધક ગુરુ પાસે આવ્યો. તેણે કહ્યું : 'ગુરુદેવ ! દશ વર્ષથી હું નિરન્તર આપની પાસે આવું છું. અને છતાં મારી ભીતર કંઈ ફરક પડ્યો નથી. ગુરુદેવ ! કંઈક કરો !'

ગુરુએ કહ્યું : 'બેટા ! હું તને શરૂઆતથી કહેતો રહ્યો છું : તું મરી જા, મરી જા. પણ તું મરતો નથી. હું શું કરું ?'

દેખીતી રીતે, ગુરુ એના અહંકારના મૃત્યુની વાત કરી રહ્યા હતા. ગોરખનાથે પણ આ જ વાત કહી : મરો હે જોગી ! મરો ! મરણ હૈ મીઠો... જિસ મરણિ ગોરખ મિરે...

અહંકારની માત્રા જે સાધકમાં વધુ પ્રમાણમાં દેખાતી હશે એ સાધક માટે ગુરુ અહંકાર-શિથિલતાના માર્ગો આ રીતે બતાવશે. ગુરુ એને 'પંચસૂત્રક' સૂત્રને રટવાનું પણ કહી શકે. પંચસૂત્રકની સાધના-ત્રિપદી અહંકારની શિથિલતા માટે જ છે ને !

• • •

જે સાધકમાં રાગની માત્રા વધુ પ્રમાણમાં હશે એ સાધકને સદ્ગુરુ પ્રભુભક્તિનો માર્ગ આપી શકે.

પ્રારંભિક સાધક કદાચ કહે કે ગુરુદેવ ! આપ વૈરાગ્યની ધારાની વાત કરો છો. પરંતુ હું તો રાગની ધારાનો માણસ છું.

ગુરુદેવ હસીને કહેશે : ચાલ, પ્રભુ સાથે રાગ કર ! પ્રભુ-પ્રીતિની ધારામાં તું વહેવા લાગ !

અહીં લાગે કે માર્ગ પણ કેટલો મધુરો છે !

હું ઘણીવાર કહું છું કે મંજિલ તો મઝાની હોય જ; અહીં તો માર્ગ પણ મઝાનો છે. હાથિયા થોરથી ઢંકાયેલ નેળિયામાં પહેલાં ચાલતા ત્યારે ઉનાળાની સાંજે પણ ઍરકન્ડિસન્ડ માર્ગમાં ચાલતા હોઈએ એવો અનુભવ થતો. આવો જ આ અનુભવ છે.

• • •

ક્રોધની માત્રા સાધકમાં વધુ હશે તો સદ્‌ગુરુ તેને ક્ષમાભાવની દીક્ષા આપશે.

આપણા યુગના સાધનામનીષી પૂજ્યપાદ પંન્યાસજી ભગવંત શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે કહ્યું હતું કે અતીતની યાત્રામાં આ આત્માએ પ્રભુના બે મોટા અપરાધો કર્યા છે : જડ પ્રત્યે રાગ અને ચેતના પ્રત્યે દ્વેષ.

એ અપરાધોનું પ્રાયશ્ચિત્ત આ રીતે થાય : જડ પ્રત્યે ઉદાસીનભાવ અને ચેતના પ્રત્યે મૈત્રીભાવ.

જડના રાગને કારણે પણ ચેતના પ્રત્યે દ્વેષ ઊપજે. અહંકારને કારણે પણ આ ઘટના ઘટી શકે.

જડ પદાર્થો પરના આકર્ષણને કારણે ચેતના પ્રત્યેનો દ્વેષ તો ઠેકઠેકાણે દેખાયા કરે છે.

કો'કે તમને કંઈક કહ્યું અને તમને ગુસ્સો આવે છે. આ ગુસ્સાની પાછળ છે તમારો અહંકાર. 'મને કહેનાર આ કોણ ?'

સદ્‌ગુરુની હિતશિક્ષા દ્વારા રાગ કે અહંકાર શિથિલ બનશે તો દ્વેષ શિથિલ બનવાનો જ છે ને ! 'ન રહે બાંસ, ન બજે બંસુરી.'

● ● ●

ઝંખનામાં સદ્‌ગુરુયોગ ભળ્યો અને હવે એ ઝંખના સાધનામાર્ગ ભણીની ગતિમાં ફેરવાશે.

જોકે, ગતિ દેખાશે સાધકના અસ્તિત્વમાં. ગતિનું ચાલક બળ પ્રભુ છે. પ્રભુ ચલાવે. સદ્‌ગુરુ ચલાવે સાધનાની ગાડીને. આને જ હું બૅકસીટજર્ની કહું છું. તમે કારમાં પાછળની સીટ પર બેઠા છો. સદ્‌ગુરુનું માર્ગદર્શન એને ચલાવ્યા કરે છે.

ઢાકાથી થોડે દૂર જંગલમાં એક યોગી રહેતા હતા. એક વિદેશી સાધકે એ ગુરુ વિષે ક્યાંકથી જાણ્યું. એ ગુરુને મળવા અધીરો બન્યો. ગુરુના સંપર્ક માટે કોઈ સ્રોત તેની પાસે નહોતો. પણ જિજ્ઞાસા કંઈ ઓછી વાત નહોતી. એ જ તો મોટી સજ્જતા બની ગઈ.

એ ઢાકાના ઍરપોર્ટ પર ઊતર્યો. જે ગામથી થોડે દૂર જંગલમાં આ આશ્રમ હતો, એનું નામ એની પાસે હતું. ટેક્સી ડ્રાઇવરોને એણે આ ગામનું નામ આપ્યું. પરંતુ એ ગામ એટલું તો અંતરિયાળ હતું કે કોઈને એનો ખ્યાલ નહોતો. સાધક મૂંઝાયો. ત્યાં જ એક કાર આવી. ડ્રાઇવરે આ ગામનું નામ સામેથી પૂછ્યું. સાધકે કહ્યું : મારે ત્યાં જ જવું છે. 'બેસી જાવ.' કાર ઊપડી. એવો રસ્તો અટપટો હતો કે કોઈને ખ્યાલ ન આવે. કાર તો સીધી જ ત્યાં જંગલમાં એ આશ્રમે જઈ ઊભી રહી.

સાધક ફ્રેશ થવા રૂમમાં ગયો. ગુરુ ક્યારે મળશે તે પૂછ્યું. જ્યારે એ ગુરુની ચેમ્બરમાં ગયો તો એણે નવાઈ સાથે જોયું કે કાર ડ્રાઈવ કરનારી વ્યક્તિ જ ગુરુપદે બિરાજમાન હતી.

ગુરુ હસ્યા.

તેમણે કહ્યું : તમારી જિજ્ઞાસા સાચી હતી. તેથી મને અણસાર આવ્યો અને હું કાર લઈ ઢાકા ઍરપોર્ટ પર આવેલો.

ગુરુ માર્ગદર્શક. બહારથી પણ, ભીતરથી પણ.

• • •

નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિનું કેવું મઝાનું આ મિશ્રણ ! - ઝંખના, સદ્‌ગુરુયોગ, ગતિ. વ્યવહાર સાધનાની નિશ્ચય તરફ ઢળવાની આ પ્રક્રિયા કેટલી તો મોહક છે !

સદ્‌ગુરુ હોય છે નિશ્ચયના પારદશ્વા, વ્યવહારના પાલક. પ્રભુએ આપેલ વ્યવહાર પણ કેવો મઝાનો છે ! દશવિધ સામાચારી, પંચાચારમયી સાધના... અદ્‌ભુત ખજાનો.

પંચાચારમયી સાધના. એમાં ચારિત્રાચારમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનમાં સાધનાનું કેવું તો ઊંડાણ છે ! તપાચારમાં ધ્યાન અને કાયોત્સર્ગ દ્વારા સાધક સ્વાનુભૂતિના લોક ભણી યાત્રા કરી શકે.

• • •

વ્યવહારનો રન-વે, દોડપથ; નિશ્ચયનું આકાશ. સાધનાનું વિમાન વ્યવહારના મઝાના દોડપથ પર દોડીને નિશ્ચયના આકાશમાં છલાંગશે.

નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિને સરળતાથી સમજાવતા મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની આ કૃતિ પર ગુજરાતી સ્તબક તથા અન્ય વિવેચનો ઉપલબ્ધ છે. અહીં સ્તવનાની સવાસો કડીઓમાંથી માત્ર પંદર કડીઓ પરનો સ્વાધ્યાય પ્રસ્તુત છે.

વૈ.સુ.પ, ૨૦૬૯
આરખી (ગુજરાત)
તા. ૧૫-૫-૨૦૧૩

**પરમતારક શ્રી વાસુપૂજ્યસ્વામી**
**પ્રભુપ્રતિષ્ઠાદિન તથા**
**પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્‌વિજય**
**ૐકારસૂરીશ્વરજી મહારાજાની**
**પચીસમી પુણ્યતિથિ**

• • •

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | હોવાપણાનો આનન્દ | ૨ |
| ૨. | જ્ઞાતાભાવનું ઊંડાણ | ૧૨ |
| ૩. | 'તબ દેખે નિજ રૂપ...' | ૨૧ |
| ૪. | આત્માનુભૂતિ | ૩૧ |
| ૫. | સ્વરૂપપ્રાપ્તિ ભણી | ૪૬ |
| ૬. | 'જો ઘર બારે આપના...' | ૬૧ |
| ૭. | 'સુન્ન મહલ મેં દિયના બારિ લે...' | ૭૪ |
| ૮. | આન્તરયાત્રા | ૯૦ |
| ૯. | વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ | ૧૦૦ |
| ૧૦ | 'પૂરન મન સબ પૂરન દીસે...' | ૧૧૭ |
| ૧૧ | 'એક ક્ષણ મને આપ !' | ૧૩૪ |


• • •

સ્વાનુભૂતિની પગથારે

# ૧

# આધાર સૂત્ર

*જે જે અંશે રે નિરુપાધિકપણું,*
*તે તે જાણો રે ધર્મ;*
*સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણા થકી,*
*જાવ લહે શિવશર્મ... ૨/૧૦*

જે અંશમાં નિરુપાધિક દશા - સ્વભાવ દશા, તે અંશમાં ધર્મ કહેવાય. ચોથા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી આ સ્વભાવ દશાનો ક્રમિક વિકાસ થયા કરે છે.

# ૧ હોવાપણાનો આનન્દ

એક મઝાની પ્રાર્થના હમણાં જ વાંચી :

પ્રભુ !

આજ, તારા ઉપનિષદમાં રહેવા દે !
માખણ બનીને તારી હૂંફમાં પીગળવા દે !

ના કોઈ શબ્દો, ના કોઈ પ્રાર્થના,
ના બાવરી આશા, ન ઠગારી આકાંક્ષા;
મૌનને ભીતર અહેસાસ બની પ્રસરવા દે !
આજ, તારા ઉપનિષદમાં ગુંજવા દે...
ના કોઈ પડદો, ના કોઈ થડકો,
ના કોઈ તડપન, ના સુખનાં આભાસી સ્પર્શન;
અજવાશને આજ ભીતર ઊગવા દે !
આજ, તારા ઉપનિષદમાં મહેકવા દે...
ના હું, ના કોઈ,
ના સંસાર, ના બીજું કાંઈ;
આ સમયે બસ, હોવું અને માત્ર હોવું,
એ જ આનન્દમય ઉપનિષદ...

• •

કવયિત્રી કહે છે : 'બસ, હોવું અને માત્ર હોવું.' હોવાપણાનો આનંદ માણ્યા પછી કૃતિત્વની દુનિયામાં કઈ રીતે જઈ શકાય ?

ઝેન સંતો આ અવસ્થા માટે સરસ શબ્દપ્રયોગ કરતા હોય છે : Just sitting and nothing to do.

જપાનના સમ્રાટ ઝેન આશ્રમની મુલાકાતે ગયા. ગુરુ તેમની જોડે ફરીને સમ્રાટને આશ્રમના વિવિધ ભાગો બતાવે છે. દરેક જગ્યાએ સમ્રાટ પૂછે : અહીં ભિક્ષુઓ શું કરે ? ગુરુ કહે : અહીં ભિક્ષુઓ ભોજન કરે. અહીં તેઓ સ્વાધ્યાય કરે.

વચ્ચે ગુંબજવાળું મોટું ભવન હતું. ત્યાં ગુરુ સમ્રાટને ન લઈ ગયા. સમ્રાટે કહ્યું : ત્યાં મને કેમ તમે ન લઈ ગયા ? સંત હસ્યા. એમણે કહ્યું : સકારણ જ. તમે દરેક જગ્યાએ પૂછો છો : અહીં શું કરે ભિક્ષુઓ ? અહીં શું કરે ? ત્યાં પણ તમે એ જ પ્રશ્ન પૂછત. હવે ત્યારે હું શું કરત ? કારણકે મારી પાસે આનો જવાબ ન હોત. ત્યાં કશું કરવાનું હોતું નથી. માત્ર હોવાનું હોય છે.

●●

પૂજ્ય આનન્દઘનજી મહારાજ એમના એક પદમાં કૃતિત્વની દુનિયાનો લોપ કરવા માટે સરસ સૂત્રો આપે છે :

ના હમ મનસા, ના હમ શબદા,
ના હમ તન કી ધરની;
ના હમ ભેખ, ભેખધર નાંહિ,
ના હમ કરતા કરની;
ના હમ દરસન, ના હમ ફરસન,
રસ ન ગંધ કછુ નાંહિ...
આનન્દઘન ચેતનમય મૂરત...

નેતિ-નેતિનો આ કેવો મઝાનો લય ! હું શબ્દ નહિ, વિચાર નહિ, શરીર નહિ... હું શુદ્ધ ઉપયોગમય ચૈતન્ય. મનોયોગ, વચનયોગ કે કાયયોગ એ મારું સ્વરૂપ નહિ. શુભરૂપ ગુપ્તિમાં જઈને સાધકે શુદ્ધરૂપ ગુપ્તિમાં જવું છે.

હું વેશ નહિ, વેશને ધારણ કરનાર નહિ; હું વિભાવનો કર્તા નહિ કે હું કાર્ય નહિ... હું તો છું શુદ્ધ ચૈતન્ય : આનન્દથી છલકાતું.

પરને જોવાનું, સ્પર્શવાનું, આસ્વાદવાનું કે સૂંઘવાનું મારે નથી... હું પરથી બિલકુલ અલગ છું...

• •

અષ્ટાવક્ર ગીતામાં અષ્ટાવક્ર ઋષિ સ્વમાં સ્થિર થવાની મઝાની સાધના આપે છે :

एको द्रष्टाऽसि सर्वस्य, मुक्तप्रायोऽसि सर्वदा ।
अयमेव हि ते बन्धो, द्रष्टारं पश्यसीतरम् ॥ ७ ॥

આત્મન્ ! તું બધાનો દ્રષ્ટા છે... અને દ્રષ્ટા તરીકે રહે તો મુક્ત જ છે. સવાલ થાય કે તો પછી કર્મબન્ધ કેમ થાય છે ? જ્યાં દ્રષ્ટા તરીકે બીજાને જોવામાં આવ્યો કે કર્મબન્ધ શરૂ !

તમારા શરીરને કો'કે થપ્પડ લગાવી; કે તમારા નામને કોઈએ બદનામ કર્યું; ત્યાં તમને સામી વ્યક્તિ પર ગુસ્સો આવે છે. પણ અહીં દ્રષ્ટા અને દૃશ્યવાળી વાત બરોબર મનમાં ઊતરી જાય તો હસવું આવશે. તમે હળવાફૂલ હશો. શરીર તો દૃશ્ય છે, નામ પણ દૃશ્ય છે; હું શરીર પણ નથી, હું નામ પણ નથી... હું તો આનંદઘન આત્મા છું.

• •

ડૉ. એરિક ફ્રોમ 'To have or to be' માં લખે છે : 'હોવું' અને 'પામવું'નો તફાવત જ જીવનપદ્ધતિ શીખવનાર સહુ મહાપુરુષોની વિચારસરણીનો મધ્યવર્તી વિચાર છે. માસ્ટર એકાર્ટે શીખવ્યું કે આધ્યાત્મિક રીતે સંપન્ન અને સમર્થ થવાની શરત છે : કશું પામવાનો પ્રયત્ન ન કરવો અને સંપૂર્ણપણે ખાલી થઈ જવું.

'હોવાના' વલણને સાંકેતિક ભાષામાં સમજી શકાય. રંગીન પ્યાલો એ 'હોવાના' વલણનું પ્રતીક છે. વાદળી રંગનો પ્યાલો વાદળી એટલા માટે દેખાય છે કે સૂર્યનાં કિરણો જ્યારે તેના પર પડે છે ત્યારે તે કિરણોમાંના વાદળી સિવાયના બધા રંગોને શોષી લે છે અને ફક્ત વાદળી રંગને પરાવર્તિત કરે છે. એટલે કે વાદળી રંગના પ્યાલાને આપણે વાદળી રંગનો એટલા માટે કહીએ છીએ કે તે વાદળી રંગ આપણને આપી દે છે. તે પ્યાલો જે રંગ રાખી લે છે, તેનાથી પિછાનાતો નથી.

'હોવાપણા'ના વૈભવની વાત કરતાં એરિક ફ્રોમ કહે છે : 'હોવા'નું વલણ ધરાવતી વ્યક્તિ કેટલીક સામાજિક જવાબદારીઓ અદા કરવામાં નિપુણ હોય છે; એટલું જ નહિ પણ તેનાથી તો ઉચ્ચતમ કક્ષાનું જ્ઞાન અને સત્યનિષ્ઠા ધરાવતું વ્યક્તિત્વ આપણી આંખોની સામે ખડું થાય છે. આવા લોકોની સત્તા તો આપોઆપ પ્રસરે છે. તેમણે સત્તા વાપરવા હુકમો આપવા પડતા નથી, ધમકી આપવી પડતી નથી. તેમની સત્તા તેઓ 'છે' તેનાથી જ દેખાય છે.

આપણા યુગના ઘણા જ સ્વનિષ્ઠ મહાપુરુષોને આપણે આ રીતે જોયા છે.

• •

અસ્તિત્વ.

મઝાની વાત થઈ. પણ એ મળે શી રીતે ?

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ પરમતારક શ્રી કુન્થુનાથ ભગવાનના સ્તવનમાં કહે છે : 'અસ્તિ સ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત; પ્રભુ સમ્મુખ વન્દન કરી રે, માંગીશ આતમહેત...'

પ્રભુ પાસે જઈને હું અસ્તિત્વ માગીશ. પ્રભુને કહીશ કે પ્રભુ ! મને મારું હોવાપણું આપો !

કઈ રીતે આ અસ્તિત્વ મળે ?

સાધના બતાવી : 'રુચિ વૈરાગ્ય સમેત.' રુચિ અને વૈરાગ્ય દ્વારા શુદ્ધ અસ્તિત્વ મળી શકે.

કર્તૃત્વનો બોજ લાગે... અસ્તિત્વની રુચિ પ્રગટે. વૈરાગ્ય એટલે પરની અનાસ્થા. પરથી શું થઈ શકે ?

સાધના બે રીતે ચાલશે : રુચિ-વૈરાગ્ય-રુચિ-વૈરાગ્ય... સ્વભાવ દશાની રુચિ. પર તરફની અશ્રદ્ધા, વૈરાગ્ય. એ વૈરાગ્યથી સ્વભાવ દશાની રુચિ પ્રગટે. એનાથી વૈરાગ્ય પ્રબળ બને. ભક્તનો માર્ગ આ થયો.

વૈરાગ્ય-રુચિ-વૈરાગ્ય-રુચિ; આવો એક સાધનાનો ક્રમ ચાલશે સાધક માટે. પર તરફની અનાસ્થાથી સાધક શરૂઆત કરશે. એ અનાસ્થા રુચિમાં પલટાશે. એ રુચિથી વૈરાગ્ય... ક્રમ મઝાનો ચાલ્યો કરશે.

તો, અસ્તિત્વને મેળવવાનો માર્ગ પણ કેટલો મઝાનો છે ! રુચિ, વૈરાગ્ય...

માર્ગ પણ મઝાનો.

મંજિલ તો મઝાની છે જ.

• •

શુદ્ધ અસ્તિત્વના અનુભવાત્મક જ્ઞાનની વાત કરતાં સમયસાર ગ્રન્થ કહે છે :

जो हि सुएणहिगच्छइ, अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुयकेवलिमिसिणो, भणंति लोगप्पदीवयरा ॥ ९ ॥

જે જ્ઞાનીપુરુષ અનુભવાત્મક ભાવશ્રુત વડે કેવળ શુદ્ધ એવા આ આત્માને જાણે છે, તેને ઋષિઓ શ્રુતકેવળી કહે છે.

આ અનુભવાત્મક જ્ઞાન કેવું હોય છે? સમયસાર ગ્રન્થ કહે છે :

अहमिक्को खलु सुद्धो, णिम्ममओ णाणदंसणसमग्गो ।
तम्हि ठिओ तच्चित्तो, सव्वे एए खयं णेमि ॥ ७३ ॥

હું છું શુદ્ધ, પર પ્રત્યેની મમતા વિનાનો, જ્ઞાન-દર્શનથી યુક્ત.... તે આત્મતત્ત્વના જ ચિન્તનવાળો અને તે આત્મતત્ત્વમાં સ્થિર થયેલો હું આ વૈભાવિક ભાવોનો અન્ત આણું છું.

● ●

આ પૃષ્ઠભૂ પર મજાનું સાધનાસૂત્ર શરૂ થાય છે :

જે જે અંશે રે નિરુપાધિકપણું,
તે તે જાણો રે ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણા થકી,
જાવ લહે શિવશર્મ...

જેટલા અંશે નિરુપાધિક દશા, સ્વભાવ દશા તેટલા અંશમાં ધર્મ. ચોથા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધીની બધી જ સાધના દશાઓમાં સ્વભાવ દશાનું સામ્રાજ્ય છે.

ઔદયિક ભાવ સોપાધિક દશા. જ્યારે ક્ષાયિકભાવ કે પારિણામિક ભાવ તે નિરુપાધિક દશા. ક્ષાયોપશમિક ભાવ વડે સાધક ક્ષાયિકભાવ ભણી ગતિ કરે છે. અને પોતાના સ્વભાવમાં પરિણમવા રૂપ પારિણામિક ભાવ નીખર્યા કરે છે.

• •

એક સાધકની યાત્રાનો વિકાસ-આલેખ / graph જોઈએ.

તાવ આવ્યો સાધકને. અસાતા વેદનીય કર્મ ઉદયમાં આવ્યું. એ સમયે સાધક પોતાના ઉપયોગને ઉદયાનુગત – ઉદયની પ્રક્રિયા સાથે સંકળાયેલ ન બનાવતાં સ્વસત્તાનુગત બનાવશે.

તે સમયે, તેનો ઉપયોગ પોતાના આનંદમાં જશે તો ઉદયની પળોમાં જઈ, પીડાને અનુભવી, હાયકારો કરી એ જે નવું કર્મ બાંધવાનો હતો, તે નહિ બાંધે.

આ જ રીતે, ક્રોધનો ઉદય થાય ત્યારે ઉપયોગ ક્રોધમાં રહેવાને બદલે સમભાવમાં રહે તો...? તો, સાધક ઔદયિક ભાવની અસરમાં નહિ લપેટાય.

• •

ધર્મ પોતાની ભીતર છે કે નહિ એ જોવાનું કેવું મઝાનું આ સાધન આપ્યું ! : 'જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ...' સ્વભાવ દશાનો ઉઘાડ થયો છે, તો ધર્મ... પછી એ કેટલો થયો છે, એ પર સાધનાની દશાનું અનુમાન.

• •

ક્ષાયિક ભાવ : વિભાવોનું ખરી જવું. પારિણામિક ભાવ : સ્વસ્વભાવમાં પરિણમવું...

ભીતર જવાનો કેવો મઝાનો આ માર્ગ !

અને 'હોવાપણા'ની મંજિલ ! એને તો તમે અનુભવી જ શકો. કહી ન શકો.

• •

નિરુપાધિક દશાનો નિષેધ મુખે અનુવાદ આવો થાય : રાગ, દ્વેષ, અહંકારને શિથિલ કરવા. નિરુપાધિક દશાનો વિધેયાત્મક મુખે અનુવાદ આવો થાય : સ્વરૂપસ્થિતિ ભણી ચાલવું.

હોવાના આનંદમાં ઝૂમવાની આ મઝાની વાત !

• • •

## ૨

## આધાર સૂત્ર

*જ્ઞાનદશા જે આકરી,*
*તેહ ચરણ વિચારો;*
*નિર્વિકલ્પ ઉપયોગમાં,*
*નહિ કર્મનો ચારો. ૩/૩*

ઉત્કૃષ્ટ એવી જે જ્ઞાનદશા છે તે જ ચારિત્ર છે. અને આવી નિર્વિકલ્પ જ્ઞાનદશામાં - ઉપયોગમાં વર્તનાર સાધકને કર્મોનું આગમન સંભવતું નથી.

## ૨ | જ્ઞાતાભાવનું ઊંડાણ

નદી પર પુલ હતો. થોડેક દૂર, વૃક્ષનિકુંજમાં સાધના માટે બેસવાનું સ્થળ સરસ હતું. શિષ્યને ત્યાં સાધના માટે બેસવાનું ગુરુએ કહ્યું. અને ઉમેર્યું : નદીનું પાણી સ્થિર થયેલું

લાગે અને નદી પરનો પુલ હાલતોચાલતો લાગે ત્યારે તારી સાધના પૂર્ણ થયેલી સમજજે.

શિષ્યે ગુરુની વાત સ્વીકારી. એ બેસી ગયો.

તેની સાધના, વર્ષોના અભ્યાસ પછી, એટલા ઊંડાણમાં ગઈ કે તેને આત્મભાવમાં સરવા સિવાયનું બીજું બધું નિરર્થક લાગે છે.

નદીનો પ્રવાહ સતત વહી રહ્યો છે, વેગપૂર્વક દોડી રહેલ છે. પણ ક્યાં જવાનું છે ? શા માટે દોડવાનું ?

સાધકને નદીનો પ્રવાહ જોતાં પોતાની અતીતની યાત્રા વ્યર્થ લાગે છે. લાગે છે કે પોતે પણ આ રીતે 'પર' ભણી વ્યર્થ જ દોડી રહ્યો હતો ને ! આ વ્યર્થતા દોડને સ્થિરતામાં દર્શાવે છે. દોડવાનો કોઈ જ અર્થ નથી.

અને–

પુલમાં રહેલ પરમાણુઓ દોડી રહ્યા હતા. આ 'દોડ' પણ વ્યર્થતાને અનુભવાવનાર બની.

'પર' છે અસાર, વ્યર્થ.
તો સારરૂપ શું છે ?
સ્વ.

• •

શ્રીપાળ રાસમાં મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજ કહે છે : 'આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે; આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે...'

કેટલી સરસ વાત ! કેવો મઝાનો શાસ્ત્રોનો નિચોડ ! પિસ્તાળીસ આગમ ગ્રન્થો અને પૂરી સાધનાપદ્ધતિનો નિચોડ આટલો જ છે : આત્મભાવમાં સ્થિર થવાનું. પરભાવમાં જવાનું નથી.

ઝેન સાધિકા પૂનમની રાત્રે કાવડમાં પાણી ભરીને જઈ રહી છે. કાવડના આગળના ઘડામાં ચન્દ્રનું પ્રતિબિમ્બ દેખાય છે. મનોહર દૃશ્ય લાગે છે એને એ. એ ધ્યાનથી એને જોતી, જોતી ચાલે છે. રસ્તામાં આવે છે પથ્થર. સાધિકાને ઠેસ લાગી. એનું સમતુલન ચુકાયું. માટીના ઘડા ફૂટી ગયા. પ્રતિબિમ્બવાળો ચન્દ્ર છૂ ! અને સાધિકાનું વિરાગની ધારામાં વહી ઊઠવું...

આવું જ લાઓત્સે માટે બન્યું. તેઓ એક વૃક્ષ નીચે બેઠેલા. ઉપરથી એક પાંદડું ખર્યું. એ સાથે ભીતરથી પણ કંઈક ખર્યું અને તેઓ વિરાગદશાને પામી ગયા.

આવો સાધક અષ્ટાવક્ર ઋષિ કહે છે તેમ, સૂકા પાંદડાની જેમ વર્તે છે. સૂકું પાંદડું. પવને એને ઊંધું કર્યું તો એ ઊંધું પડ્યું રહે છે. સીધું કર્યું તો તેમ રહેશે. 'क्षिप्तः संसारवातेन चेष्टते शुष्कपर्णवत् ॥' સંસારના - કર્મના ઉદયરૂપી પવન વડે આમ તેમ ઉથલાવાયેલ તે સાધકો બધી જ સ્થિતિઓનો સ્વીકાર કરે છે.

મને યાદ આવે છે પૂજ્યપાદ ધર્મધુરન્ધર સૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રીને ગળાનું કેન્સર થયેલું. વેદના અપાર હશે જ. હું સાતા પૂછવા ગયેલો. ચહેરા પર એ જ ચિરપરિચિત મુસ્કાન. મેં પૂછ્યું : સાહેબજી, સાતા છે ? એમણે હસીને કહ્યું : યશોવિજય ! શરીર *શરીરનું કામ કરે છે. હું મારું કામ કરું છું. ડૉક્ટરો ઉપચાર કર્યા*

કરે છે. પેઈન કિલર્સ લેવાયા પણ કરે છે. હું સ્વસ્થ છું. ખરેખર, તેમના ચહેરા પર તે સ્વસ્થતા – આત્મસ્થતા દેખાતી હતી.

ભેદજ્ઞાનનો અભ્યાસ તીવ્ર હોય ત્યારે જ આવું બની શકે ને !

તે સમયે 'અધ્યાત્મબિન્દુ'નો આ શ્લોક યાદ આવેલો :

ये यावन्तो ध्वस्तबन्धा अभूवन्,
भेदज्ञानाभ्यास एवात्र बीजम् ।
नूनं येप्यध्वस्तबन्धा भ्रमन्ति,
तत्राभेदज्ञानमेवेति विद्मः ॥

જે અને જેટલા સાધકો મુક્ત થયા; ભેદજ્ઞાનનો અભ્યાસ જ ત્યાં મૂળ કારણરૂપે હતો. અને જે લોકો સંસારમાં ભમે છે ત્યાં મૂળ કારણ અભેદજ્ઞાન – દેહાદિ પરથી આત્મતત્ત્વની અભિન્નતાની માન્યતા/ભ્રમણા – છે.

સાધકનો દેહ પરદ્રવ્યનો ઉપયોગ કરે; પરંતુ સાધકની ચેતના 'પર'માં ન જ જાય.

એક નાનકડી પરીક્ષા એના માટે : સાધકે સ્નાન કર્યું. પૂજા કરી. પોતાના માટે અલગ રખાયેલ વસ્ત્રોને એણે પહેર્યાં. પછી એ નાસ્તો કરે છે. નાસ્તો કર્યા પછી, આંખો બંધ કરી એ પોતાને પૂછે છે કે આજે કયાં વસ્ત્રો પહેરાયાં છે ? જવાબ ખોટો મળે કે 'ખબર નથી' એવો મળે તો એની સાધના સરસ.

શરીરે વસ્ત્રો પહેરેલા. પોતે ક્યાં પહેર્યાં હતા ?

એક બાજુ ચૈતન્ય; બીજી બાજુ જડતત્ત્વ. આત્મતત્ત્વ ભણી જવું છે. પરમાં – વસ્ત્રાદિમાં ઉપયોગને જવા દેવો નથી.

• •

આ પૃષ્ઠભૂ પર મઝાનું સાધનાસૂત્ર :

જ્ઞાનદશા જે આકરી, તેહ ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...૩/૩

જ્ઞાનદશાની, જ્ઞાતાભાવ આદિની તીક્ષ્ણતા તે ચારિત્ર એમ કડીનું પૂર્વાર્ધ કહે છે.

પરભાવમાં ન જવું, સ્વ ભણી ઉપયોગને રાખવો; એટલે જ્ઞાતાભાવ. જ્ઞાતાભાવની વિશેષતા એ છે કે અહીં ઉપયોગી પરમાં જવાય છે; પરંતુ નિર્લેપ ભાવે. રાગાદિનો લેપ ઓછો થાય તેવી સાવધાની અહીં હોય છે.

પહેલાં સાધક જાણતો; પરંતુ જ્ઞેયોમાં (જાણવાયોગ્ય પદાર્થો/વ્યક્તિઓમાં) ગમા અને અણગમાને ઊભો થતો તે રોકી ન શકતો.

હવે જ્ઞેયોમાં સરાય છે; પણ નિર્લેપ ભાવે...

છતાં, ચોથા ગુણસ્થાનકનો જે જ્ઞાતાભાવ હશે તેમાં એટલી નિર્લેપતા ન સંભવી શકે; જેવી આગળના ગુણસ્થાનકોમાં હોય છે.

ઉદાસીનભાવને જેમ જેમ જ્ઞાતાભાવમાં ઉમેરવામાં આવે તેમ જ્ઞાતાભાવ – જ્ઞાનદશા તીક્ષ્ણ બને.

સાતમા ગુણસ્થાનકે જે જ્ઞાનદશા છે, તે જ ચારિત્ર. છઠ્ઠે પ્રમત્ત ચારિત્ર. પાંચમે ગુણસ્થાનકે દેશ ચારિત્ર... તો, ચારિત્રની ઉદાસીન દશા જેમ જેમ જ્ઞાતાભાવમાં ભળે તેમ તેમ જ્ઞાતાભાવ તીક્ષ્ણ બને.

અધ્યાત્મ ગીતામાં પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ પણ આ જ વાત કહે છે : 'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ...'

● ●

શું થાય છે, તે જોઈએ.

ચોથા ગુણસ્થાનકે રહેલ આત્મામાં જ્ઞાતાભાવ છે. અને એથી, સ્થિરા દૃષ્ટિની સજ્ઝાયમાં મહોપાધ્યાય પૂજ્ય યશોવિજય મહારાજ કહે છે તેમ તેને સંસારનાં સ્થિત્યન્તરો છોકરાંઓની રેતના ઘરની રમત જેવાં લાગશે.(૧)

આ જ્ઞાયકભાવ, સામી બાજુ, આત્માના અવિનાશી સ્વરૂપને અનુભવાવશે. કહે છે આઠ દૃષ્ટિની સજ્ઝાય :

'અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;
ચિદાનન્દઘન સુજસ વિલાસી, કિમ હોય જગનો આશી રે ?'

પોતાના અવિનાશીપણાનો અને આનંદઘનતા આદિનો તેને પ્રત્યય થાય છે.

આટલું હોવા છતાં, ચારિત્ર મોહનીયનો ઉદય આવે ત્યારે અનુકૂળ-પ્રતિકૂળ સંવેદનો, ગમવા-ન ગમવા રૂપ રાગ, દ્વેષ તેને થઈ શકે છે.

---

(૧) બાલ્યધૂલિઘર લીલા સરખી, ભવચેષ્ટા ઈહાં ભાસે રે...

પાંચમા ગુણસ્થાનકથી ચારિત્ર મોહનીયની શિથિલતા થતાં જે ઉદાસીનભાવ ભીતર ઊપજે છે, તે પેલી જ્ઞાનદશાને ઊંડાણ આપે છે.

તો, સાધક તરીકે આપણી સાધના જ્ઞાનદશાને ઉદાસીન ભાવ વડે ઉત્તેજિત કરવાની રહી.

જેમ જેમ ઉદાસીનભાવ-નિર્લેપભાવ ઉમેરાતો જશે તેમ તેમ જ્ઞાનદશા સૂક્ષ્મ બન્યા કરશે. ગમા-અણગમાની સ્થિતિ ઓછી થતી જશે.

• •

કડીનો ઉત્તરાર્ધ જ્ઞાનદશાને તીક્ષ્ણ બનાવવા માટેનો માર્ગ ચીંધે છે : 'નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...' જ્યાં ઉપયોગ નિર્વિકલ્પ બન્યો; હવે કર્મનો પ્રવેશ શી રીતે ?

વિભાવો જે દ્વારેથી પ્રવેશતા હતા, એ દ્વાર જ બંધ થયું ને !

વિકલ્પોની બારી દ્વારા વિભાવો ભીતર પ્રવેશતા હતા. વિભાવ ઉદિત થાય તેવું નિમિત્ત મળ્યું. પણ તમે વિચાર એના વિશે કરો જ નહિ તો...? મન એ વખતે સ્વાધ્યાયમાં ડુબાડી દો તો...?

આ સન્દર્ભમાં હું ઘણીવાર કહેતો હોઉં છું કે સાધકને ક્યારેક દુર્વિચાર આવી શકે; દુર્ભાવ તો નહિ જ. દુર્વિચાર અલપ-ઝલપ, એક ક્ષણ માટે આવી ગયો. પણ એ દુર્ભાવમાં પલટાશે ક્યારે ? એ દુર્વિચારને લંબાવવામાં આવશે તો. પંપાળવામાં આવશે તો.

એક વ્યક્તિને જોતાં બે-પાંચ સેકંડ દુર્વિચાર—તિરસ્કાર આવ્યો. સાધક તરત જ જાગૃત બની જાય. અરે, તિરસ્કાર ! મારી ભીતર ? કોના માટે ? એ વ્યક્તિ તો ભવિષ્યના સિદ્ધ ભગવંત છે. દુર્વિચાર

છૂ. પણ સાધકની જાગૃતિ ઓછી પડે તો એ દુર્વિચાર ૨-૪ મિનિટ સુધી લગાતાર ચાલીને દુર્ભાવ બને.

'નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...' ઉપયોગમાં વિકલ્પો નથી, તો કર્મનો પ્રવેશ ક્યાંથી ? અને બીજી વાત : સત્તામાં રહેલું કર્મ ઉદયમાં આવશે, તે વખતે પણ ઉપયોગને ઉદયમાં લઈ જવાને બદલે, પોતાના સ્વરૂપમાં લઈ જવાશે તો...? પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ અષ્ટપ્રવચન માતાની સજ્ઝાયમાં કહે છે : 'મોહ ઉદયે અમોહી એહવા, શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે...' જ્યારે ઉપયોગ શુદ્ધ સ્વરૂપ ભણી ગયો, તો મોહના ઉદય સમયે પણ સાધક મોહની એવી અસરમાં નહિ.

• • •

# 3

# આધાર સૂત્ર

*એકતાજ્ઞાન નિશ્ચય દયા,*
*સુગુરુ તેહને ભાખે;*
*જેહ અવિકલ્પ ઉપયોગમાં,*
*નિજ પ્રાણને રાખે... ૪/૧૦*

નિશ્ચય અહિંસા એટલે એકત્વાનુભૂતિ, આત્માનુભૂતિ. આત્માનુભૂતિ માટે સાધક અવિકલ્પ ઉપયોગમાં રહે છે.

# 3 ‘તબ દેખે નિજ રૂપ...

બૌદ્ધ ભિક્ષુ ગુરુના ખંડમાં જવા ઇચ્છે છે : કશુંક પૂછવું છે એને. એણે દ્વાર ખોલ્યું. ગુરુ ઊભેલા જ હતા સામે. એમણે ભિક્ષુનો ચહેરો જોયો. એ ચહેરા પર પ્રશ્નો હતા; પણ જિજ્ઞાસાના સ્તરના; જેનો કોઈ અર્થ નહોતો.

ગુરુએ દરવાજો બંધ કરવાનું વિચાર્યું. શિષ્યને પ્રશ્ન પૂછવાની ઉતાવળ છે. એણે દરવાજો બંધ થતો રોકવા હાથ વચ્ચે નાખ્યો. દરવાજો બંધ થઈ રહેલો હતો. તેની એક આંગળી એમાં આવી ગઈ. ચગદાઈ ગયો ટેરવાનો ભાગ. શિષ્ય એ તરફ જોવા લાગ્યો : કેવું લાગ્યું છે તે જોઈ રહ્યો છે એ.

એ સમયે ગુરુએ કહ્યું : 'ત્યાં શું જુએ છે ? જેને જોવાનો છે, તેને જો !' ગુરુનું આ કથન. શિષ્યને એ સ્પર્શી ગયું. બહાર શું જોવાનું છે ? ભીતર જ જોવાનું છે ને ! એ અંદર ઊતરી ગયો. પામી ગયો.

આ જ લયમાં 'અધ્યાત્મબિન્દુ' ગ્રન્થ કહે છે : આત્મતત્ત્વની પ્રાપ્તિ સિવાય બીજું કંઈ પામવાનું નથી. આત્મતત્ત્વના દર્શન સિવાય બીજું કંઈ જોવાનું નથી.(૧)

માત્ર 'એ' જ દેખાય, આત્મતત્ત્વ જ; બીજું કંઈ નહિ. શી રીતે બને આવું ? 'સમતા શતક' ગ્રન્થ કહે છે : 'દેખે નહિ કુછ ઔર જબ, તબ દેખે નિજ રૂપ...' બીજું કંઈ ન દેખાય; ત્યારે પોતાનું રૂપ દેખાય.

અર્જુનના જીવનની ઘટના યાદ આવે. ગુરુ દ્રોણ શિષ્યોની ધનુર્વિદ્યાની પરીક્ષા કરી રહ્યા છે. વૃક્ષ પર માટીનું પંખી મુકાયેલું, જેની ડાબી આંખ વીંધવાની હતી. ગુરુએ ભીમને પૂછ્યું : 'શું દેખાય

---

(૧) किं मुग्ध ! चिन्तयसि काममसद्विकल्पां-
स्तद् ब्रह्मरूपमनिशं परिभावयस्व ।
यल्लाभतोऽस्ति न परः पुनरिष्टलाभो,
यद्दर्शनाच्च न परं पुनरस्ति दृश्यम् ॥ १/२९

છે ?' ભીમ કહે : 'મને શું ન દેખાય ? મને બધું જ દેખાય છે. ઝાડ, ડાળી, પંખી, એની પાંખ, ચાંચ...' ગુરુ દ્રોણ સમજી ગયા કે ભીમ લક્ષ્યને નહિ વીંધી શકે.

છેલ્લે અર્જુન આવ્યો. ગુરુએ પૂછ્યું તેને : 'શું દેખાય છે?' અર્જુનને માત્ર માટીના પંખીની ડાબી આંખ દેખાતી હતી. બીજું કશું જ નહિ... ન ઝાડ, ન ડાળ, ન પંખી, ન એની ચાંચ, ન એની કલગી... ન એની જમણી આંખ... એને દેખાય છે માત્ર ડાબી આંખ. ગુરુ સમજી ગયા કે આ વિદ્યાર્થી લક્ષ્યને વીંધી શકશે.

અને, અર્જુન લક્ષ્યને વીંધી શક્યો.

તમે જડ કોઈ તત્ત્વમાં ચિત્તને ન પરોવો, તો – અને તો જ તમારા ચૈતન્ય સ્વરૂપને જોઈ શકો. 'દેખે નહિ કુછ ઔર જબ, તબ દેખે નિજ રૂપ...'

• •

સ્તવનાકાર મહર્ષિએ પરમાત્મદર્શન માટે પણ આવી અનન્ય દશાની વાત કરી છે. અને પરમાત્મદર્શન દ્વારા જ નિજ સ્વરૂપનું દર્શન થાય છે ને !

મઝાનું સૂત્ર ગુજરાતી ભાષામાં તેમણે આપ્યું છે : 'ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ, સલુણા; નયન ચાહે પ્રભુ નીરખવા રે, દ્યો દરિસન મહારાજ !...'

નયન, મન અને ચિત્ત... ઇન્દ્રિયોના સ્તર પર પ્રભુદર્શનની ઉત્કંઠા, મન અને ચિત્તના સ્તર પર પણ એ ઉત્કંઠા; દર્શન-સુખ ક્યાં દૂર છે ? લાગે કે ઓહ્ ! 'એ' તો દૂર ક્યાં હતા જ ! આપણે

જ અલગાવ-બિન્દુ રાખીને બેઠા હતા. આપણી બાજુ સજ્જતા થઈ ગઈ; એ તૈયાર જ હતો !

આંખ 'એ'ને જ જોવા ચાહે...

'અખિયાં પ્રભુ દરિસન કી પ્યાસી...

કેવી પ્યા...સ ?

ચાતક પંખી જેવી. કહે છે કે ચાતક પંખીને ગળા પાસે કાણું હોય છે. એથી જીભ/ચાંચ વાટે તે પાણી પીશે. પણ ગળાના કાણા વાટે તે પાણી નીકળી જશે. તો ચાતકને ન સરવરનું પાણી કામ આવે. ન નદીનું. ન ઝરણાનું. શું કરે ચાતક ? એ મેઘની રાહ જોતું બેઠું રહે. વરસાદ નવલખધારે તૂટી પડે ત્યારે તે ઊંધું પડી જાય અને વર્ષાનાં બુંદને પોતાના અસ્તિત્વમાં ઝીલે.

જેવું ચાતકનું વ્રત છે, તેવું વ્રત છે ભક્તનું. જોવા છે, પણ માત્ર પ્રભુ. દુનિયા નહિ.

મનના સ્તર પર ઝંખના પણ પ્રભુના ગુણ-દર્શનની. ચિત્તના સ્તરે તીવ્ર ઝંખના પ્રભુગુણોને આત્મસાત્ કરવાની.

• •

છાન્દોગ્ય ઉપનિષદે આત્માનુભૂતિ માટેનાં ત્રણ ચરણો બતાવ્યાં છે. પ્યારું સૂત્ર છે ત્યાં : 'आत्मरतिः आत्मक्रीडः आत्मानन्दः स्वराट्'.

આત્મરતિ, આત્મક્રીડ અને આત્માનન્દ સાધક સ્વનો માલિક છે. ગણિત સાફ છે : ચેતનાનું સ્વમાં જવું; તમે સમ્રાટ. ચેતનાનું પરમાં જવું; તમે પરિગ્રહી. બંદીવાન.

પરિગ્રહની મઝાની વ્યાખ્યા આપણે ત્યાં છે : ચેતનાનું પરમાં જવું તે પરિગ્રહ. વસ્ત્ર પહેરાય એનો વાંધો નહિ. કાયાને પહેરાવ્યું તમે. પણ એ સારું છે એવો ભાવ ઊઠ્યો તો...? ચેતના પરમાં ગઈ.

ત્રણ ચરણો આપ્યા છે અહીં સમ્રાટ બનવા માટેનાં : પોતાનું સામ્રાજ્ય પોતાની પાસે. આત્મરતિ, આત્મક્રીડા અને આત્માનન્દ.

પહેલું ચરણ મનના, અનુપ્રેક્ષાના સ્તરનું છે. આત્મતત્ત્વ પર અનુપ્રેક્ષણ થાય અને એક સુખાસિકા ભીતર છવાય. પરમાં કેવી તો પીડા છે ! જ્યારે ભીતર, સુખ જ સુખ... 'અધ્યાત્મસાર', 'અધ્યાત્મબિન્દુ', 'અધ્યાત્મોપનિષદ્' જેવા ગ્રન્થોનો સ્વાધ્યાય; એ સ્વાધ્યાયને પરિપુષ્ટ કરનારી અનુપ્રેક્ષા... આ પહેલું ચરણ.

બીજું ચરણ અનુભૂતિના પ્રદેશ તરફ લંબાય છે. આત્મક્રીડા. અનુપ્રેક્ષાના ચરણને અતિક્રમીને સાધકનું અનુભૂતિના પ્રદેશ ભણી જવું. આત્મગુણો – સમભાવ આદિ – માં સરાય; થોડીવાર તેમાં રહેવાય... પ્રારંભિક સાધક વધુ સમય આ ભૂમિકા પર સ્થિર નથી રહી શકતો. નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર સ્વગુણોમાં સરવાનું હતું. થોડા સમય પછી વિકલ્પો ચાલુ થઈ ગયા; એમાં વહેવાનું પણ થયું.

ફરી અભ્યાસ કરીને સ્વગુણસ્થિતિમાં જવાય... આ અભ્યાસનું ચરણ તે આત્મક્રીડા.

અને, અભ્યસ્ત દશામાં ઘણો સમય સ્વરૂપસ્થિતિમાં રહેવાય તે આત્માનન્દ દશાનું ચરણ.

આખરે તો, સહજ સ્થિતિ એ જ તો લક્ષ્ય છે. તમારું તમારામાં હોવું. being.

• • •

આત્માનુભૂતિની આ પૃષ્ઠભૂ પર આ પ્યારી કડી મમળાવવી બહુ જ ગમશે :

એકતાજ્ઞાન નિશ્ચય દયા,
સુગુરુ તેહને ભાખે;
જેહ અવિકલ્પ ઉપયોગમાં,
નિજ પ્રાણને રાખે...

એકત્વાનુભૂતિ એ જ છે નિશ્ચય અહિંસા. પરમાં ઉપયોગ ગયો; રાગ-દ્વેષને લઈને; હિંસા આત્મસ્વરૂપની થઈ ગઈ.

એકત્વાનુભૂતિ. આત્માનુભૂતિ... સ્વરૂપ દશાના અનુભવની એક અખંડાકાર ધારા ચાલવી જોઈએ ભીતર.

કેવો અનુભવ હોય છે એ ?

નિર્મળ – શુદ્ધ આત્મદશાની સતત અનુભૂતિ ત્યાં થયા કરે છે. રાગ, દ્વેષના મેલથી ઉપર/અળગા રહેલ તમારા આત્મસ્વરૂપને તમે એ રીતે અનુભવો છો.

વિકલ્પો આવી જાય છે ત્યારે એ અખંડાકાર ઉપયોગમાં ભંગાણ પડે છે. એ ભંગાણ ન પડે એ માટે ઉત્તરાર્ધમાં કહ્યું : ‘જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે.’ નિર્વિકલ્પતાની ધારા ચાલવી જોઈએ. ઉપયોગમાં જ્ઞાનાદિ ગુણો જ ઝલકે કે સ્વરૂપ દશા ઝલકે; વિકલ્પો ન ઝલકે.

‘ધર્મપરીક્ષા’ ગ્રન્થમાં કહેવાયેલી મઝાની વાત યાદ આવે : સમુદ્રમાં, પવન ન હોય ત્યારે, જળતરંગો સ્થિર હોય છે; તે રીતે

વિભાવો ભીતર ન હોય તો વિકલ્પો ક્યાંથી થાય ? અને એ વિકલ્પોના અભાવમાં રતિ અને અરતિ ક્યાંથી હોય ?(૨)

પછી હોય આનંદ જ આનંદ. આત્માનુભૂતિ એટલે આનંદથી છલક છલક છલકાતી અવસ્થા. ભીતરનો એ આનંદ સાધકના ચહેરા પરથી દદડી રહ્યો હોય પ્રસન્નતા રૂપે.

• •

'એકતાજ્ઞાન નિશ્ચય દયા, સુગુરુ તેહને ભાખે...' એકત્વાનુભૂતિ, આત્માનુભૂતિ તે જ નિશ્ચય અહિંસા. સ્વરૂપનો અપરિત્યાગ. એથી જ હિંસાની વ્યાખ્યા થશે સ્વરૂપનો પરિત્યાગ. વિભાવમાં ગયા એટલે હિંસા જ હિંસા.

સ્વરૂપ સાથેની એકતાનો અનુભવ તે એકત્વાનુભૂતિ.

• •

મઝાની વાત એ છે કે જ્યારે આપણે એકાગ્રતા જેવો શબ્દ વાપરીએ છીએ ત્યારે પણ, ધ્યાનના સન્દર્ભમાં તો, ત્યાં એક એટલે આત્મા જ થાય છે. અને એટલે જ, કોઈ પદ આદિમાં ડૂબીને – એકાગ્ર બનીને સાધક સ્વરૂપમાં ડૂબે છે. અને એ જ એની એકાગ્રતા છે.

જેમ કે, 'तित्थयरा मे पसीयंतु' જેવા કો'ક પદમાં સાધક એકાગ્ર બન્યો. એની આ એકાગ્રતા આગળની એકાગ્રતા માટે પૃષ્ઠભૂ બનશે.

---

**( २ ) जलहिंमि असंखोभे, पवणाभावे जह जलतरंगा ।**
**परपरिणामाभावे णेव वियप्पा तया हुंति ॥ १७ ॥**
**का अरती आणंदे केवत्ति वियप्पणं ण जत्थुत्तं ।**
**अण्णे तत्थ वियप्पा पुग्गलसंजोगजा कत्तो ॥ १८ ॥**

આ એકાગ્રતા પણ અદ્‌ભુત છે કે ત્રિભુવનવ્યાપી મનને એણે એક પદમાં, એક વિષયમાં કેન્દ્રિત કર્યું. પછી જપના પદને છોડીને સમભાવ આદિ આત્મગુણોમાં લસરવાનું થાય તે સાધ્ય એકાગ્રતા.

આ સાધ્ય એકાગ્રતા તે જ આત્માનુભૂતિ. એ છે અહિંસા. સ્વરૂપથી ચ્યુત થવું તેને હિંસા કહેવાઈ. સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવું તે અહિંસા.

• • •

## ૪

# આધાર સૂત્ર

*આતમરામ અનુભવ ભજો,*
*તજો પર તણી માયા;*
*એહ છે સાર જિનવચનનો,*
*વળી એહ શિવછાયા... ૪/૧૫*

આત્મતત્ત્વના અનુભવને પ્રાપ્ત કરો. 'પર'ની પ્રીતિને ત્યજો. જિનેશ્વર પ્રભુનાં વચનોનો આ જ સાર છે. અને આવી અનુભવ દશા તે જ મુક્તિસુખના અનુભવનું પ્રતિબિંબ – નમૂના જેવું છે.

**સર્વ આચારમય પ્રવચને,**
**ભણ્યો અનુભવ યોગ;**
**તેહથી મુનિ વમે મોહને,**
**વળી અરતિ-રતિ-શોગ...૪/૧૩**

પ્રવચનમાં અનુભવયોગની વાતો થઈ છે. એ અનુભવયોગ મોહને શિથિલ કરે અને રતિ, અરતિ, શોકને હટાવે.

**સૂત્ર અર્થ પરાવર્તના,**
**સરસ શેલડી દાખી;**
**તાસ રસ અનુભવ ચાખીએ,**
**જિહાં એક છે સાખી...૪/૧૪**

સૂત્ર અને અર્થની પરાવર્તના એ છે સરસ શેરડી. તેનો રસ છે અનુભવ. તે ચાખો. જ્યાં તમે પોતે જ સાક્ષી છો.

# ૪ આત્માનુભૂતિ

યોગાચાર્ય ગુર્જિએફે એક સઘન સાધના સાધકોને આપવા વિચાર્યું. ચુનંદા સાધકો આવેલા. ત્રીસ દિવસની સાધના હતી. સાધનાની પૂર્વસન્ધ્યાએ ગુર્જિએફે સાધકોને સમજાવ્યું કે પોતે કઈ રીતે એમને ભીતર ડુબાડવા ઈચ્છતા

હતા. સાધનાના ઊંડાણ તરફ એ રીતે ધ્યાન આપવાનું હતું કે ત્રીસ દિવસ ભીતર ને ભીતર જ ઊતરાયા કરાય.

પહેલાંની સાધનામાં સાધકોને દરેકને અલગ અલગ સાધનાખંડ અપાતો હતો. મૌન પણ ઘૂંટવાનું રહેતું. આ વખતે તો ત્રીસ સાધકોએ ત્રીસ દિવસ સુધી એક જ હૉલમાં રહેવાનું હતું. સાધકોને બીજા કોઈ છે એની હાજરીનો અણસાર પણ ન આવવો જોઈએ એવું ગુર્જિએફે સૂચવેલું.

બીજા ઓગણત્રીસ જણા જોડે હૉલમાં રહેવાનું. ને બીજાની હાજરીનો ખ્યાલ ન આવવો જોઈએ. બોલવાની કે ઈશારાની તો વાત જ નહોતી. અને જેને બીજાનો ખ્યાલ આવી જાય તે હૉલ છોડીને જતો રહે એમ યોગાચાર્યે કહેલું.

સાધનામાં ઊંડાણ એ રીતે ગુરુ લાવવા માગતા હતા કે પરના રસને કારણે તમારી નજર પર ભણી જાય છે. એ રસ તમારો નષ્ટ થયેલો હોવો જોઈએ.

અઠવાડિયામાં પચીસેક સાધકો હૉલ છોડી જતા રહ્યા. પાંચેક સાધકોએ ત્રીસ દિવસની સાધના પૂર્ણ કરી.

એકત્રીસમા દિવસની સવારે ગુર્જિએફ પાંચ પૈકીના એક ચુનંદા સાધક ઓસ્પેન્સ્કીને લઈને એ તિફલીસ શહેરની ગલીઓમાં ફરવા નીકળ્યા. સવારના આઠ-સાડા આઠનો સમય હશે. દુકાનો ખૂલી ગયેલી. વેપારીઓ માલ આપી રહ્યા છે. ગ્રાહકો ખરીદી કરી રહ્યા છે.

ઓસ્પેન્સ્કી આ બધું જુએ છે અને કહે છે : આખું શહેર બદલાઈ ગયું લાગે છે ! મહિના પહેલાનું શહેર જ જાણે કે આ નથી.

ગુર્જિએફ હસીને બોલ્યા : શહેર બદલાયું નથી. તું બદલાઈ ગયો છે. ધ્યાન દશામાં જવાને કારણે તને આ બધું જ અસાર લાગી રહ્યું છે.

• •

સાધનાનું ઊંડાણ બહિર્ભાવની નિરર્થકતા હૃદયમાં પ્રતિભાસિત કરી શકે. લાગે કે શો અર્થ આનો ?

પાંચ-દસ જણાએ તમને સારા કહ્યા તો પણ એનો શો અર્થ ? તમારી સાધનાને જે ઊંચકી શકે એ જ તમારા માટે મહત્ત્વનું.

પણ આવી આન્તર દશા ક્યારે થાય ?

સાધના અનુભૂતિનો સ્પર્શ પામે ત્યારે.

• •

સાધનાના અનુભવની મઝાની કેફિયત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રીપાળ રાસમાં આપી :

તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો;
એ શ્રીપાળનો રાસ કરંતાં, જ્ઞાન અમૃતરસ વૂઠો રે...

એ ભક્ત-હૃદય કહે છે : પ્રભુએ મારા પર પ્રસાદ વરસાવ્યો. એ પ્રસાદ એટલે શું ? એ પ્રસાદ એટલે સાધનાના ઊંડાણ દ્વારા મળતી આત્માનુભૂતિ.

આ આત્માનુભવ દ્વારા જ મોહનું જોર ધીમું પડે છે. અને એ માટે જ આ જન્મ છે. એક વિચારણીય વાત એ છે કે અગણિત જન્મો અતીતની યાત્રામાં પસાર થયા; એ કરતાં આ જન્મ કઈ રીતે મહત્ત્વપૂર્ણ છે ?

પૂર્વના જન્મોમાં આપણી પાસે કોઈ વિકલ્પ નહોતો. જડ પ્રત્યેનો રાગ અને ચેતના પ્રત્યેનો દ્વેષ; આ જ એક ધારા ચાલતી હતી. આ જન્મમાં ભીતરના આનન્દનો આછોસો આસ્વાદ મળ્યો; પરિણામે, અગણિત જન્મોની એકધારી ચાલ વિશે મર્મગ્રાહી ચિંતન શરૂ થયું.

વર્ષોથી અંધારા ઓરડામાં રહેનાર માણસ જેમ તેનો આદી બની જાય છે, તેવું આપણા માટે હતું. પણ અચાનક ઝળાંહળાં રોશનીથી ઓરડો ઝગી ઊઠ્યો. હવે અંધારું કેવું ખટકશે ? એમ જ આપણને આ નવો અનુભવ – આનંદમય અનુભવ એવો ગમશે કે રતિ, અરતિની પીડાનો અંધકાર છૂ થઈ જશે.

● ●

અનુભવ:

બહુ જ મઝાની કેફિયત હતી શ્રી રામ શર્મા આચાર્યજીની. પત્રકાર શ્રી કાન્તિ ભટ્ટ ઋષિકેશ ગયા. ધર્મશાળામાં ઉતારો લીધો. સીધા શ્રી રામ શર્માજી પાસે ગયા. પૂછ્યું : ગંગાજી વિશે કંઈક કહો !

શ્રી રામ શર્માએ સામે પૂછ્યું : ગંગાજીમાં સ્નાન કર્યું ? કેટલો સમય ગંગાજીના પ્રવાહમાં રહ્યા ? કાન્તિ ભટ્ટે કહ્યું : ગંગાસ્નાન હજુ બાકી છે. રામ શર્માજીએ કહ્યું : ગંગાજીમાં ડૂબકી લગાવો. ગંગાજી પોતે જ કહેશે કે તે શું છે.

આ જ વાત કબીરજીએ કહી છે : 'ગૂંગે કેરી સરકરા.' મૂંગો માણસ. સાકર ખાધી. હવે એને કોઈ પૂછે કે સાકર કેવી લાગી ? એ શું કહેશે ? એના ચહેરા પર પ્રસન્નતાના ભાવો છલકાતા હશે.

પણ શબ્દો જ એની પાસે નથી; તો કયા શબ્દોમાં એ સાકરની મીઠાશની વાત કરે ?

આત્માનુભૂતિવાન વ્યક્તિની આ જ મૂંઝવણ હોય છે : એ કયા શબ્દોમાં અનુભૂતિને મૂકે ? એ કદાચ કહે : આનંદ, પરમ આનંદ, સર્વોચ્ચ આનંદ... પણ એનો અનુવાદ અનુભૂતિવિહોણી વ્યક્તિ શી રીતે કરશે ?

મારી પોતાની વાત કરું તો, આનંદ નામની સંઘટનાને હું રતિભાવનું સર્વોચ્ચ શિખર કલ્પતો હતો. મનગમતો પદાર્થ કે વ્યક્તિ મળે અને જે રતિભાવ થાય, એનું સર્વોચ્ચ શિખર તે આનંદ આવી મારી કલ્પના હતી.

આજે ખ્યાલ છે કે સંયોગજન્ય પરિસ્થિતિ જે છે તે રતિ, હર્ષ, સુખની સંઘટનાને પેદા કરી શકે; અસંયોગજન્યતા—જ આનંદની પૃષ્ઠભૂ છે.

• •

ચાલો, આત્માનુભૂતિનો પ્રારંભ શી રીતે કરવો ? પહેલાં ગુણાનુભૂતિ અને પછી સ્વરૂપાનુભૂતિ એવો પણ એક ક્રમ છે. અને લાગે કે પ્રારંભિક સાધક માટે એ ક્રમ બરોબર છે.

અસાધક શું કરે છે ? એક પદાર્થને જાણતાંની સાથે જ, તેનું સારા કે ખરાબમાં વર્ગીકરણ કરી નાખે છે. અને પછી રતિ કે અરતિ કરી રાગ-દ્વેષની ધારામાં તે વહે છે.

સાધક માટે પદાર્થ પદાર્થ જ છે. નથી તે સારો. નથી ખરાબ.

શરીર છે; ભૂખને સંતોષવા કશુંક લેવું પડે ત્યારે એ લઈ લે છે; પણ એમાં સારાપણા કે ખરાબપણાની બુદ્ધિ તેની નથી હોતી. આ છે સાધકનો જ્ઞાતાભાવ. જ્ઞેયોને નિર્લેપભાવે જાણવાની અદ્‌ભુત કળા.

આ નિશ્ચયદષ્ટિને વ્યવહારનું મઝાનું પૃષ્ઠબળ મળે. બે જાતનાં વસ્ત્રો મળતાં હોય ત્યારે સાધક જાડાં અને બરછટ વસ્ત્રો પર પહેલી પસંદગી ઉતારશે. સુંવાળાં, ઝીણાં વસ્ત્રો પર નહિ.

એક સંતને એક ભક્તે કાશ્મીરી શાલ ભેટ આપી. શિયાળો સામે આવતો હતો. સંત પાસે એક જ શાલ હતી; જે તાર તાર થઈને ફાટી ગઈ હતી. તેઓ એકથી વધુ શાલ ક્યારેય રાખતા નહિ. ભક્તે કાશ્મીરી શાલ ભેટ આપી.

બે શાલ તેમને આપવામાં આવી હોત તો તેઓ સાદી શાલ જ પસંદ કરત. પરંતુ એક જ શાલ હતી. ભારે શાલ તેમને પસંદ નહોતી; છતાં લેવી પડી.

મઝાની ઘટના બીજા દિવસે ઘટી. ભક્ત બીજા દિવસે સંતનાં દર્શન માટે આવ્યા ત્યારે એણે જોયું કે સંત એ જ શાલ – પોતે આપેલ – પહેરીને બેઠા હતા; પરંતુ શાલ પર મોટો કાળો ધબ્બો હતો. આવો ડાઘ શી રીતે પડે ?

તેણે પૂછ્યું ત્યારે મરક મરક હસતાં સંતે કહ્યું : નાનું બાળક રૂપાળું હોય ત્યારે એને કોઈની નજર ન લાગે એ માટે મેસનું ટપકું ગાલે લગાવીએ છીએ ને ! એ રીતે આના પર મારી આસક્તિસભર નજર ન લાગે માટે આ ધબ્બો કર્યો છે.

● ●

જ્ઞાતાભાવ.

માત્ર જાણવાનું.

જ્ઞેયોમાં રાગ-દ્વેષ ન ભળે એ રીતે.

આ મઝાનો ગુણ.

આવી જ રીતે, ગુણાનુભૂતિની ધારામાં તમે ઉદાસીન દશાની, આનંદની, વીતરાગ દશાની ધારામાં વહી શકો.

આ ગુણાનુભૂતિ પછી થશે સ્વરૂપાનુભૂતિ. અમલ, અખંડ, અલિપ્ત સ્વરૂપની અનુભૂતિ.

● ●

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ :

આતમરામ અનુભવ ભજો,
તજો પર તણી માયા;
એહ છે સાર જિનવચનનો,
વળી એહ શિવછાયા...

શ્રુતપારદશ્વા મહોપાધ્યાયજી જિનવચનોનો સાર માત્ર અર્ધી કડીમાં આપણને આપે છે : 'આતમરામ અનુભવ ભજો, તજો પર તણી માયા...'

સ્વમાં જાવ, પરને છોડો.

પ્રશમરતિ પ્રકરણે આ માટે એક મઝાનો માનદંડ આપ્યો : તે જ વિચારવું, તે જ બોલવું, તે જ કરવું; જે દ્વારા સ્વભણી જવાય.

બોલી રહ્યો છે સાધક. શાસ્ત્રીય કોઈ પદાર્થ પર એ અનુપ્રેક્ષા આપી રહ્યો છે. શ્રોતા એની અનુપ્રેક્ષા અને રજૂ કરવાની કળાથી મુગ્ધ બની રહેલ હોય. વક્તાને, આ કારણે, અહંકાર આવતો હોય એવું લાગે તો તેણે ત્યાં પોતાના વક્તવ્યને રોકી દેવું જોઈએ. કોઈ પૂછે તો નિખાલસતાથી કહી દેવું જોઈએ કે મને આના કારણે અહંકાર આવે છે માટે નહિ બોલું.

સ્વમાં જવું, પરમાં ન જવું; આ જિનવચનનો સાર અને આ જ મોક્ષનો માર્ગ.

• •

સ્વનો અનુભવ શું કરે છે એની મઝાની વાત આ સૂત્રમાં આવે છે :

સર્વ આચારમય પ્રવચને,
ભણ્યો અનુભવ યોગ;
તેહથી મુનિ વમે મોહને,
વળી અરતિ-રતિ-શોગ...

પ્રભુના પ્રવચનમાં અનુભવયોગની વાતો ઘણી સરસ રીતે કહેવાઈ છે. એ અનુભવયોગ મોહને શિથિલ કરે છે અને એ શિથિલ થતાં જ રતિ, અરતિ, શોક એ બધા વિભાવો શિથિલ બને છે.

મોહની શિથિલતા માટેનો આ શ્રેષ્ઠ ઉપાય : અનુભવયોગ. આત્માનુભૂતિ.

તમારી પોતાની આનંદઘનતાનો અનુભવ તમને થશે, પછી તમે પરમાં કેમ જશો ? શરીર મોટું પુદ્ગલ છે, તો એના માટે નાનાં

પુદ્ગલો જોઈશે – આહારનાં, વસ્ત્રનાં –; પણ એ રહેશે બહાર. શરીરના સ્તર પર ખાવા-પીવાનું રહેશે. સાધકનો ઉપયોગ તો સ્વગુણોમાં જ સ્થિર થશે.

• •

શ્રુતજ્ઞાનમાં અનુભવ ન ભળે તો શું પરિણામ આવે તેની વાત કરતાં મહોપાધ્યાયજીએ શ્રીપાળ રાસમાં કહ્યું : 'સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને...' શ્રુતજ્ઞાનથી સ્પષ્ટતા નથી થતી. અનુભવ ઉમેરાય છે ત્યારે જ સ્પષ્ટતા આવે છે. કચ્છી સંત ડાડા મેકરણનું આ વિધાન યાદ આવે : 'અંદેસડા ન ભાંજીઇં, સંદેસડા કહિઇં...' પ્યારા શબ્દો દ્વારા હૃદયના સંશયો – ભીતરી અંધારું દૂર થતાં નથી.

મહોપાધ્યાયજીના શબ્દો યાદ આવે : 'પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો; જ્ઞાનમાંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠો રે...' ખીરના પાત્રમાં ભગવાન ગૌતમનો અંગૂઠો પડ્યો અને ખીર વધ્યા જ કરી. એ જ રીતે જ્ઞાનમાં અનુભવ ભળે ત્યારે જ જ્ઞાન વિકસિત થાય છે.

આ આત્માનુભૂતિ થતાં જ પર્યાયદૃષ્ટિ નષ્ટ થાય છે. અને એથી પર્યાયોની બદલાહટમાં નથી રતિ થતી કે નથી અરતિ કે શોક થતા. કોઈ પણ પર્યાયમાં સાધક અટવાતો નથી.

• •

આત્મદ્રવ્યની અનુભૂતિ.

પૂજ્યપાદ આનન્દઘનજી મહારાજ કહે છે :

'શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસો રે;
પર તણી છાંયડી જિહાં પડે, તે પરસમય નિવાસો રે...'

કેટલી અદ્‌ભુત વ્યાખ્યા સ્વ-સમય અને પર-સમયની ! શુદ્ધ આત્માનુભૂતિ અને એ પણ સદા માટે; આ છે સ્વ-સમય. જૈન દર્શન. અને પરની/પર્યાયોની છાયા જ્યાં પડે તે છે પર-સમય.

આત્મદ્રવ્યની અનુભૂતિના ઊંડાણને સ્પર્શતાં તેમણે એ જ સ્તવનામાં કહ્યું છે :

'દરિસન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે...'

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતો સાધક સમ્યગ્‌દર્શન આદિની પરિણતિધારામાં હોય છે ત્યારે આત્મસ્વરૂપ એક ઢાળમાં ઢળેલું હોય છે; પણ જ્યારે સાધક સમ્યગ્‌દર્શન આદિની ક્ષાયિક ધારામાં વહેતો હોય ત્યારે...? ત્યારે આત્મદશા ભિન્ન હશે. વિકલ્પોની પૃષ્ઠભૂ પર રહેલો સાધક મુખ્યતયા એક યોગને દૃઢ કરતો હોય - સમ્યગ્‌દર્શન અથવા જ્ઞાન કે ચારિત્રને – ત્યારે એ યોગને અનુરૂપ ભાવદશા, આત્મદશા એની હશે.

અગિયારમા ગુણઠાણાથી જે આત્મદશા અનુભવાય તે નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરની સ્વરૂપદશાની હોય. 'નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે...' આને અભેદ રત્નત્રયીની સાધનાનો રસ કહેવાય છે. આપણા સ્તર પર એની નાનકડી આવૃત્તિ શી રીતે આવે એની વાત 'જ્ઞાનસારે' કરી : "आत्मात्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना । सेयं रत्नत्रये ज्ञप्ति-रुच्याचारैकता मुनेः ॥" આત્મા આત્માને આત્મા વડે આત્માને વિશે જાણે તે અભેદ રત્નત્રયી.

• •

આત્માનુભૂતિ માટે, ધ્યાન દશામાં ઊંડે સુધી જવા માટે એક સરસ ક્રમની વાત અહીં થઈ છે. સૂત્રપરાવર્તના, અર્થપરાવર્તના અને ધ્યાન. મઝાનું સૂત્ર છે :

સૂત્ર અર્થ પરાવર્તના,
સરસ શેલડી દાખી;
તાસ રસ અનુભવ ચાખીએ,
જિહાં એક છે સાખી...

શાસ્ત્રીય ક્રમ સૂત્રપોરિસી અને અર્થપોરિસીનો છે. એક પ્રહર (દિવસનો ચોથો ભાગ) સુધી સૂત્રોને ગોખવાના. એ પણ ઘોષપૂર્વક. એ પછી એક પ્રહર અર્થાનુપ્રેક્ષા કરવાની.

એક પ્રહર - લગભગ ત્રણ કલાક - સુધી આ મન્ત્ર જેવાં સૂત્રોને બોલવાથી, રટવાથી ચિત્તવૃત્તિ શાન્ત બને.

ધ્વનિની પૃષ્ઠભૂ પર સાધનાને પણ ઊંચકવાની વાત અહીં છે. પાક્ષિક સૂત્રમાં પાંચે મહાવ્રતોના આલાપકમાં એક સરખા શબ્દો છે. મહાવ્રત-સ્વીકાર/મહાવ્રત-પાલન માટે જે ભૂમિકા જોઈએ, તેને ધ્વનિ નિષ્પન્ન કરે છે.

અર્થપોરિસીની એકાગ્રતાથી ધ્યાનમાં જવાય. એક પદના ઊંડાણમાં સાધક ચાલ્યો જાય; શબ્દ અને તેનો અર્થ છૂટું-છૂટું થઈ રહ્યો હોય અને ધ્યાન દશાનો સ્પર્શ થઈ રહે.

સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં મઝાની વાત આવે છે. મુનિરાજ અર્થાનુપ્રેક્ષાના ઊંડાણમાં સરી ગયા છે. થોડીવાર એ દશામાં રહેવાય તો ધ્યાન દશા સ્પર્શે તેમ છે. ત્યાં જ તેમને ગોચરી વહોરવા જવા કહેવાયું.

એ વખતે બે વિકલ્પો છે : ગોચરી તેના પેટા, અર્ધ પેટા આદિ નિયમો વડે લાવવામાં આવે તો વધુ સમય લાગે એમ છે અને તો ધ્યાનદશા તરફ જઈ શકાય તેમ નથી અને જો ગોચરી નજીકના ઘરોમાંથી લઈ અવાય ફટાફટ; ગોચરીનાં પાત્ર મૂકી દેવાય; ગોચરી આલોચી લેવાય અને ઇરિયાવહી કરી અર્થાનુપ્રેક્ષાનો તન્તુ સાધી ધ્યાન દશામાં સરકી શકાય.

ત્યાં પૂછવામાં આવ્યું કે મુનિ શું કરે ? જવાબમાં કહેવામાં આવ્યું કે ગોચરી જલદી લાવીને ધ્યાન દશામાં સરવાનો પ્રયત્ન થવો જોઈએ.[૧]

• •

સૂત્ર અને અર્થના પરાવર્તનને શેરડી કહી. 'તાસ રસ અનુભવ ચાખીએ...' તેનો રસ છે તે આત્માનુભૂતિ છે. કો'ક પદ કે તેના અર્થને લઈને સાધક ભીતર, ભીતર, ભીતર વહે. અને સ્વગુણનો સ્પર્શ કરી લે. 'જિહાં એક છે સાખી.' જ્યાં આત્મા પોતે જ સાક્ષી છે.

• •

---

(૧) ગુરુકુલવાસે જ્ઞાનાદિક ગુણ, વાચંયમને વાધે રે;
તો આહારતણો પણિ દૂષણ, ખપ કરતાં નવિ બાધે રે...
- સાડા ત્રણસો ગાથાનું સ્તવન ૯૦ (૫-૧૪)

ગોચરીએ નીકળેલ સાધુના ચિત્તમાં કોઈક ધ્યાનની લહેર આવતાં વિચારે કે ઘણા ઘરે ફરવા રહીશ તો આ લહેર પુનઃ નહિ આવે. આમ વિચારી સૂક્ષ્મ દોષ સહિતનો પણ આહાર વહોરી લે તો કોઈ બાધ નથી. કર્મબંધનું કારણ નથી. સૂયગડાંગ સૂત્રમાં આ વાત છે : अहाकम्माणि भुंजंति, अण्णमण्णे सकम्मुणा । उवलित्तेति जाणेज्जा, अणुवलित्तेति वा पुणो ॥ – ઉપરોક્ત ગાથા પરનો પં. પદ્મવિજય મહારાજ કૃત સ્તબક

સાધનામનીષી પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે આત્માનુભૂતિ માટે આ ક્રમ બતાવ્યો છે : પ્રાથમિક કક્ષાનો વૈરાગ્ય, અનુભૂતિમાન પુરુષો પરની ભક્તિ અને આત્માનુભૂતિ.[૨]

પ્રાથમિક કક્ષાનો વૈરાગ્ય એટલે અપર વૈરાગ્ય. વિપાકની વિરસતારૂપ દોષદર્શનજનિત વૈરાગ્ય તે અપર વૈરાગ્ય છે અને આત્માનુભવજન્ય દોષદર્શનરૂપ વૈરાગ્ય એ પર વૈરાગ્ય છે.

વિષયોમાં ગમે તેટલા દોષ જોવામાં આવે પણ જ્યાં સુધી જીવને દેહાધ્યાસ છે, ત્યાં સુધી વિષયોનો અધ્યાસ પણ કાયમ રહે છે. જ્યાં સુધી દેહમાં હુંપણાની કે મારાપણાની બુદ્ધિ છે, ત્યાં સુધી વિષયોમાં અહંત્વ-મમત્વ રહેવાનું જ.

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય વિષયોના સંગથી દૂર રહેવા પૂરતું પ્રારંભિક અભ્યાસનું કાર્ય કરી આપે છે, તેટલા પૂરતી પ્રારંભકાળે તેની અનિવાર્ય ઉપયોગિતા છે. કેમ કે વિષયોના સંગમાં રહીને આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય છે.

પરંતુ વિષયોનો સંગ છૂટ્યા પછી તેની આન્તરિક આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને આત્માનુભૂતિવાળા પુરુષોની ભક્તિ વિના આત્માનુભૂતિ પણ નીપજતી નથી. તેથી પ્રાથમિક કક્ષાનો વૈરાગ્ય, આત્માનુભૂતિવાન પુરુષોની ભક્તિ અને આત્માનુભૂતિ એ ક્રમ છે.

• • •

---

(૨) આત્મઉત્થાનનો પાયો, પૃ. ૧૮૦-૮૧.

## ૫

## આધાર સૂત્ર

*નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી,*
*પાળે જે વ્યવહાર;*
*પુણ્યવંત તે પામશેજી,*
*ભવસમુદ્રનો પાર. ૫/૪*

હૃદયમાં નિશ્ચય દૃષ્ટિ (સાધ્ય/લક્ષ્ય તરફની ચોક્સાઈ) ધરીને જે વ્યવહારને પાળે છે; તે પુણ્યવાન ભવસમુદ્રના પારને પામે છે.

*તુરંગ ચઢી જિમ પામીએજી,*
*વેગે પુરનો પંથ;*
*મારગ તિમ શિવનો લહેજી,*
*વ્યવહારે નિર્ગ્રન્થ. ૫/૫*

જેમ ઘોડા પર ચઢીને ક્યાંક જવાય તો તે નગરનો માર્ગ જલદી મળે છે. તે રીતે વ્યવહાર/ધર્મક્રિયાઓ દ્વારા મુક્તિનો માર્ગ જલદી મળે છે.

*મહેલ ચઢંતાં જિમ નહીંજી,*
*તેહ તુરંગનું કાજ;*
*સફળ નહિ નિશ્ચય લહેજી,*
*તેમ તનુકિરિયા સાજ. ૫/૬*

ચોક્કસ નગર આવી જતાં અને ત્યાં ઇચ્છિત મહેલ/ઘરમાં પ્રવેશ્યા પછી ઘોડાનું કામ નથી હોતું. એ જ રીતે નિશ્ચય/સાધ્ય મળ્યે છતે તે તે ધર્મક્રિયાઓ કરવાની હોતી નથી.

## ૫ | સ્વરૂપપ્રાપ્તિ ભણી

ડૉક્ટરે કહ્યું : બ્લડપ્રેશર વધુ રહે છે તેથી તમો રોજ સવારે ૪-૫ કિલોમીટર ફરો તો સારું રહેશે. દર્દીએ ડૉક્ટરની વાત સ્વીકારી પ્રાતઃભ્રમણ ચાલુ કરી દીધું. અઢી કિલોમીટર જવાનું, અઢી કિલોમીટર પાછા આવવાનું. ચાલવું એ જ લક્ષ્ય છે. ક્યાંય જવું નથી.

એની સામે, એક પદયાત્રીને કલ્પો. જેને સુરતથી અમદાવાદ જવું છે. રોજ થોડું એ ચાલશે. પણ એનું લક્ષ્ય નક્કી છે. વચ્ચે ગમે એટલા માર્ગો ફંટાતા હશે. એ અમદાવાદના માર્ગ ભણી જ જશે.

એક છે લક્ષ્ય વગરની યાત્રા. એક છે લક્ષ્ય પૂર્વકની યાત્રા.

સાધનાયાત્રાના સન્દર્ભે વિચારીએ તો, આપણી યાત્રાનું લક્ષ્ય શું છે ?

લક્ષ્ય પૂર્વકની યાત્રા હશે તો યાત્રાના દર પડાવે જોવાનું થશે કે મંજિલ તરફ સરકાયું કે કેમ.

● ●

એમ લાગે કે આપણી સાધનાયાત્રાની મંજિલ, કદાચ, આપણે નક્કી નથી કરી. આપણે કહીશું : આજે આયંબિલ કર્યું. દશ નવી ગાથાઓ કંઠસ્થ કરી. બે સામાયિક કર્યાં.

કોઈ દર્દી એમ નહિ કહે કે ‘મેં વિટામિન્સની સો ટીકડીઓ ગળી લીધી.’ સો ટીકડીઓ ગળ્યા પછી પણ શક્તિ નથી આવી, તો એ ડૉક્ટર પાસે ફરિયાદ કરશે : ‘આટલી ટીકડીઓ લીધી, પણ શરીરમાં સ્ફૂર્તિ તો આવી નહિ !’

એક હજાર સામાયિક એક વર્ષમાં કરનાર સાધકની આ ફરિયાદ શું નહિ હોય કે ગુરુદેવ ! હજાર સામાયિક કરવા છતાં સમભાવ મારો પ્રગાઢ કેમ ન બન્યો ?

● ●

સાધના-માર્ગને મંજિલ સાથે સાંકળતું આ પ્રસિદ્ધ સૂત્ર આજે જોઈએ :

નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી,
પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી,
ભવસમુદ્રનો પાર...

હૃદયમાં છે નિશ્ચયદૃષ્ટિ. લક્ષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા. અને વ્યવહારનું પાલન થઈ રહ્યું છે. મંજિલ તરફ દૃષ્ટિ રાખીને માર્ગ પર ચલાઈ રહ્યું છે.

શું છે મંજિલ ?

મંજિલ છે રાગ, દ્વેષ, મોહનો સંપૂર્ણ વિલય. અત્યારે સાધના-માર્ગે ચાલતાં મળશે રાગ, દ્વેષ, મોહની શિથિલતા.

ક્લેશક્ષય એ મંજિલ. સંપૂર્ણ ક્લેશોનો ક્ષય તે મુક્તિ. સ્વરૂપસ્થિતિ.

એ સ્વરૂપસ્થિતિ પૂર્ણ રૂપે અત્યારે ન મળે; પણ એની આંશિક ઝલક અત્યારે મળી શકે.

અમદાવાદથી એક યાત્રી ગાડીમાં મુંબઈ જવા માટે બેઠો. પહેલા કલાકે મુંબઈ નહિ જ આવે. પરંતુ પહેલા કલાકે મુંબઈ અને યાત્રીનું અન્તર તો ઘટશે જ.

આવું અહીં થાય છે ?

જેમ જેમ સાધનામાર્ગે આપણે આગળ વધ્યા; જોવું જોઈએ કે સ્વરૂપસ્થિતિ ભણી યાત્રા શરૂ થઈ ?

• •

આપણા પાંચે આચારો કેટલા તો મઝાના છે ! બધા જ આચારો સાધકને સ્વરૂપસ્થિતિ ભણી જ લઈ જાય છે.

જ્ઞાનાચાર.

એકાદ ગ્રન્થને તમે ઊંડાણમાં ખોલો. એની અનુપ્રેક્ષા ધારદાર બને. અને એ અનુપ્રેક્ષા અનુભૂતિમાં પલટાય.

જેમ કે, જ્ઞાનસારનો એક શ્લોક લીધો :

विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः, सः शमः परिकीर्तितः ॥

જ્ઞાનની પરિપક્વદશાને સમતા કહેવાઈ છે અહીં. એ પરિપક્વ દશાને બે વિશેષણો અપાયા : વિકલ્પોના વિષયને પેલે પાર ગયેલી અને સ્વભાવ દશાનું અવલંબન કરીને રહેલી.[૧]

અનુપ્રેક્ષા એ રીતે ઘુંટાશે કે વિકલ્પોને પાર શી રીતે જવું ? વિચારો આવ્યા જ કરે છે ત્યારે એમનામાં ભળવાને બદલે એમને જોવાના. અથવા જાપનું કોઈ નાનું પદ લઈ ઉપયોગને ત્યાં મૂકી વિચારોમાંથી મનને હટાવવું.

અને, ઉપયોગ પરમાં નહિ હોય તો સ્વમાં આવી જ જશે. અથવા એમ કહો કે સ્વમાં જ હોય.

આ આવું છે : ઝરણાને કાંઠે કોઈ વ્યક્તિ બેઠેલી હોય અને ઝરણાના ખળખળ વહેતા પ્રવાહનો મધુર નિનાદ સાંભળી શકે. પરંતુ બાજુમાંથી કોઈ વરઘોડો પસાર થતો હોય અને જોરદાર ઢોલ-વાજાં

(૧) विकल्पः... तस्य विषयः विस्तारः । – જ્ઞાનમંજરી ટીકા, પૂ. દેવચંદ્રજી

વાગતાં હોય તો ઝરણાનો અવાજ કેમ કરી સંભળાશે ? પણ વરઘોડો દૂર જતો રહે તો ઝરણાનો નાદ સંભળાય. તેમ ઉપયોગ પરમાં નહિ હોય ત્યારે સ્વમાં હશે જ.

આ થઈ અનુપ્રેક્ષા.

એ પછી અનુભૂતિ પ્રગટે. તમે શાન્ત થઈને બેસો. કરોડરજ્જુ ટટ્ટાર હોય. આંખો બંધ હોય. પંદરેક મિનિટ બેસો. વિચારો આવે તો તેમને જુઓ. વિચારોમાં ભળો નહિ. દિવસમાં બે-ત્રણ વાર આવી રીતે અભ્યાસ કરો.

વિકલ્પોને પાર જવું કેવું તો આસાન છે એ તમને અભ્યાસ દ્વારા જણાશે. સ્વિચ ઑફ કરી શકાય એવી સરળતાથી વિકલ્પોને ઑફ કરી શકાશે.

તો, આ રીતે, જ્ઞાનાચાર દ્વારા તમે સ્વગુણાનુભૂતિ સુધી પહોંચી શક્યા.

• •

દર્શનાચાર.

પ્રભુનાં પ્યારાં વચનોમાં અતૂટ શ્રદ્ધા.

પ્રભુનાં વચનોનો સાર આ છે : તું સ્વમાં જા. પરમાં તારા ઉપયોગને ન લઈ જા. સમાધિશતક ગ્રન્થમાં પ્રભુનાં વચનોનો સાર મૂકતાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું :

કેવળ આતમબોધ હૈ,
પરમારથ શિવપંથ;
તામેં જિનકું મગનતા,
સો હિ ભાવ નિર્ગ્રન્થ. ૨

નૈશ્ચયિક મોક્ષમાર્ગ છે માત્ર આત્મજ્ઞાન. તેમાં જે સાધક ડૂબી ગયો તે ભાવ નિર્ગ્રન્થ બની ગયો.

આની અનુપ્રેક્ષામાં એ વાત ઘુમરાશે કે આત્માનુભૂતિ કઈ રીતે કરવી ? અમલ અને અલિપ્ત આત્મદશાનો અનુભવ કઈ રીતે કરવો ?

કર્મોથી આપણે લિપ્ત છીએ એ વ્યવહાર નયની વાત છે. અશુદ્ધ નિશ્ચય નય કહેશે કે કર્મપરમાણુઓ તો જડ છે; એ આત્મા પર અસર કઈ રીતે કરી શકે ? હા, રાગ-દ્વેષાત્મક ભાવોની અસર સાધક પર પડી શકે. શુદ્ધ નિશ્ચય નય કહેશે કે આત્મા તો શુદ્ધ જ છે; રાગ-દ્વેષનો ઉદય આવી જાય તો પણ સાધક પોતાની ચેતનાને ઉદયાનુગત ન થવા દે. સ્વસત્તાનુગત જ રાખે.

જ્ઞાનસારે આ વાતને આ રીતે કહી : વ્યવહારદૃષ્ટિવાળો સાધક પોતાના આત્માને કર્મોથી, રાગદ્વેષથી લિપ્ત માને છે. નિશ્ચય-દૃષ્ટિવાળો સાધક આત્માને અલિપ્ત માને છે. 'अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः...'

આ થઈ અનુપ્રેક્ષા.

• •

ક્રોધનો ઉદય આવશે અને એ વખતે પણ સાધકની જાગૃતિ તેને ઉદયની પળોમાં રાખવાને બદલે ક્ષમારૂપ સ્વગુણના અનુભવ ભણી જવા પ્રેરશે તો અલિપ્ત દશાની અનુભૂતિ સાધકને થશે.

• •

પ્રભુનું દર્શન કરતાં પણ આત્માનુભૂતિ ભણી કઈ રીતે જઈ શકાય છે એની સરસ વાત પૂ. દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનાના પ્રારંભમાં કહી :

દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વીસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,
સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ...

સમાધિરસ – પ્રશમરસથી યુક્ત પ્રભુનું દર્શન થતાં પોતાના અનાદિથી વિસ્મૃત થયેલ સ્વરૂપનું ભાસન થાય. એના કારણે વિભાવથી મન હટે અને પોતાની સત્તાને હસ્તગત કરવાના માર્ગ પર ચાલવાનું થાય.

કેટલો મઝાનો માર્ગ !

• •

ચારિત્રાચાર.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી સુશોભિત ચારિત્રાચાર.

વચનગુપ્તિની સજ્ઝાયમાં પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ કહે છે :

અનુભવ રસ આસ્વાદતાં,
કરતાં આતમ ધ્યાન, સલુણા;
વચન તે બાધક ભાવ છે,
ન વદે મુનિ અનિદાન...

આત્મ-અનુભવના રસનો આસ્વાદન કરનાર સાધક એટલો તો ભીતર પહોંચી જાય છે; જ્યાં શબ્દો છૂટી ગયેલ હોય છે.

સમિતિઓને અપવાદ અને ગુપ્તિઓને ઉત્સર્ગરૂપ કહેલ છે; કારણ કે બોલવું પડે ત્યારે અને તો જ ભાષાસમિતિ પૂર્વક બોલવાનું. ચાલવાનું અનિવાર્ય હોય ત્યારે જ ઈર્યાસમિતિ પૂર્વક ચાલવાનું. એટલે સમિતિ અપવાદ. કારણિક વ્યવસ્થા.

સામાન્યતયા સાધક ત્રણે ગુપ્તિઓ વડે યુક્ત જ હોય.

ભીતર ઊતરેલ મુનિ શબ્દોની સપાટી પર કઈ રીતે આવી શકે? મઝાની વાત કરી :

ભાષા પુદ્‌ગલ વર્ગણા,
ગ્રહણા નિસર્ગ ઉપાધ, સલુણા;
કરવા આતમવીર્યને,
શાને પ્રેરે સાધ ?...

ભાષાવર્ગણાનાં પુદ્‌ગલોને લેવા અને છોડવા માટે આત્મશક્તિને શું સાધક પ્રેરી શકે ?

ગુપ્તિ સાધના એ જ ધ્યાન છે, કાયોત્સર્ગ છે. સ્વાનુભૂતિ ભણી જવાનો મઝાનો આ માર્ગ.

● ●

તપાચાર.

બાહ્ય તપ અભ્યન્તર તપને પુષ્ટ કરે છે. અભ્યન્તર તપમાં બે ત્રિપદીઓ : પ્રાયશ્ચિત્ત, વિનય, વેયાવચ્ચની; સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગની.

પ્રાયશ્ચિત્ત રાગ-દ્વેષને શિથિલ કરશે. સદ્‌ગુરુ પાસે આલોચના લેવા ગયા. રાગ-દ્વેષથી થયેલ અકાર્યો પરનો પશ્ચાત્તાપ તેના રાગ-દ્વેષને શિથિલ કરશે.

વિનય અને વેયાવચ્ચ સાધકના અહંકારને શિથિલ કરે છે. વેયાવચ્ચ... નાનાની પણ સેવા કરો. ઝૂકો...

રાગ-દ્વેષ-અહંકારની શિથિલતાની આ પૃષ્ઠભૂમિ પર આવશે સ્વાધ્યાય. આત્મતત્ત્વની અનુપ્રેક્ષા. અને એ પછી ધ્યાન અને કાયોત્સર્ગ : આત્મતત્ત્વની અનુભૂતિ.

• •

વીર્યાચાર.

આત્મશક્તિનું ઝરણું સ્વ તરફ પ્રવાહિત થયા કરે તે વીર્યાચાર. પૂજ્ય વીરવિજય મહારાજ પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં કહે છે : 'અનુભવ રંગ વધ્યો ઉપયોગે...' ઉપયોગ જેમ જેમ સ્વ ભણી ઢળતો ગયો તેમ આત્માનુભૂતિ વધતી ચાલી.

• •

જ્ઞાનાચાર આદિ પાંચે આચારો છે મઝાનો વ્યવહાર. એ વ્યવહારનું આચરણ કરનાર સાધક પાસે સાધ્યને પામવાની દૃષ્ટિ સ્પષ્ટ રીતે પડેલી છે.

હૃદયમાં છે નિશ્ચયદૃષ્ટિ, સાધ્યદૃષ્ટિ; વ્યવહારના સ્તર પર છે મઝાની આચરણા.

• •

સદ્‌ગુરુનું કાર્ય સાધકને સાધ્ય તરફની પ્રતિબદ્ધતા આપવાનું હોય છે. જે મઝાના આચારો સાધક દ્વારા આચરાઈ રહ્યા છે; તે શા માટે છે તેની આન્તર કથા સદ્‌ગુરુ તેને આપશે.

સાધક પાસે નિશ્ચયદૃષ્ટિ અસ્પષ્ટ હશે તો પણ ચાલશે; જો એ નિશ્ચય પારદશ્વા ગુરુના સાંનિધ્યમાં હશે.

આપણે ત્યાં સાધના કરવા માટેની બે જ ભૂમિકાઓ છે : એક ગીતાર્થની સાધનાયાત્રા, બીજી ગીતાર્થ ગુરુદેવની નિશ્રામાં થતી સાધનાયાત્રા.

તો, જ્યારે ગીતાર્થ ગુરુદેવના સાંનિધ્યમાં સાધક સાધના કરે છે ત્યારે ગીતાર્થ ગુરુદેવ તેની દૃષ્ટિને સ્પષ્ટ કરી આપે છે. નિશ્ચય અને વ્યવહારનું સમતોલન – balancing તેઓ કરી આપે છે.

એટલે જ, સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે સદ્‌ગુરુ નિશ્ચય પારદૃશ્વા હોવા જ જોઈએ એ પર ભાર મૂકતાં કહ્યું છે :

જિમ જિમ બહુ શ્રુત, બહુ જન સમ્મત,
બહુ શિષ્યે પરિવરિયો;
તિમ તિમ જિનશાસનનો વૈરી,
જો નવિ નિશ્ચય દરિયો રે...

• •

વ્યવહારનું મહત્ત્વ બતાવનારું આ મઝાનું સૂત્ર :

તુરંગ ચઢી જિમ પામીએજી,
વેગે પુરનો પંથ;
મારગ તિમ શિવનો લહેજી,
વ્યવહારે નિર્ગ્રન્થ... ૫-૫

ઇચ્છિત નગરે જવા ઇચ્છતો પ્રવાસી ઘોડા પર ચઢીને જેમ જલદી નગરને પામે છે; તેમ વ્યવહાર સાધના દ્વારા સાધક મોક્ષના માર્ગને પામે છે.

વ્યવહાર સાધનારૂપી સાધન સાથે નિશ્ચય સાધનારૂપી સાધ્યને જોડનારું આ સૂત્ર કેવું સરસ છે ! :

મહેલ ચઢંતાં જિમ નહીંજી,
તેહ તુરંગનું કાજ;
સફળ નહિ નિશ્ચય લહેજી,
તેમ તનુકિરિયા સાજ...(૨) ૫-૬

ઇચ્છિત નગર આવી જતાં, ઇચ્છિત ઘર આવી જતાં, હવે તે ઘોડાનું કામ નથી.

ઘોડો જે સાધ્યની પ્રાપ્તિ માટે સાધન હતું, તે સાધ્ય મળી ગયું ને !

તે રીતે નિશ્ચય / તે તે સાધ્ય પ્રાપ્ત થતાં તે તે આચારરૂપી વ્યવહાર છૂટતો જાય છે.

જેમ કે, શ્રાવકપણામાં અણુવ્રતોરૂપી સાધન જરૂરી છે. પરંતુ સાધુપણું પ્રાપ્ત થતાં અણુવ્રતોને બદલે મહાવ્રતો આવશે.

● ●

નિશ્ચય-વ્યવહારના સમતુલન માટે કેટલી મઝાની વાતો મહોપાધ્યાયજીએ કરી ! ચોક્કસ સ્થળે જવા ઇચ્છનાર પાસે બે વસ્તુ હોવી જ જોઈએ : લક્ષ્ય તરીકે એ ચોક્કસ સ્થળ અને એ લક્ષ્યની પ્રાપ્તિ માટે તે સ્થળ પ્રત્યેનું ગમન.

લક્ષ્યવિહોણું ગમન ઘાંચીના બળદ જેવું થશે અને માત્ર લક્ષ્ય હશે, પણ ગતિ નહિ હોય તો તે ચોક્કસ સ્થળ શી રીતે મળશે ?

● ●

---

(૨) તનુકિરિયા = કાયિક ક્રિયાઓ, સાજ = સમૂહ

સાધનામાર્ગ પર ચાલી રહ્યા છીએ એવું આપણને લાગે છે. આપણે આપણી જાતને એક પ્રશ્ન પૂછી શકીએ કે આ ચાલવાનું લક્ષ્યબિન્દુ સાથે સંકળાયેલું છે કે કેમ.

રાગ, દ્વેષ અને અહંકારનો સંપૂર્ણ ક્ષય એ આપણું લક્ષ્ય હોય ત્યારે જેમ જેમ સાધનામાર્ગે ચલાય છે તેમ રાગ, દ્વેષ, અહંકાર શિથિલ થતાં અનુભવાય છે ?

જવાબ નકારમાં મળે તો આત્મપ્રેક્ષણ થવું જોઈએ. સદ્ગુરુના સાંનિધ્યમાં દોડી જવાવું જોઈએ.

● ●

'નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર.'

આ સાધનાસૂત્ર પર બહુ જ મઝાનું ભાષ્ય પૂજ્યપાદ, મહર્ષિ, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે આપ્યું છે.[3]

તેઓશ્રીજીના કથનનો સાર : આત્મતત્ત્વ પર નિશ્ચયદૃષ્ટિએ સાધક વિભાવન કરે છે ત્યારે તે સંવેદે છે કે હું એક, અખંડ, જ્ઞાયક, ચિત્, ચૈતન્યમૂર્તિ છું. આ બોધ છે અહંકારથી રહિત શુદ્ધ 'હું'નો બોધ. જ્યાં સુધી સાધક આવા શુદ્ધ 'હું'નો બોધ નથી કરતો, ત્યાં સુધી તે નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ છે.

વ્યવહાર નયને ન સ્વીકારવાથી તીર્થનો વિચ્છેદ થાય છે. વ્યવહાર નયનું બીજ 'परस्परोपग्रहो जीवानाम्' સૂત્ર છે. ઉપકારી તો ઉપકારી

---

(૩) આત્મઉત્થાનનો પાયો, પૃ. ૩૦૭-૧૧

છે જ. પરંતુ અપકારી પણ ઉપકારી જ છે એમ ન માનીએ ત્યાં સુધી તારક ધર્મની પરિણતિથી વંચિત રહેવાય છે.

નિશ્ચય નયને ન સ્વીકારવાથી તત્ત્વનો વિલોપ થાય છે. નિશ્ચય નયનું બીજ 'उपयोगो लक्षणम्' સૂત્ર છે.

વ્યવહાર નયના બીજરૂપ 'परस्परोपग्रहो जीवानाम्' અને નિશ્ચય નયના બીજરૂપ 'उपयोगो लक्षणम्' આ બેઉનો – મૈત્રીભાવ અને ઉપયોગનો – વિવેકપૂર્ણ સમવતાર કરનાર સાધક મોક્ષમાર્ગમાં સરળતાથી આગળ વધી શકે છે.

બીજા બધા મારા ઉપકારી છે, માટે મારાથી કોઈ પર અપકાર ન કરાય એ નિયમને જીવનમાં વણવાથી વ્યવહાર ધર્મ નિશ્ચય ધર્મનો પાયો બને છે.

જ્યાં અહંકારરહિતતા છે, ત્યાં હૃદયની વ્યાપકતા છે, વિશુદ્ધિ છે. એથી વ્યવહાર નય અન્તઃકરણની વિશુદ્ધિ કરે છે. એ વિશુદ્ધિ રત્નત્રયીની પુષ્ટિ કરે છે, જેના ફળસ્વરૂપે આત્માનો અનુભવ મળે છે.

કેવળ વ્યવહાર નયને આગળ કરવાથી અહંકાર પુષ્ટ થાય છે. કેવળ નિશ્ચય નયને આગળ કરવાથી પ્રમાદ પોષાય છે અને ભક્તિના પરિણામનો નાશ થાય છે. માટે સાધકે બન્ને નયોનો/બેઉ દષ્ટિઓનો સમુચિત સમવતાર પોતાના જીવનમાં કરવો જોઈએ.

• •

એક મઝાનો સાધનાક્રમ પૂજ્યશ્રીજીએ વ્યવહાર અને નિશ્ચય દષ્ટિને સાંકળીને આપ્યો : અન્તઃકરણની વિશુદ્ધિ – રત્નત્રયીની પુષ્ટિ – આત્માનુભૂતિ.

વ્યવહાર નય દ્વારા બધા જ આત્માઓ પર મૈત્રીભાવ આવવાથી અન્તઃકરણ વિશુદ્ધ બન્યું. બધા આત્માઓ પરનો મૈત્રીભાવ 'હું'ને શિથિલ કરે... આ અહમ્-શિથિલતા દ્વારા આવેલી શુદ્ધિ ચારિત્રની પુષ્ટિમાં પરિણમશે.

જ્ઞાતાભાવ, દ્રષ્ટાભાવ હવે તીક્ષ્ણ બનશે. જ્ઞાતાભાવની તીક્ષ્ણતા ઉદાસીનભાવમાં પરિણમે. 'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ.'[૪] 'જ્ઞાનદશા જે આકરી, તેહ ચરણ વિચારો...'[૫] જ્ઞાયકભાવ તીક્ષ્ણ બનતો જશે, નિર્લેપ બનતો જશે; તેમ ઉદાસીન ભાવ ગાઢ બનતો જશે. જ્ઞાયકભાવ અને ઉદાસીનભાવ : રત્નત્રયીની પુષ્ટિ.

અને આ સ્વગુણોમાં વહેવાની ધારા અમલ, અખંડ, અલિપ્ત આત્મદશાને અનુભવવા તરફ જશે.

• • •

---

(૪) અધ્યાત્મ ગીતા

(૫) સવાસો ગાથાનું સ્તવન

## ૬
## આધાર સૂત્ર

*અન્યથા વચન અભિમાનથી,*
*ફરી કર્મ તું બાંધે;*
*જ્ઞાયકભાવ જે એકલો,*
*ગ્રહે તે સુખ સાધે... ૪/૬*

પારમાર્થિક પરિસ્થિતિ ન સમજવાથી 'હું દાન આદિ ક્રિયાનો કર્તા છું' એવાં વિપરીત વચનો બોલી બોલીને આત્મા ફરી ફરી (વારંવાર) કર્મનો બંધ કર્યા કરે છે.

કર્તાભાવને બદલે જ્ઞાતાભાવ, જ્ઞાયકભાવને ગ્રહણ કરનાર આત્મા પારમાર્થિક સુખને પામે છે.

## ૬ ‘જો ઘર બારે આપના...’

એક શ્રીમંત રોજ સવારે નોટોની થપ્પી લઈને બેસે. લોકો આવતા જાય. તે પાંચસો-હજાર, બે હજાર એ રીતે પૈસા આપ્યા કરે.

શ્રીમંત દાન સરસ કરે; પણ નીચી નજરે આપે. એકવાર એ

શ્રીમંતનાં મિત્રો ભેગાં થયેલાં. એક મિત્રે બીજાઓને પૂછ્યું : આપણો મિત્ર દાન સરસ આપે છે. પરંતુ એ નીચી નજરે કેમ આપે છે ? એક મિત્રે કહ્યું : એવું બને કે આજે કોઈને સારી એવી રકમ આપી હોય. એ જ વ્યક્તિ બીજા દિવસે સામે મળે અને પ્રણામ પણ ન કરે. એ વખતે, જો ઊંચી નજરે દાન આપેલું હોય તો મનમાં એમ થઈ જાય કે આ માણસ ! કેવો છે આ ! ગઈકાલે તો ગરજ હતી ને, પૈસા લેવા આવેલો; આજે સામે મળે છે ને અક્કડ છાતીએ ચાલે છે ! પરંતુ નીચી નજરે દાન આપ્યું હોય તો ખ્યાલ જ ન આવે કે કોને આપેલું...

વાત ઠીક લાગી. છતાં થયું કે એકવાર શ્રીમંતને આ બાબતે પૂછવું તો ખરું જ. એકવાર એવો યોગ થયો. બધાં બેઠેલાં હતાં. શ્રીમંત મિત્રને આ વિષયમાં પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું : મને શરમ આવે છે, માટે નીચી નજરે દાન આપું છું.

નવાઈ લાગી મિત્રોને. દાન આપવામાં શેની શરમ ? શ્રીમંતે કહ્યું : આ ધન પ્રભુની કૃપાથી મળ્યું. ધન બીજાને વહેંચવાનો ભાવ પણ પ્રભુએ આપ્યો. એથી પણ વધુ, મારા હાથને પ્રભુ નિમિત્ત બનાવે છે... તો, મારું કશું જ ન હોવા છતાં લોકો કહે કે આ ભાઈ દાન આપે છે... ત્યારે, એ સાંભળીને મને શરમ ન આવે ?

મિત્રોને પણ લાગ્યું કે વાત બરોબર હતી.

શ્રીમંતે કહેલ વાતનો નિચોડ આ આવ્યો : કર્તૃત્વ મારું છે જ નહિ આ ક્રિયામાં. કર્તૃત્વ પરમ શક્તિનું છે.

• •

જ્ઞાની મહાપુરુષોના શબ્દો યાદ આવે : એક પણ સારો ભાવ, સારો વિચાર પ્રભુની કૃપાથી જ મળે છે.[1] પ્રભુએ શાસન સ્થાપ્યું. એ શાસન આપણને મળ્યું. પ્રભુના પ્યારા શબ્દો આપણા સુધી આવ્યા. અને જે વિચારો રેલાયા; જે કંઈ થયું એની પાછળ કર્તૃત્વ પ્રભુનું થયું. પ્રભુના પ્યારા શબ્દોનું કર્તૃત્વ.

● ●

નિમિત્ત શબ્દ પૂર્વનો અનૂઠો શબ્દ છે. કર્તૃત્વની વિભાવનાને ખેરવવાની જાદુઈ લાકડી. 'પ્રભુએ મને નિમિત્તરૂપ બનાવ્યો...'

પ્રવચનકાર મહાત્મા સુધર્મા પીઠ પરથી નીચે ઊતરે ને એમની આંખો ભીની, ભીની હોય. આંખોની એ ભીનાશ પ્રભુને કહેતી હોય કે પ્રભુ ! તારી પાસે અગણિત સાઉન્ડ સિસ્ટમ્સ હોવા છતાં તેં મારી સાઉન્ડ સિસ્ટમ પસંદ કરી. પ્રભુ ! તારો બહુ જ ઋણી છું. તેં મને નિમિત્ત બનાવ્યો.

● ●

આવી જ વિભાવના પ્રવચનકાર મહાત્માને લોકો સમક્ષ બોલતાં/બોલ્યા પછી થતી હોય છે. લોકોને લાગે કે જ્ઞાનીપુરુષે પોતાનો કેટલો કિંમતી સમય અમને આપ્યો.

પરંતુ સદ્‌ગુરુના મનમાં તો આ જ વાત હોય કે હું સ્વાધ્યાય કરી રહ્યો છું. જેમનું ઉપાદાન શુદ્ધ હશે તેમને જ્ઞાન મળશે.

કેવી મઝાની આ વાત !

---

(૧) भगवत्-प्रसादलभ्यत्वात् कुशलाशयस्य ॥

સદ્‌ગુરુ સામી વ્યક્તિના ઉપાદાનને મહત્ત્વપૂર્ણ તરીકે જોશે; નિમિત્ત સ્વરૂપ પોતાને નહિ જ. શ્રોતા નિમિત્તરૂપ ગુરુના પ્યારા શબ્દોને જ મહત્ત્વપૂર્ણ લેખશે. કારણ કે ઉપાદાન-શુદ્ધિ પણ આવા નિમિત્તોથી જ મળશે ને !

• •

આ પૃષ્ઠભૂ પર સાધનાસૂત્ર આવે છે; જે કર્તૃત્વની વિભાવનાને ઉખાડીને જ્ઞાયકપણાની મહત્તાને સ્થાપિત કરે છે :

અન્યથા વચન અભિમાનથી,
ફરી કર્મ તું બાંધે;
જ્ઞાયકભાવ જે એકલો,
ગ્રહે તે સુખ સાધે...

'મેં આ કર્યું, મેં પેલું કર્યું' આવા કૃતિત્વના અભિમાનથી વારંવાર કર્મબંધ થયા કરે છે. કર્તૃત્વની વિભાવનાને છોડીને માત્ર જ્ઞાયકપણાની અનુભૂતિ આવે તો સુખ જ સુખ રહ્યા કરે.

• •

જ્ઞાયક ભાવ.

સાધક બિનજરૂરી પરમાં તો પોતાની ચેતના મૂકશે જ નહિ; જરૂરી પરમાં પણ મૂકશે ઉપયોગ ત્યારે, આસક્તિ આદિ ન થઈ જાય એની કાળજી રાખશે.

પરમ પાવન 'દશવૈકાલિક' સૂત્રમાં આ જ્ઞાયકભાવની મઝાની વાત આવે છે. મુનિરાજ વહોરવા ગયા છે. ગૃહસ્થના ઘરે પહોંચ્યા.

જોયું કે કોઈ સંન્યાસી આદિ ભિક્ષા ગ્રહણ કરી રહેલ છે. તેઓ પરસાળમાં ઊભા રહે છે. પેલા સંન્યાસી ભિક્ષા લઈને જાય પછી પોતાને રસોઈઘર પાસે જવાનું છે. તો, તેઓ કઈ રીતે ઊભા રહે છે ? 'जयं चिट्ठे मिअं भासे ण य रूवेसु मणं करे...' યતનાપૂર્વક ઊભેલા તે મુનિરાજ બહુ જ ઓછું – નહિવત્ બોલે છે અને પોતાની આંખોને કોઈ પણ આજુબાજુના પદાર્થો પર ઠેરવતા નથી.

પરના પ્રવેશ માટેનું મોટું માધ્યમ છે આંખ. આંખ કોઈ પદાર્થ કે વ્યક્તિ પર થોડીક સેકન્ડો સુધી એકધારી પડી કે એ પદાર્થ કે વ્યક્તિનો તમારી ચેતનામાં પ્રવેશ થઈ શકે.

એટલે જ, આ મુનિરાજ આંખોને નીચી ઢાળીને ઊભા છે. 'કશાનો પ્રવેશ પોતાની ચેતનામાં ન થાય.'

મુનિ ગોચરી કરશે ત્યારે પણ મુનિનું શરીર રોટલી, શાક વાપરતું હશે. મુનિની ચેતનામાં, ગમા કે અણગમા રૂપે, એ ખાદ્ય પદાર્થોનો પ્રવેશ નહિ જ થાય.

જ્ઞાયકભાવ.

તમે માત્ર જાણનાર છો. જોનાર છો. કરનાર નથી.

• •

પરંપરામાં એક મઝાની કડી આવે છે આન્તર મેરુ-અભિષેકની :

જ્ઞાન કળશ ભરી આતમા,
સમતા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં,
કર્મ થાયે ચકચૂર...

પૂજ્ય વીરવિજય મહારાજ સ્નાત્ર પૂજામાં કહે છે : 'તે ધન્ના जेहिं दिट्ठोसि...' મેરુ-અભિષેક સમયે, પ્રભુ ! જેમણે તમને જોયા હશે, તે ધન્ય છે.

મહાકવિ ધનપાલે મેરુ-અભિષેકની કરેલી સ્તુતિના ગૂર્જર પદ્યાનુવાદમાં વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ધુરન્ધર વિજયજી કહે છે :

જે જન્મ સમયે મેરુગિરિની સ્વર્ણરંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવ ને દાનવ ગણો ભાવે સભર;
ક્રોડો કનક કળશો વડે કરતા મહા અભિષેકને,
ત્યારે તમોને જેમણે જોયાં હશે તે ધન્ય છે...

આપણે, અતીતની યાત્રામાં, ક્યારેય મેરુ-અભિષેક સમયે હાજર હતા કે કેમ તેવો ખ્યાલ આપણને નથી આવતો. પરંતુ આન્તર મેરુ-અભિષેક આજે પણ આપણે કરી શકીએ તેમ છીએ.

આપણા શરીરમાં જે કરોડરજ્જુ છે, તેને યૌગિક ભાષામાં મેરુદંડ કહેવાય છે. એ છે ભીતરી મેરુ.

એના પર સહસ્રાર જે છે, તે છે પાંડુક વનની શિલા; જ્યાં પ્રભુનો અભિષેક કરવામાં આવે છે. એ સહસ્રાર પર પ્રભુને અથવા આર્હન્ત્યને – પ્રભુની આજ્ઞાને સ્થાપીને અભિષેક કરવાનો છે.

એ અભિષેક માટે જોઈએ જ્ઞાતાભાવનો કળશ અને સમભાવનું જળ...

સમભાવના જળને ભરવા માટે જ્ઞાતાભાવનો કળશ જરૂરી છે.

• •

જ્ઞાતાભાવ.

ઉપયોગી જ્ઞેયો જણાય ખરા; પરંતુ ત્યાં ગમા-અણગમાનો ભાવ ન થાય. અત્યાર સુધી, જ્ઞેયોમાં ચેતના જતી અને ગમો-અણગમો છલકાઈ ઊઠતો : આ સારું છે, આ ખરાબ છે.

સાધક માટે પદાર્થ પદાર્થ જ છે. નથી તે સારો, નથી તે ખરાબ.

એક સરસ સિદ્ધાન્ત એ છે કે તમારી ચિત્તવૃત્તિનો ઠહેરાવ ક્યાંય થવો ન જોઈએ. જ્યાં ઠહેરાવ થશે ત્યાં ગમા-અણગમાના ભાવો ઊઠી શકે.

બિલકુલ નદીના પ્રવાહ જેવું આ છે. નદીનો પ્રવાહ વહી રહ્યો હોય ત્યાં સ્વચ્છ પાણીની પ્રવહમાનતા રહેશે. પણ જ્યાં ખૂણો બન્યો અને પાણી સ્થિર બન્યું ત્યાં લીલ-ફૂલ બાઝી જશે.

એટલે જ પ્રભુએ કહ્યું કે ચાતુર્માસ પૂર્ણ થયું, હવે આ ક્ષેત્ર છોડી દો. એક જ ક્ષેત્રમાં વધુ સમય રહેવાય તો એ ક્ષેત્ર પ્રત્યે, એ ક્ષેત્રના લોકો પ્રત્યે રાગદશા જન્મી શકે. અથવા એથી ઊંધું પણ થઈ શકે.

આચારાંગ સૂત્રમાં નૌકા-ઉત્તરણનો પ્રસંગ છે. મુનિ નૌકા દ્વારા નદીને કેવી રીતે ઊતરે તેની વાત ત્યાં છે. મોટી નદીઓને નૌકા દ્વારા ઊતરવી પડતી. નાની નદીઓમાં પગ મૂકીને ઊતરવાનું થતું. અહીં અપ્કાયની વિરાધના થાય છે; પરંતુ નદી ઊતરવી નહિ એવા કારણસર એક નાનકડા પ્રદેશમાં જ રહેવામાં આવે વર્ષો સુધી તો એ ક્ષેત્ર અને એ ક્ષેત્રના લોકો પ્રત્યે રાગ આદિ ઉત્પન્ન થાય; એ મોટું અનિષ્ટ છે. માટે નદી ઊતરીને પણ અન્ય પ્રદેશોમાં જવું એ આજ્ઞા હતી. એ યુગમાં

નદીઓ પુષ્કળ હતી. બે કે ત્રણ નદીઓના વચ્ચેના પ્રદેશમાં અલગ અલગ ગામો હોય; પણ એ બધાં ગામોમાં સ્થિરતા કરી – શાસ્ત્રીય આજ્ઞા પ્રમાણે – પછી એ પ્રદેશને છોડી દે.

● ●

અમારા શ્રદ્ધેય આચાર્ય ભગવંત વર્ધમાનતપોનિધિ પૂજ્ય ભદ્રંકર સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં અમદાવાદ, ગિરધરનગરમાં અમારું ચાતુર્માસ.

ચાતુર્માસ ઊતરતાં, કાર્તિકી પૂનમના દિવસે ચાતુર્માસ-પરિવર્તન માટે પોતાને ત્યાં પધારવાની ઘણા ભાવિકોની વિનંતી હતી. પૂજ્યશ્રીજીએ કહ્યું : કાર્તિકી પૂનમે સાધુનો વિહાર જ હોય. અમે અહીંથી વિહાર કરીશું... અને તે પ્રમાણે પૂજ્યપાદશ્રીજીએ વિહાર કરી દીધો... તે જ દિવસે તેઓશ્રીજીએ મને કહેલું : યશોવિજય ! આ કેવી સરસ પ્રભુની આજ્ઞા છે ! ચાતુર્માસ પૂરું થયું. ક્ષેત્ર જોડેનો સંબંધ પૂરો.

● ●

જ્ઞાતાભાવ.

નિર્લેપદશા.

લોકોની વચ્ચે રહેવા છતાં સાધક લોકોથી ભિન્ન હોય છે. આખરે, સાધક રહે છે ક્યાં ? 'સમાધિશતક'ની પ્યારી કડી યાદ આવે.

વાસ નગર વન કે વિષે, માને દુવિધ અબુધ;<br>
આતમદર્શીકું વસતિ, કેવલ આતમ શુધ...

નગરમાં વાસ કે જંગલમાં; એ તો અજ્ઞાની જનનું મન્તવ્ય હોઈ શકે. આત્મદર્શી સાધક ન તો જંગલમાં રહે છે, ન નગરમાં. એ તો છે પોતાની ભીતર.

અષ્ટાવક્ર ઋષિ કહે છે :

अहो जनसमूहेऽपि, न द्वैतं पश्यतो मम ।
अरण्यमिव संवृत्तं, क्व रतिं करवाण्यहम् ॥ २, २१ ॥

લોકોની ભીડની વચ્ચે રહેનાર સાધક પણ જો પોતાની ભીતર જ રહેતો હોય તો એના માટે એ ભીડમાં અને જંગલમાં કોઈ ફરક નથી.

• •

જ્ઞાતાભાવનો આ કળશ. નિર્લેપદશાવાળી ચિત્તની આ આધારશિલા. સમભાવને રાખવાનું મઝાનું આ આધારપાત્ર.

એમાં ભરાશે સમ-રસ.

અત્યાર સુધી, સામાયિક લેનાર સાધક 'કરેમિ ભંતે ! સામાઈયં...' કહીને સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા કરતો. પણ ચિત્ત વિભાવમાં ન જ જાય એવી એની જાગૃતિ નહોતી; પરિણામે સમભાવનું ગ્રહણ થઈ શકતું નહોતું.

સમભાવ અને વિભાવ છે આમને-સામને. વિભાવમાં ચિત્ત હોય ત્યારે એમાં સમભાવ શી રીતે આવી શકે ?

હવે, જ્ઞાતાભાવની આધારશિલા આવેલ હોઈ સમ-રસ તેમાં રહેશે.

એ સમ-જળનો અભિષેક. બ્રહ્મરન્ધ્રથી એ અભિષેક શરૂ કરો. પૂરું અસ્તિત્વ સમરસથી ઓતપ્રોત બની જાય. કર્મોનો બંધ હવે ક્યાં ? અને સત્તામાં રહેલ કર્મ ઉદયમાં આવશે, તો પણ એની અસર કેટલી ?

માટે કહ્યું : 'શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચૂર...'

• •

મઝાનું સાધનાસૂત્ર આપણી સામે છે : 'જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે...' તમે જ્ઞાયક, જાણનાર બની ગયા; સુખ જ સુખ.

ભોજનની ક્રિયા ચાલતી હશે. પણ ખાનાર તરીકે તમે નહિ હો. તમે હશો માત્ર જોનાર. જાણનાર.

અને બોલવાની ક્રિયા ચાલુ હશે; પણ બોલનાર તરીકે તમે તો નહિ જ હો ને ! તમે હશો જોનાર.

યાદ આવે 'હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા'નો પ્રારંભ :

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,
योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति ।
यस्माद् भवान्तरगतान्यपि चेष्टितानि,
प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥

અનુભૂતિની કેટલી સરસ વ્યાખ્યા ! શબ્દો ઉચ્ચારાતા હોય, અને એક ક્ષણ એવી આવે જ્યારે તમે બોલવાની પ્રક્રિયાથી છૂટા પડી ગયેલા હો. અન્તર્યામી – અંદર બેઠેલ ચૈતન્ય – આ બોલનારને પણ જોતું હોય; શરીર બોલી રહ્યું છે, તમે જોઈ રહ્યા છો.

શરીર ખાઈ રહ્યું છે. તમે એ વખતે ખાનાર તરીકે નહિ, પણ જોનાર તરીકે હો.

ક્રિયા રહે; કર્તા ન રહે.

• •

'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રન્થની સ્વોપજ્ઞ ટીકાનો પ્રારંભ યાદ આવે : 'योगतन्त्रप्रत्यासन्नभूतस्य योगदृष्टिसमुच्चयस्य व्याख्या प्रस्तूयते...' હું ટીકા કરું છું તેમ નહિ; મારા વડે ટીકા કરાય છે તેમ પણ નહિ; ટીકા કરાય છે.

કેટલી સરસ વાત !

ક્રિયા છે; કર્તા નહિ. યોગદૃષ્ટિ સમુચ્ચય ટીકાનો આ પ્રારંભ વાંચતાં જ થયેલું કે યોગનો પૂરો સાર પહેલી પંક્તિમાં જ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે આપી દીધો !

બસ, ક્રિયા રહે. કર્તા ન રહે.

શરીરના સ્તર પર અનિવાર્ય ક્રિયાઓ રહેશે; પણ એ વખતે ઉપયોગ એ ક્રિયાઓમાં નહિ રહે.

હું ઘણીવાર હસતાં હસતાં કહેતો હોઉં છું : તમે ખાતા હો ત્યારે ઉપયોગ તમારી ભીતર હશે તોય કોળિયો હાથમાં ભરાશે અને મોઢામાં ઠલવાશે. નાક કે કાનમાં નહિ જ જાય. જો શરીરનું તન્ત્ર આપોઆપ આ ક્રિયા કરી લેતું હોય તો ઉપયોગને શા માટે ત્યાં મૂકવો ?

નોકર પાણી લેવા માટે માટલી તરફ જાય ત્યારે તમે એની પાછળ પાછળ જતા નથી. નોકર માટલીમાંથી પાણી તમને આપે છે. તમારે એ વખતે પાછળ જવાની જરૂર નથી.

એ જ રીતે, શરીર કોળિયા ભરી મોઢામાં ઠાલવ્યા કરે છે; આપોઆપ એ પ્રક્રિયા ચાલ્યા કરવાની છે; તો તમે તમારા ઉપયોગને એ ક્રિયામાં શા માટે મૂકો ?

• •

'शब्दादिपञ्चविषयेषु...' બોલવાની, સાંભળવાની કે બીજી કોઈ પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તમે એથી ભિન્ન છો એવું અનુભવાવું જોઈએ. તમે છો માત્ર દ્રષ્ટા. તમે જોનાર છો. કરનાર નથી.

ફરી સાધનાસૂત્રને રટીએ : 'જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે...'

• • •

# ૭

# આધાર સૂત્ર

*ભગવઈ અંગે ભાખિયો,*
*સામાયિક અર્થ;*
*સામાયિક પણ આતમા,*
*ધરો સૂધો અર્થ... ૩/૪*

ભગવતીજી સૂત્રમાં 'આત્મા એ જ સામાયિક છે' એમ કહ્યું છે. આવા શુદ્ધ અર્થને મનમાં ધારણ કરો.

(ભગવતીસૂત્રનું વચન : 'आया सामायिए, आया सामायियस्स अट्ठे...' આત્મા એ જ સામાયિક. આત્મા એ જ સામાયિકનો અર્થ. સારાંશ એ કે સમભાવમાં વર્તવું તે જ સાચું સામાયિક છે.)

# ૭ 'સુણ્ણ મહલ મેં દિયના બારિ લે...'

સાધનામનીષી પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ કહે છે : સામાયિક તે આત્માનો શુદ્ધ પરિણામ છે.

દ્રવ્યાર્થિક નયે સામાયિક તે આત્મા છે, આત્માનો સામાયિક પરિણામ છે.[1]

એ સામાયિક પરિણામ ત્રણ રૂપે હોય છે : સામ, સમ અને સમ્મ.

• •

સામ છે મધુર પરિણામ. મૈત્રીનો ભાવ. બધા જ આત્માઓ ભણી લંબાયેલ મૈત્રીપૂર્ણ હાથ.

અતીત અનન્ત જન્મોમાં એક જ લય પર ચલાયેલું : પોતાના અહમ્‌ને પંપાળનાર પ્રત્યે ગમાનો ભાવ અને અહમ્‌ને ખોતરનાર પ્રત્યે અણગમો. એ રીતે, આપણે માત્ર આપણી જાતને જ ચાહેલી. બીજાને ચાહવાનું કારણ આપણું 'હું' જ હતું. મને અનુકૂળ છે; માટે એ સારી વ્યક્તિ છે.

જાતને ચાહી, બીજાને ધિક્કાર્યા, અવગણ્યા. અગણિત અતીતમાં કરેલી આ ભૂલનું પ્રાયશ્ચિત્ત શું ? પ્રાયશ્ચિત્ત એ જ કે પોતાની જાતને બધાથી હીન ગણવી. બીજાં વ્યક્તિત્વોમાં રહેલ સિદ્ધત્વનો આદર કરવો.

• •

કુમારપાળ મહારાજા પાટણથી પરમપાવન શત્રુંજય ગિરિરાજના છ'રીપાલિત યાત્રાસંઘમાં; મહાગુરુ કલિકાલસર્વજ્ઞ પૂજ્ય હેમચન્દ્રાચાર્યની નિશ્રામાં.

---

(૧) આત્મઉત્થાનનો પાયો, પૃ. ૩૨૯

સંઘયાત્રામાં દરેક પડાવે આચાર્ય ભગવંતશ્રી પધારી ગયા પછી કલાક-દોઢ કલાકે કુમારપાળ મહારાજા આવતા. ગુરુદેવે ઉદયન મન્ત્રીને – જે કુમારપાળની સાથે રહેતા હતા – પૂછ્યું : તમને આટલી બધી વાર કેમ લાગે છે પડાવે પહોંચતાં ?

ઉદયન મન્ત્રીએ કહ્યું : ગુરુદેવ ! રસ્તામાં જેટલાં વૃક્ષો આવે છે એ વૃક્ષોને રાજા પ્રણમે છે. પ્રદક્ષિણા પણ આપે અને સ્તુતિ કરે તેમની કે તમે કેટલા બધા યાત્રિકોને છાયા આપી હશે... હું મારા યાત્રિકોને કપડાના તંબૂમાં રાખું છું, જ્યાં તેઓ ગરમીથી ત્રસ્ત થઈ જાય છે. એની સામે, તમે એ યાત્રિકોને ઠંડક આપો છો....

કેવી મઝાની વાત !

છાંયડો લીધા પછી આપણને ક્યારેય વૃક્ષોને – એ યોગિરાજોને thanks કહેવાનું મન થયું ? પોતે તડકામાં તપી અન્યોને છાંયડો આપતા એ યોગિવર્યોમાં રહેલ સિદ્ધત્વને નિહાળવાનું, ઝૂકવાનું ક્યારેય થયું ?

• •

એકવાર ભીલડિયાજી તીર્થથી ડીસા જતાં વચ્ચે ભદ્રકીર્તિ વિહારધામમાં રોકાવાનું થયેલું. એ દિવસે લગભગ ૪૭ પોઈન્ટ ગરમી હતી. થોડાક મુમુક્ષુઓ સાથે હતા.

બપોરે વાચના માટે તેઓ આવ્યા ત્યારે મેં તેમને કહ્યું : આજે આટલી ગરમી હોવા છતાં અહીં વૃક્ષો હોવાથી ગરમી થોડી ઓછી લાગી અને તમે સ્વાધ્યાય સારી રીતે કરી શક્યા. તો એ માટે તમે વૃક્ષોનો આભાર માન્યો ?

• •

પરમપાવન દશવૈકાલિક સૂત્રમાં પૂજ્ય શય્યંભવસૂરિ મહારાજે કહ્યું કે સાધક સર્વપ્રાણીઓનો મિત્ર હોવો જોઈએ. ત્યાં તેમણે સર્વભૂતાત્મા બનવા માટેની સાધના પણ બતાવી છે : સમ્યક્ રીતે દરેક આત્માને જોવાની.(૨)

અત્યાર સુધી આપણે તમામ આત્માઓને અસમ્યક્ રૂપે જોયા છે. તેમના વ્યક્તિત્વની ક્યારેય આપણે નોંધ લીધી નથી. એક જ વાત મનમાં હતી : મને અનુકૂળ વ્યક્તિત્વો તે સારાં; મને પ્રતિકૂળ વ્યક્તિત્વો તે ખરાબ.

હવે દરેક આત્મામાં રહેલ સિદ્ધત્વનો સ્વીકાર કરવો છે.

પ્રભુ, દરેક આત્માને, તે પરિપૂર્ણ છે એ રીતે દેખે છે. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજના પ્યારા શબ્દો હોઠે ચડી આવે : 'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ...'(૩) પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજની વાણીમાંથી પણ આ જ રણકો ઊઠે છે : 'सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते...'(૪)

આપણે કઈ રીતે આ પૂર્ણતાને જોઈ શકીએ ?

ઝરિયાની કોલસાની ખાણમાંથી એક કર્મચારી સાંજે બહાર નીકળે. કોલસાની રજ વડે રજોટાયેલું એનું શરીર હોય. કદાચ એ કાળા હબસી જેવો, તે સમયે, દેખાતો હોય; પણ એને ઓળખનાર

---

(૨) सव्वभूयप्पभूअस्स, सम्मं भूयाइं पासओ ।

(૩) શ્રી સુવિધિજિન સ્તવના

(૪) જ્ઞાનસાર પ્રકરણ ૧/૧

વ્યક્તિ કહેશે : અરે, આ તો ચમન ! એની તો ગોરી ગોરી ચામડી છે. હમણાં નળ નીચે બેસશે એટલે એકદમ સુન્દર તે લાગશે.

આવું જ દરેક વ્યક્તિ માટે ન બની શકે ? એ વ્યક્તિત્વોમાં અશુદ્ધિ કર્મજન્ય છે; કર્મરજ દૂર થતાં જ એ આત્માઓ અનંતગુણો વડે શોભી ઊઠવાના છે આ વિચારે એ વ્યક્તિત્વોને જોઈને આનન્દ ન થાય ?

કોઈ વ્યક્તિને તાવ આવે ત્યારે, તાવરૂપ રોગને અને એ વ્યક્તિને આપણે ભિન્ન ગણીએ છીએ. અહીં ક્રોધ આદિથી વ્યક્તિત્વને છૂટું કેમ ન પાડી શકીએ ?

• •

ભીલડિયાજી તીર્થમાં ઉપધાન તપની આરાધના. ધાર્યા કરતાં આરાધકોની સંખ્યા વધી ગઈ. બહેનોને એક રૂમમાં આઠ જેટલાં રાખેલ. આરાધક બહેનોએ મારી પાસે ફરિયાદ કરી : આવી નાની રૂમમાં આટલા આરાધકો શી રીતે રહી શકે ?

મેં જોયું કે એમની વાત સાચી હતી. પણ આયોજકો પાસે બીજો કોઈ રસ્તો નહોતો. મેં હસતાં હસતાં કહ્યું : તમે એક રૂમમાં આઠ આરાધકો. દરેક આરાધક માટે પોતાના સિવાયના સાત આરાધકો ભવિષ્યના સિદ્ધ ભગવંતો છે ને ! તો, એ સિદ્ધ ભગવંતોની નજીક રહેવાનું કેવું સુખ તમને મળ્યું !

બહેનો હસી પડી. પણ એમનેય આ દૃષ્ટિકોણ ગમી ગયો.

• •

સામ પછી સમ પરિણામ છે આત્માનો.

સમત્વ એટલે તુલ્યતા. માધ્યસ્થ્ય પરિણામ. પ્રભુ પાર્શ્વનાથ ભગવંતની સ્તુતિ કરતાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ મહારાજે કહ્યું :

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥

કમઠ પ્રભુના પાવન દેહ પર ઉપસર્ગોની ઝડીઓ વરસાવી રહેલ હતો, ધરણેન્દ્ર પ્રભુની ભક્તિ કરતા હતા. ત્યારે પાર્શ્વનાથ પ્રભુ એ બન્ને પર સરખી મનોવૃત્તિવાળા હતા. પ્રભુ માને છે કે બેઉ પોતપોતાની ભૂમિકા પ્રમાણે વર્તી રહ્યા છે. કમઠ કર્મોદયે તેવી વિચારધારામાં હતો. ધરણેન્દ્ર પુણ્યોદયે ભક્તિની વિચારધારામાં.

● ●

સમત્વને જ્ઞાતાભાવ તરીકે પણ સમજી શકાય. જડ પદાર્થો પ્રત્યે ન રાગ, ન દ્વેષ. પદાર્થ પદાર્થ છે; એ નથી સારો, નથી ખરાબ. અને એથી ન એ પ્રત્યે ગમો રહેશે, ન અણગમો.

એક સાધકનો ખાદ્યપદાર્થો પરનો દૃષ્ટિકોણ કેવો હશે ? એને માટે રોટલી, શાક કે દૂધ માત્ર શરીરને ટકાવનાર દ્રવ્ય છે. મઝાનો દૃષ્ટિકોણ સાધક પાસે છે. ચૂલો સળગતો રાખવા લાકડાં અંદર હોમવા પડે. પરંતુ એ માટે ખુરસીના પાયા તોડીને ન નખાય. બાળવા માટેનાં સાદાં લાકડાં નખાય. એ જ રીતે, સાધના માટે શરીર સજ્જ રહે એ માટે આહાર આપવો પડે તેમ હોય ત્યારે કેવો આપવાનો ? બિલકુલ સાદો. એ માટે આયંબિલનું તપ શ્રેષ્ઠ. શરીરને

પોષણ મળ્યા કરે. ઘી-દૂધ વગેરે ન હોવાને કારણે બીજી કોઈ ગરબડ ન સર્જાય.

સાધુને સામાન્ય સંયોગોમાં સાદો આહાર લેવાની જ આજ્ઞા છે. તપશ્ચર્યા કરવાની હોય કે એનું પારણું હોય ત્યારે જ ઘી-દૂધ આદિ લેવાની વાત છે.

દશવૈકાલિક સૂત્રની હારિભદ્રીય ટીકામાં એક પ્રસંગ આવે છે : મુનિરાજ વહોરીને આવ્યા છે. મિષ્ટાન્ન પાત્રમાં જોઈ ગુરુદેવે પૂછ્યું : કેમ, મિષ્ટાન્ન કેમ ? શિષ્યે કહ્યું : ગુરુદેવ ! નિર્દોષ આ જ મળ્યું. રોટી-શાક દોષિત લાગ્યું. નિર્દોષ આ જ હતું. માટે એ લાવ્યો. શિષ્યના મનમાં આસક્તિ હતી; એથી એણે આવો જવાબ આપેલો. પણ મઝાની વાત આ થઈ કે સાધક સાત્ત્વિક આહાર પર જ પસંદગી ઉતારે. ઘી-દૂધથી યુક્ત મિષ્ટ આહાર પર નહિ; કે જે પ્રમાદને વધારે.

સાધકનું આહાર-વિજ્ઞાન આવું હોય છે : એકાસણું પણ એ રીતે કરવાનું, સાદા અને ઓછા આહારથી કે વાપર્યા પછી તરત સ્વાધ્યાય આદિમાં જોડાઈ શકાય.

• •

તપાચારના બાહ્ય ભેદોને અભ્યન્તર તપ જોડે સાંકળવાની મઝાની વાત આપણે ત્યાં છે.[૫]

એવું લાગે કે અનશન અને ઊણોદરી તપને સ્વાધ્યાય જોડે, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગને ધ્યાન જોડે અને કાયક્લેશ અને સંલીનતા તપને કાયોત્સર્ગ જોડે સંબંધ છે.

---

(૫) बाह्यं तदुपबृंहकम् । - જ્ઞાનસાર

અનશન. ઉપવાસ આદિ તપશ્ચર્યા. એ દિવસે વાપરવાનું ન હોઈ સ્વાધ્યાય માટે સમય વધુ મળે.

ઊણોદરી. વાપર્યું; પણ થોડી ભૂખ હતી અને વાપરવાનું બંધ કર્યું. આ ઊણોદરી સ્વાધ્યાયમાં ઉપકારક બનશે.

મઝાની વાત એ છે કે જો પેટભર વપરાયું હોય તો વાપર્યા પછી પુસ્તક હાથમાં લેશો તોય ઝોકાં આવવા લાગશે. કેમ આમ બને છે ? ઘણું વપરાયું હોય ત્યારે જઠરાગ્નિનું કામ વધી જાય છે અને તેથી શરીરના તન્ત્રે લોહીનો પુરવઠો ત્યાં વધુ પહોંચાડવો પડે છે. એટલે શરીરનું તન્ત્ર મગજ તરફ લોહીનો પુરવઠો નહિ જવા દે. પરિણામે ઊંઘ આવવા લાગશે. આની સામે, જો ઓછો આહાર લેવાયો હશે તો બેઉ જગ્યાએ - જઠર અને મગજમાં - લોહીનો પુરવઠો પહોંચી શકશે.

• •

વૃત્તિસંક્ષેપમાં બે કે ત્રણ ભોજ્યદ્રવ્યો વડે ભોજન પૂરું કરવાનું હોય છે; જેટલી બને તેટલી ઓછી વાનગીઓથી.

રસત્યાગમાં ઘી, દૂધ આદિ વિગઈ પૈકીની એક-બેનો ત્યાગ કરવાનો હોય છે.

ધ્યાન માટે પણ હળવું પેટ અનિવાર્ય શરત છે. આ બન્ને બાહ્ય તપ વડે શરીરમાં આવેલી હળવાશ સાધનામાં પરિવર્તિત થાય.

અત્યારે વિપશ્યના-સાધનામાં ભોજન માટે આવા જ નિયમો છે. સવારે દૂધ-પૌંઆ જેવો હળવો નાસ્તો. બપોરે આછી ચોપડેલી રોટલી સાથે શાક, દાળ... સાંજે કશું જ જમવાનું નહિ.

સાયંભોજનનો ત્યાગ ધ્યાન માટે બહુ જ જરૂરી છે. બપોરનું ભોજન રાત સુધીમાં પચી જાય; જેથી મળસ્કે, બ્રાહ્મ મુહૂર્તમાં સાધક ધ્યાન કરી શકે.

બ્રાહ્મ મુહૂર્તમાં સેંકડો યોગીઓ ધ્યાનમાં લીન રહેતા હોય છે એટલે આ સમયે ધ્યાન કરવાથી તે યોગીઓનાં આન્દોલનો મળી શકે.

● ●

કાયક્લેશ અને સંલીનતા તપ કાયોત્સર્ગમાં સહાયક બનશે.

કાયક્લેશમાં કાયા પરનાં કષ્ટોની સાથે વિવિધ આસનોને લેવામાં આવ્યાં છે. ભિન્ન ભિન્ન આસનોનો અભ્યાસ કાયોત્સર્ગમાં - એક જ આસને કલાકો સુધી રહેવામાં - ઉપયોગી બનશે.

સંલીનતામાં પણ કાયાને સંકોચીને રાખવારૂપ કાયાને સાધવાની વાત છે.

સંત કબીરજીનું એક વચન યાદ આવે : 'સુન્ન મહલ મેં દિયના બારિ લે, આસનસું મત ડોલ રે...' કાયયોગને નિષ્પ્રકંપ બનાવીને મનોગુપ્તિના - વિકલ્પશૂન્યતાના મહેલમાં આત્મજ્યોતિને તું જગવ !

● ●

સમત્વને – સમ સામાયિકને જોઈ રહ્યા છીએ આપણે. ભગવદ્ ગીતા યાદ આવે : समत्वं योग उच्यते । સમત્વ તે જ યોગ.

પદાર્થોનો ઉપયોગ શરીર કરતું હોય અને ત્યારે સાધક પોતાની ભીતર ડૂબેલ હોય.

• •

ગોંડલના તત્કાલીન રાજવી સાદાં વસ્ત્રો જ પહેરતા. ગોંડલની બજારમાં એ જ વસ્ત્રોમાં ઘૂમે, કોઈને ત્યાં કોઈ પ્રસંગમાં હાજરી આપે તોય સાદાં વસ્ત્રોમાં. મિત્રે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : અહીં તો બધા મને ઓળખે જ છે ને ? ભારે કપડાં પહેરું કે સાદાં; શો ફરક પડે ?

એકવાર મહારાજા લંડન ગયેલા. ત્યાં ગરમીમાં એક સવારે મહારાજા પ્રાતઃભ્રમણ માટે નીકળેલા. એવાં જ સાદાં કપડાં. પેલો મિત્ર પણ લંડન આવેલો. એ મહારાજાને મળી ગયો. એણે નવાઈથી પૂછ્યું : અહીં પણ આપ સાદાં વસ્ત્રોમાં ? મહારાજાએ હસીને કહ્યું : ગમે તેવાં ભપકાદાર વસ્ત્રો ઠઠાડીને અહીં ફરું તોય ક્યો ભા મને ઓળખવાનો હતો ?

મિત્રને પણ એ તત્ત્વજ્ઞાન ગમી ગયું.

આ સન્દર્ભમાં, હું હસતાં હસતાં ઘણીવાર કહેતો હોઉં છું કે લોકો કેવા પરોપકારી હોય છે કે અંદરની ગંજી તો ખરબચડી પહેરે. ઉપર ઝબ્ભો રેશમી પહેરે. બીજાની આંખને સુંવાળપ લાગે ને !

અને પરોપકાર (?)ની હદ તો ત્યારે થાય જ્યારે દેશમાં, પૂર ગરમીમાં સૂટ પહેરીને ફરે. અંદર કેવી ગરમી થતી હોય તે એ જ જાણે. . પણ...

• •

સમ સામાયિક.

'करेमि भंते !' ની પ્રતિજ્ઞા લઈને સાધક સામાયિકમાં બેસે છે અને છતાં સમભાવથી તેના ચિત્તને એ ઓતપ્રોત નથી કરી શકતો એનું કારણ શું ?

કારણ એ છે કે ઉપયોગ એક સાથે વિષમતા (રાગ-દ્વેષ)માં અને સમતામાં કેમ રહી શકે ? બેઉ છે આમને-સામને. વિષમતાઓમાંથી ચિત્તને મુક્ત કરી શકાય તો જ સમભાવનો સ્પર્શ ચેતનાને થાય.

અને એ વાત નક્કી છે કે એકવાર એ સમતાના દિવ્યઆનંદનો અનુભવ થયા પછી તમે વારંવાર એ અનુભવને પુનરાવર્તિત કરવા ઇચ્છશો.

વિવેકાનંદજી નરેન્દ્રના રૂપે હતા ત્યારે પણ પ્રભુમિલનની અદમ્ય તમન્ના. દરેક સંતોને પૂછતા : તમે સાક્ષાત્કાર કર્યો છે ? મારે પણ કરવો છે.

બધા સંતોએ સાક્ષાત્કાર તો કરેલો ન હોય. હા, સાક્ષાત્કારની વિધિ તેઓ બતાવે. નરેન્દ્ર પૂછે ફરીથી : તમે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે ? સંતો ના પાડે.

એમ કરતાં રામકૃષ્ણ પરમહંસને મળવાનું થયું. નરેન્દ્રે એમને પણ પૂછ્યું : તમે સાક્ષાત્કાર કર્યો છે ? રામકૃષ્ણ હસ્યા. તેમણે કહ્યું : તારે સાક્ષાત્કાર કરવો છે કે વાતો કરવી છે ? નરેન્દ્રે કહ્યું : ગુરુદેવ ! ખરેખર પ્રભુને મળવું છે. એના વિના બધું શૂન્ય લાગે છે.

રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રના મસ્તક પર હાથ મૂક્યો. શક્તિપાત. નરેન્દ્ર સમાધિમાં ડૂબી ગયા. સાત દિવસ સુધી તેઓ એ સ્થિતિમાં રહ્યા. આઠમે દિવસે રામકૃષ્ણ તેમને બહાર લાવ્યા. ત્યારે સમાધિનો - આત્મસાક્ષાત્કારનો આનંદ માણી ચૂકેલ નરેન્દ્ર કહે છે : ગુરુદેવ ! પૂરા ભવચક્રમાં હોશમાં હોઉં એટલો સમય આ જ હતો; આપે આપ્યો તે; હવે આપ મને બેહોશીની દુનિયામાં કેમ લઈ આવ્યા ?

એ પછી વારંવાર નરેન્દ્રને એ સ્થિતિને પુનરાવર્તિત કરવાની ઈચ્છા થવા લાગી.

સમતાના દિવ્ય આનંદને એકવાર માણ્યા પછી સાધક જરૂર એને વારંવાર આવર્તિત કરવા ઈચ્છશે.

• •

સમ્મ સામાયિક.

મોક્ષસાધનામાં પ્રબળ સામર્થ્ય ધરાવતા જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોનો લાભ તે સમ્મ સામાયિક.

સમ્મ એટલે ખીર-ખાંડથી યુક્ત હોય તેવો મધુર પરિણામ આત્માનો. તે રત્નત્રયીરૂપ આત્માનો પરિણામ છે. રત્નત્રયી એટલે આત્મરમણતા.

યાદ આવે જ્ઞાનસાર : चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः। આત્મચરણ, સ્વરૂપ-એકાગ્રતા એ જ છે જ્ઞાન, એ જ છે દર્શન, એ જ છે ચારિત્ર.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સાધકના સ્તર પર 'જ્ઞાનસાર'માં ઉપર મુજબનું વિધાન કર્યું. ભક્તના સ્તર પરનું તેમનું આ અંગેનું વિધાન પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં આ રીતે આવેલ છે :

તાહરું ધ્યાન તે સમકિત રૂપ,
તેહિ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાયે સઘળાં રે પાપ,
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોવે પછે જી.

પ્રભુનું ધ્યાન તે જ દર્શન, તે જ જ્ઞાન, તે જ ચારિત્ર.

પ્રભુના ક્ષમા, વીતરાગતા આદિ ગુણોનું ધ્યાન - તે ગુણોમાં ચિત્તની એકાગ્રતા તે દર્શન અને તે જ્ઞાન. પ્રભુના તે ગુણોનું એ રીતે ધ્યાન કરવું છે કે એ ગુણોની આંશિક ઝલક આપણામાં દેખાય.

સમ્યગ્દર્શન પદની પૂજા (નવપદપૂજા)માં આવેલી એક પંક્તિ સમ્યગ્દર્શનના મહિમાને કેવો તો મુખરિત કરે છે ! : 'તિહાં આપરૂપે સદા આપ જુવે...' કાયાને પેલે પાર, નામને પેલે પાર રહેલા પોતાના અમલ, અખંડ સ્વરૂપને સાધક જોયા કરે છે...

અનુભૂત્યાત્મક આ ઝલક તીવ્ર અનુભૂતિના રૂપમાં સંવેદાય તે સમ્યક્ ચારિત્ર.

એ વખતે શું થાય છે ?

મઝાની કેફિયત આવી : 'ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોવે...' ધ્યાતાની ચેતનાનું ધ્યેયમાં નિમજ્જન.

રમણ મહર્ષિ મઝાનું રૂપક આપે છે : મીઠાની પૂતળી દરિયાનું ઊંડાણ માપવા દરિયામાં ગઈ. હવે બહાર કોણ આવશે ?

• •

ધ્યાતાની ચેતનાનું ધ્યેયમાં નિમજ્જન.

અભેદાનુભૂતિ.

કઈ રીતે એ થાય છે ?

પ્રભુ છે ક્ષમાગુણના સમુદ્રરૂપ. હવે સાધકની ચેતનામાં એ ક્ષમાગુણનો અંશ ઝલકે. તો પ્રભુના સમુદ્ર જેવા ક્ષમાગુણને મળવા સાધકનું ક્ષમાગુણનું ઝરણું ચાલશે. એ ઝરણાનું સમુદ્રમાં ભળી જવું તે થશે અભેદાનુભૂતિ.

• •

આ પૃષ્ઠભૂ પર સાધનાસૂત્ર જોઈએ :

ભગવઈ અંગે ભાખિયો,
સામાયિક અર્થ,
સામાયિક પણ આતમા,
ધરો સૂધો અર્થ...

પરમપાવન ભગવતી સૂત્રનું આ સાધનાસૂત્ર :

आया सामायिए, आया सामायियस्स अट्ठे ।

આત્મા તે જ સામાયિક. આત્મા તે જ સામાયિકનો અર્થ.

આત્મા એટલે આત્મપરિણામ.

સામાયિકના સન્દર્ભમાં આત્મપરિણામનાં ત્રણ સ્વરૂપોની ચર્ચા આગળ કરી : સામ, સમ, સમ્મ. સામ એટલે મૈત્રીભાવ. સમ એટલે સમતા દશા. સમ્મ એટલે આત્મરમણતા.

તો, મઝાનો એક ક્રમ અહીં સાધનાનો થયો : મૈત્રીભાવ વિસ્તરશે પહેલાં. એ પછી જડ પદાર્થો પર કે સંયોગ-વિયોગ (ઇષ્ટવ્યક્તિત્વો કે ઇષ્ટ પદાર્થો આદિના) આદિની ઘટનાઓમાં સમભાવ રહેશે. એ સમભાવની શિખરાનુભૂતિ આત્મરમણતા રૂપે મળશે.

• • •

# ૮

# આધાર સૂત્ર

*ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને,*
*જેહ વિભાવ વડવ્યાધિ;*
*પહેલે અંગે રે એણી પેરે ભાખિયું,*
*કર્મે હોય ઉપાધિ... ૨/૯*

વિભાવ (રાગ, દ્વેષ આદિ) રૂપી મોટો વ્યાધિ (વડ વ્યાધિ) ભીતર હોય ત્યારે સાધકની એ દશાને ધર્મ ન કહી શકાય.

શ્રી આચારાંગ સૂત્રમાં આ વાત કહેવાઈ છે: अकम्मस्स ववहारो न विज्जइ, कम्मणा उवाही जायइ॥ (૧/૩/૨/૧૧૦) રાગ અને દ્વેષનો પરિણામ શેના વડે થાય છે ? કર્મના ઉદયને કારણે થાય છે. અને એથી, ઔદયિક હોવાથી, તે વિભાવરૂપ છે. સ્વભાવરૂપ નથી.

## ૮ | આન્તરયાત્રા

મહોપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજે પ્રભુને પ્રાર્થના કરી : પ્રભુ ! મારા મનમાં આપ પધારો ને !

ભક્ત-હૃદયની એ સબળ પ્રાર્થના. પ્રભુ તેમના મનમાં આવ્યા. ભક્ત કહે છે કે પ્રભુ ! મન મારું,

તમે એમાં આવ્યા; એટલે મકાનમાલિક હું અને ભાડવાત તમે. અને પ્રભુ જેવા ભાડવાત હોય ત્યારે ઓછું ભાડું વસૂલાય ખરું ? 'પુષ્ટિ શુદ્ધિ ભાટક ગ્રહી, હું સુખિયો થયો દાસ...' પ્રભુ પાસેથી બે જાતનું ભાડું વસૂલ્યું ભક્તે : પુષ્ટિ અને શુદ્ધિ.

ભક્તને દોષોથી મુક્ત પણ પ્રભુ કરે. ગુણોથી તેને યુક્ત પણ પ્રભુ કરે. શુદ્ધિ, પુષ્ટિ.

કઈ રીતે આ પ્રક્રિયા થાય છે ?

• •

ક્રોધ આદિ વિભાવ આપણી ભીતર છે. એને આપણે દૂર નથી કરી શકતા. એ ક્ષણોમાં પરમપાવન શ્રી આચારાંગ સૂત્રનો સ્વાધ્યાય આપણે કરી રહ્યા છીએ. એક સૂત્રખંડ પાસે આપણે સહેજ અટકીએ છીએ : 'एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णिरए...' પ્રભુના પ્યારા, પ્યારા શબ્દો હૃદય સુધી પહોંચે છે : 'આ ક્રોધ એ જ તો ગાંઠ છે, એ જ તો અજ્ઞાન છે, એ જ તો મૃત્યુ છે અને એ જ નરક છે...'

પ્રભુની દિવ્ય કરુણાનો સ્પર્શ થાય છે આ ક્ષણોમાં. અને ક્રોધ છૂ !

• • •

આ સૂત્ર એકવાર રટતો હતો અને પ્રભુની કરુણાનો મને સ્પર્શ થયો. એક રૂપક કથા મારા ચિત્તતંત્રમાં એ સમયે ઘૂમરાયેલી : માતાને પાણી ભરવા જવું છે. ઘરમાં ભાંખોડિયા ભરતું બાળક જ માત્ર છે.

બાળકની આગળ રમકડાં, ચોકલેટ મૂકી મા પાણી ભરવા કૂવે જાય છે. વળતાં ઘરે આવતાં જ જે દશ્ય તેણીએ જોયું; એ સ્તબ્ધ થઈ જાય છે. નાનું બાળક રસોઈ ઘરમાં પહોંચી ગયું છે : ચૂલાની લાલ-પીળી જ્યોતિથી આકર્ષાઈ, એને પકડવા માટે. એને અને ચૂલાને માંડ એક-દોઢ ફૂટનું અંતર છે. મા દોડતી આવે છે. દીકરાને જોરથી ખેંચે છે અને કહે છે : નહિ, મારા લાલ ! ત્યાં નથી જવાનું. એ તો બાળી નાખે આપણને...

માના સ્વરમાં જે કરુણા હતી, એથી કંઈક અદકેરી કરુણા મને પ્રભુના આ શબ્દોમાં પ્રતિભાસિત થયેલી : નહિ, મારા લાલ ! તારે ત્યાં નથી જવાનું. એ ક્રોધ તો મૃત્યુ છે, એ તો નરક છે !

પ્રભુ દોષોથી મુક્ત આપણને આ રીતે કરે.

• •

ગુણો પણ આપણને પ્રભુ તરફથી મળે. કોઈનો પણ ક્ષમા આદિ ગુણ જોયો, તે ગમ્યો; પ્રભુને કહીએ કે પ્રભુ ! આ ગુણ મને આપો ! અને તે મળી જ જાય. પ્રભુ જ યોગ અને ક્ષેમ કરે છે ને ! અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ તે યોગ અને પ્રાપ્ત ગુણોનું સંરક્ષણ તે ક્ષેમ. પ્રભુ લોકનાથ છે. 'लोगनाहाणं.' ભવ્યજીવોને પ્રભુ યોગ અને ક્ષેમ આપે છે.

ભગવદ્ગીતાએ આ જ વાત કહી :

अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥

• •

સાધનાના સ્તર પર, પ્રભુ ગુણસંપત્તિના દાતા કઈ રીતે છે, એ વાત પૂ. દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં બતાવી :

પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ;
ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ...

પ્રભુની મુદ્રાને જોતાં પ્રભુની પ્રભુતાનો ખ્યાલ આવે. પ્રભુના આત્મદ્રવ્ય જેવું જ આત્મદ્રવ્ય પોતાનું છે એવો ખ્યાલ આવતાં પોતાની પ્રભુતાનો ખ્યાલ આવે.

એ પછી પ્રભુની પ્રભુતા પર બહુમાન. બહુમાન આવે એટલે રુચિ આવે. રુચિ પ્રમાણે આત્મશક્તિ ચાલે. અને એ રીતે આત્મગુણોમાં યાત્રા શરૂ થાય.

આ મઝાનું સાધનાનું સ્તર... પ્રભુનું દર્શન કરતાં પ્રભુના ગુણોની આંશિક ઝલક પ્રાપ્ત થાય.

● ●

ગુણોની પ્રભુદત્તતાની વાત એક મઝાનો આયામ આપણી ભીતર લાવે છે. ક્રોધ હાલતાં ને ચાલતાં આવતો'તો. પ્રભુ પાસે ક્ષમા ગુણ માગ્યો. મળ્યો. હવે કો'કે એ સાધકના ક્ષમાગુણની પ્રશંસા કરી. સાધકની આંખો ભીની બનશે અને આંખોની એ ભીનાશ પ્રભુને કહેતી હશે : પ્રભુ ! તેં આપેલ ક્ષમાગુણની પ્રશંસા થઈ છે. તું એને સ્વીકારી લે.

ગુણો પરની માલિકીયત પ્રભુની.

રવીન્દ્રનાથ ટાગોરે પ્રભુને કહેલું : પ્રભુ ! હું તો બાંસુરી જેવો છું. હવા થઈને મારી ભીતરથી તું વહે છે. અને એથી મારા સંગીત પર માલિકીયત તારી જ છે.

પ્રભુના પ્યારા શબ્દો આપણી ચેતના સોંસરવા વહે અને ગુણોનું સંગીત સરજાય... આમાં આપણું કૃતિત્વ કેટલું ?

• •

આ પૃષ્ઠભૂ પર 'ષોડશક' પ્રકરણમાં અપાયેલ ધર્મની વ્યાખ્યાને જોવાનો આનંદ આવશે. ધર્મ એટલે ગુણોની પુષ્ટિ અને દોષ-મુક્તિ રૂપી શુદ્ધિ યુક્ત ચિત્ત.(૧)

આવું ચિત્ત આપણને પ્રભુ આપે...
આપણે પ્રભુને મન આપીએ.
પ્રભુ આપણને શુદ્ધ ચિત્ત આપે.

આવું ચિત્ત તે ધર્મ. પ્રભુ થયા ધર્મના દાતા ! 'ધમ્મદયાણં...'

રાગ, દ્વેષ, મોહ છે મેલ. પ્રભુએ કહેલ અનુષ્ઠાનો વડે તે મેલ દૂર થાય એટલે ચિત્ત શુદ્ધ થયું.(૨) પ્રભુએ આપેલ ગુણો વડે ચિત્ત પુષ્ટ થયું.

• • •

---

(१) धर्मश्चित्तप्रभवो, यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।
मलविगमेनैतत्खलु, पुष्ट्यादिमदेष विज्ञेयः ॥ ३, २ ॥

(२) रागादयो मलाः खल्वागम-सद्योगतो विगम एषाम् ।
तदयं क्रियाऽत एव हि, पुष्टिः शुद्धिश्च चित्तस्य ॥ ३,३ ॥ षोडशक

આ પરિપેક્ષ્યમાં, આ કડી હૃદયંગમ બની રહે તેવી છે :

'ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને,
જેહ વિભાવ વડવ્યાધિ;
પહેલે અંગે રે એણી પેરે ભાખિયું,
કર્મે હોય ઉપાધિ...' ૨/૯

પદાર્થો કે વ્યક્તિઓ પ્રત્યેનો રાગ છલકાઈ રહ્યો છે યા દ્વેષ ઊભરાઈ રહ્યો છે; એ ક્ષણોને આપણે ધર્મ ન કહી શકીએ.

સાધકને પોતાના અમલ, અખંડ સ્વરૂપ ભણી લઈ જાય તે ધર્મ. સાધકને જ્ઞાન, દર્શન, આનન્દ, સમભાવ, વીતરાગ દશા આદિ ગુણો ભણી લઈ જાય તે ધર્મ.

અખંડાકાર ચેતના એ આપણો સ્વભાવ છે. આપણી શુદ્ધ ચેતના ખંડોમાં વિભાજિત હોતી નથી. ક્યારેક રતિ, ક્યારેક અરતિ; આવી ભિન્ન ભિન્ન દશાઓમાં રહેનારી આપણી ચેતના નથી. તો સવાલ એ થાય કે એને ખંડોમાં વિભાજિત કોણ કરે છે ?

વિકલ્પો અખંડ ચેતનાને ખંડોમાં વહેંચે છે. સામાન્યતયા એવું લાગે કે ઘટનાઓને કારણે રતિ, અરતિ થાય છે. પરંતુ હકીકત એ છે કે ઘટનાઓનો પ્રવેશ, તમારી ભીતર, વિકલ્પોને કારણે થાય છે.

વિકલ્પો ન આવે એ માટે ઘણી બધી વ્યવસ્થાઓ છે. સ્વાધ્યાયની કે જપની એકાગ્રતા; વિકલ્પોને આવવાની બારીઓ બંધ ! પ્રભુની ભક્તિની ધારામાં તમે વહી રહ્યા છો... તમારું અહોભાવાત્મક રૂપ પ્રભુના શુદ્ધ રૂપ જોડે એકમેક થયુ છે. વિકલ્પો ક્યાંથી આવશે ?

નિર્વિકલ્પતાની એ પૃષ્ઠભૂ પર તમે તમારા ગુણોની આછીસી અનુભૂતિ કરી શકશો.

• • •

નિષેધમુખે ધર્મની વ્યાખ્યા અહીં અપાઈ છે : 'ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ...' વિભાવનો સ્પર્શ તમારા અન્તસ્તરને હોય ત્યારે ધર્મનો સ્પર્શ કઈ રીતે હોઈ શકે ? જેમ કે, ધર્મ એટલે સમભાવ... હવે વિભાવ અને સમભાવ આમને-સામને છે. તો વિભાવ હોય એ ક્ષણોમાં સમભાવ કઈ રીતે, તમારી ભીતર, હોઈ શકે ?

ધર્મ અસ્તિત્વના સ્તરે પહોંચવો જોઈશે. જ્યાં રાગ, દ્વેષ આદિ છે; એ જ અસ્તિત્વના સ્તર પર ધર્મ - સમભાવ પહોંચે; જેથી ધર્મ અનુભૂતિનો વિષય બને.

ધર્મ-સાધના માત્ર અનુપ્રેક્ષાનો વિષય બને તો ચાલી ન શકે.

કેટલાક પ્રબુદ્ધ સાધકોએ એકવાર મને પૂછેલું : અમારી સાધના ક્યાં અટકી પડે છે ? મેં કહેલું : 'અનુપ્રેક્ષાએ તમારી સાધના અટકી પડે છે. એક શબ્દ પર બે-ત્રણ કલાક અનુપ્રેક્ષા કરીને તમે કહેશો : વાહ ! એક શબ્દ પર આવી ઊંડી અનુપ્રેક્ષા..! તમે અટકી ગયા.'

અનુપ્રેક્ષા તો સ્વાધ્યાય છે. ધ્યાન/અનુભૂતિ ક્યાં ?

• • •

અસ્તિત્વના સ્તરે ધર્મ જવો એટલે શું એની વાત કરું.

એક પ્રોફેસર છે. બહુ જ સરસ ભાષણો તે આપે છે. એ વિદ્વાન મનુષ્ય મરીને ફરી મનુષ્યાવતારમાં આવે છે. એ બે-અઢી વર્ષનું બાળક હોય છે અને એને બારાખડી શીખવવી પડે છે. ભાઈ, ગયા જન્મનું ભણેલું ક્યાં ગયું ? ગયા જન્મનું ભણેલું કોન્શિયન્સમાઈન્ડના સ્તર પર / જ્ઞાત મનના સ્તર પર હતું. જન્મ પૂરો થતાં એ સ્તર ભૂંસાઈ ગયું. હા, એ જ નાના બાળક પાસે રમકડું મૂકો તો એ એને પણ મોઢામાં નાખશે. આહારસંજ્ઞા ઊંડે સુધી પહોંચેલી છે ને !

તો, જ્યાં સુધી રાગ, દ્વેષનો ફેલાવ છે; એ ભૂમિકા સુધી સાધનાને લઈ જવાની છે. એ સાધનાનો અનુભવ પેલા અનુભવને હટાવશે. શ્રીપાળ રાસની પંક્તિઓ યાદ આવે :

'હરવ્યો અનુભવ જોર હતો જે, મોહમલ્લ જગ લૂંઠો;
પરિ પરિ તેહના મર્મ દાખવી, ભારે કીધો ભૂંઠો રે...'

સાધનાના અનુભવે મોહને પરાસ્ત કર્યો.

ભક્તના સ્તર પર આ જ સંવેદન પરમતારક શીતલનાથ પ્રભુની સ્તવનામાં આવ્યું :

વિષય લગન કી અગન બૂઝાવત,
તુમ ગુણ અનુભવ ધારા;
ભઈ મગનતા તુમ ગુણ રસ કી,
કુણ કંચન કુણ દારા...

પ્રભુના (સ્વના) ગુણોનો અનુભવ વિષય-કષાયના અનુભવને સમાપ્ત કરી દે છે.

• • •

'ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ...'
કેટલી સ્પષ્ટતા છે ! રાગ, દ્વેષ, અહંકાર એ જ જો અનુભવનો વિષય હોય તો ધર્મ ક્યાં ? ધર્મ અનુભવનો વિષય બનવો જોઈએ.

વૈરાગ્ય, ક્ષમા, નમ્રતા જો અનુભવના સ્તરે આવી જાય તો રાગ, દ્વેષ, અહંકાર એ સ્તર પર શી રીતે રહેશે ?

• • •

સવાલ થાય કે વિભાવ પેદા કેમ થાય છે ? 'કર્મે હોય ઉપાધિ.' કર્મના ઉદયને કારણે વિભાવરૂપી ઉપાધિ જન્મે છે.

મોહનીય કર્મનો ઉદય થયો. સાધકની જાગૃતિ ઓછી પડી. પરિણામે તે મોહને અનુભવવા લાગ્યો. એની ચેતના ઉદયાનુગત બની. કર્મબન્ધ ચાલુ.

શ્રી આચારાંગ સૂત્રના આ પ્યારા શબ્દો યાદ આવે : कम्मणा उवाही जायइ । કર્મથી – કર્મના ઉદયથી, રાગ, દ્વેષરૂપ ઉપાધિ પેદા થાય છે.

ફલિત એ થયું કે વિભાવોનું અન્તસ્તરમાં ન હોવું તે ધર્મ. સ્વભાવ દશા ભણી સાધકનું ચાલવું તે ધર્મ. યાદ આવે 'જ્ઞાનસાર' ગ્રન્થ : चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः । આત્મદશા ભણી ચાલવું તે જ ચારિત્ર, તે જ જ્ઞાન અને તે જ દર્શન.

ભીતર ચાલવું તે જ પ્રભુનો મઝાનો સાધનાપથ.

કેટલો હૃદયંગમ છે આ સાધનાપથ !

• • •

૯

## આધાર સૂત્ર

*કુમતિ ઈમ સકલ દૂરે કરી,*
*ધારીએ ધર્મની રીત રે;*
*હારીએ નહિ પ્રભુબળ થકી,*
*પામીએ જગતમાં જીત રે... ૧૧/૧*

સઘળી કુબુદ્ધિને ત્યજીને સાચા ધર્મના સ્વરૂપને હૃદયમાં ધારી લઈએ.

પ્રભુબળ જેની પાસે છે તે વ્યક્તિ દુનિયામાં ક્યારેય હારતી નથી; તેનો વિજય જ છે.

## ૯ | વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ

વિદેશમાં બહુ જ વંચાયેલી એક રચનાનું શીર્ષક છે : Foot Prints. પદચિહ્નો.

રચનાનું કથાવસ્તુ આવું છે : એક વ્યક્તિને રણને પેલે પાર રહેલ એક ગામમાં કોઈ કામ માટે જવું પડે

તેમ છે. રણની મુસાફરી. થકવી નાખનારી. ન કોઈ સાથી, ન સંગાથી. કોઈને કહે તોય એની સાથે કોઈ આવે તેવું નહોતું.

તે વખતે તેને થયું કે પ્રભુને જો પ્રાર્થના કરું તો તેઓ આવે જ. તેણે પ્રાર્થના કરી કે પ્રભુ ! બીજું તો કોઈ મારી સાથે આવે તેમ નથી. તું મારી સાથે ન આવે ?

પ્રાર્થના તત્ક્ષણ ફળે છે. એણે પ્રાર્થના કરી, ચાલવાનું શરૂ કર્યું. એની નવાઈ વચ્ચે, એનાં બે પગલાંની છાપની જોડે એનાથી બે મોટાં પગલાંની હારમાળા પણ ચાલતી હતી. એ સમજી ગયો કે પ્રભુ મારી સાથે છે.

બે-ત્રણ કલાકમાં તો તેની વૉટરબૅગનું પાણી ખતમ થઈ ગયું. બાર વાગ્યા, સાડા બાર વાગ્યા... રણની ગરમી. પાણી નહિ. ક્યાંય આશ્રય જેવું પણ નહિ. તે બેભાન થઈને પડી ગયો.

ભાનમાં આવતાંની સાથે તેણે જોયું કે પ્રભુ મારી સાથે છે કે નહિ. જોતાં જ નિરાશ થઈ ગયો. પહેલાં પોતાનાં બે પગલાં અને પોતાનાથી મોટાં બે પગલાં દેખાતાં હતાં. હવે માત્ર બે જ પગલાં દેખાય છે. એ મૂંઝાઈ ગયો : પ્રભુ ક્યાં ગયા ?

એણે કહ્યું : પ્રભુ ! તમે ક્યાં છો ? પ્રભુનો અવાજ આવ્યો : બેટા ! હું તો અહીં જ છું. 'અરે, તમે અહીં હો તો તમારાં પગલાં કેમ દેખાતાં નથી ?' ઉત્તર આવ્યો : બેટા ! તું તો બેભાન થઈને ધરતી પર ઢળી પડેલો. મેં તને ઊંચકી લીધો છે. આ જે પગલાં દેખાય છે, તે મારાં છે. તારાં પગલાંની છાપ હવે ક્યાંથી ઊપસે ?

પ્રવાસીને સંતોષ થયો. પ્રભુની જોડે જ પોતે છે.

• •

આ જ લયમાં મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે પ્રભુને કહ્યું છે : 'ઇતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો...' પ્રભુ ! તમે જ મને અહીં સુધી લઈને આવ્યા છો.

બહુ જ મઝાની તેઓશ્રીની પ્રસ્તુતિ છે : 'ઇતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો, પરિ પરિ બહુત બઢાઈ મામ; અબ દોય ચાર ગુણઠાણ બઢાવત, લાગત હૈ કહાં તુમ કો દામ ?'

પ્રભુ ! અહીં સુધી મને તમે લઈને આવ્યા; મને સમજાવીને, પટાવીને, વહાલ આપીને. થાક્યો ત્યારે ઊંચકીને. હવે થોડોક વધુ ઊંચકી લ્યો ને ! ભક્તનું ગણિત કેવું મઝાનું છે ! છટ્ઠા ગુણઠાણે તમે મને લાવી દીધો છે... હવે બે-ચાર ગુણઠાણા આગળ વધારી દો ને ! બે ને ચાર છ... અને એકાદ ઉમેરી દઈએ એટલે સાત ! છ ને સાત તેર... તેરમે ગુણઠાણે મને મૂકી દો !

• •

'ઇતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો...' પંક્તિ પર એકવાર હું બોલતો હતો. એક ભક્તે પૂછ્યું : 'હિ' શબ્દ શા માટે આવ્યો ? 'પ્રભુ ! તમે જ મને અહીં લઈ આવ્યા છો' એ રીતે જકાર સાથે વાત કેમ થઈ ?

મેં હસતાં હસતાં કહેલું : આપણું 'હું' વચ્ચે ઘૂસી ન જાય માટે મહોપાધ્યાયજીએ 'હિ' શબ્દ મૂક્યો છે. પ્રભુ ! તમે જ મને અહીં સુધી લઈને આવ્યા છો. એટલે કે આમાં મારું કૃતિત્વ કંઈ છે જ નહિ.

હાથી જૂના પુલ પરથી પસાર થતો હતો. પુલ જર્જરિત હતો. હાથીભાઈનાં પગલાં ધમધમ પડે ને પુલ ધ્રૂજે. સદ્ભાગ્યે પુલ તૂટ્યો નહિ. પુલ પૂરો થયો અને રોડ શરૂ થયો. હાથીભાઈની સવારી રોડ પર આગળ વધી. હાથીને ખ્યાલ પણ નહિ અને એક માખી હાથીના કાન પર બેઠેલી; એણે કહ્યું : હાથીભાઈ, હાથીભાઈ ! આપણે બેઉએ ભેગા થઈને પુલને કેવો ધ્રુજાવી નાખ્યો !

માખી આપણા કરતાં વધુ ઈમાનદાર હતી એવું લાગે ને ! એણે કહ્યું : 'આપણે બેઉએ ભેગા થઈને...' પણ આ માખી (આપણે) શું કહે ? મેં આ સાધના કરી... મેં વરસીતપ કર્યો... મેં માસક્ષમણ કર્યું...

• •

પ્રભુબળનો જ્યારે અનુભવ થાય છે ત્યારે બધું કેવું તો ઝળાંહળાં લાગે છે !

પૂજ્ય જંબૂવિજયજી મહારાજ પોતાના ગુરુદેવ પૂજ્ય ભુવનવિજય મહારાજ જોડે મહારાષ્ટ્રની યાત્રાએ. કોલ્હાપુર પાસે એક નાનકડા ગામમાં તેઓ આવ્યા. ઉપાશ્રયમાં ઊતર્યા. સ્વાધ્યાય, પ્રભુ-ભક્તિ આદિ પછી બેઉએ એકાસણું કર્યું. બપોરે પૂ. જંબૂવિજયજી મહારાજ ઓઘાનું પ્રતિલેખન કરતા હતા ત્યારે તેમણે જોયું કે ઓઘાના ઉપર વીંટાળેલ ઓઘારિયું તાર તાર થઈ ફાટવા આવેલું છે. સાવરકુંડલા (સૌરાષ્ટ્ર)માં બનતું એ ગરમ ઓઘારિયું અમદાવાદ કે પાલિતાણામાં મળતું. પરંતુ મહારાષ્ટ્રના આ અંતરિયાળ પ્રદેશમાં એ ક્યાંથી મળે ?

એમણે ગુરુદેવને કહ્યું : ગુરુદેવ ! મારું ઓઘારિયું ફાટી ગયું છે. શું કરીશું ?

સદ્ગુરુની એક લાક્ષણિકતા એ છે કે તેઓ પ્રભુ સાથે શિષ્યનું મિલન કરાવી આપે છે. ગુરુદેવે કહ્યું : તું મને શા માટે કહે છે ? પ્રભુને કહેને ! પ્રભુએ તને દીક્ષા આપી છે. પ્રભુ તારું યોગ અને ક્ષેમ ડગલે ને પગલે કરી રહ્યા છે... પ્રભુને તું કહી દે !

'જયવીયરાય' સૂત્રમાં સાધક પ્રભુ પાસે સદ્ગુરુયોગ (સુહગુરુજોગો) માગે છે; તે આ સન્દર્ભમાં જ કે સદ્ગુરુ સાધકને પ્રભુ સાથે મેળવી આપે છે. સદ્ગુરુનું કામ જ આ છે ને ! પ્રભુ માટેની પ્યાસ તમને નથી જાગી તો તે પ્યાસ તેઓ જગવી દે. અને પ્યાસ લાગી હોય તો પ્રભુ સાથે મિલન કરાવી દે.

ગુરુદેવે પૂજ્યશ્રીને કહ્યું : પ્રભુને કહી દે. પ્રભુની જવાબદારી છે. તને એના માર્ગ પર તે લઈ આવ્યા. એક એક ડગલું તેમણે તને ચલાવ્યો. હવે કંઈ પણ જોઈતું હોય તો એને કહે.

પૂજ્યશ્રીએ પ્રભુને પ્રાર્થના કરી કે પ્રભુ ! મારું ઓઘારિયું ફાટી ગયું છે. શું કરું હું ?

પ્રાર્થનાને હજુ તો બે ક્ષણ વીતી હશે ત્યાં થોડાક યાત્રીઓ ત્યાં આવ્યા. અમદાવાદથી મહારાષ્ટ્રનાં તીર્થોની યાત્રાએ નીકળેલા એ યાત્રિકો હતા. આવા નાનકડા ગામમાં તેમને આવવાનું પ્રયોજન પણ નહોતું. પરંતુ ડીઝલ ખૂટી ગયું ગાડીમાં. રસ્તા પર પેટ્રોલ પંપ નહોતો એટલે ડીઝલ પુરાવવા ગાડી ગામમાં પ્રવેશી. જિનાલય દેખાતાં ગાડી રોકાવી ભક્તો નીચે ઊતર્યા. ડ્રાઈવરને કહ્યું : ડીઝલ પુરાવી તું ગાડી અહીં લાવજે.

ભક્તોએ પ્રભુનાં દર્શન કર્યાં. પૂજારીને પૂછ્યું : સાધુભગવંત કોઈ બિરાજમાન છે ? તેણે કહ્યું : હા, બે મહાત્મા આજે સવારે જ આવ્યા છે. પેલા ઉપાશ્રયમાં તેઓ બિરાજમાન છે. ભક્તો ત્યાં ગયા. વન્દન કર્યું. પછી લાભ દેવા વિનંતી કરી : ગુરુદેવ ! અમારે માટે લાવેલ ભાથું છે. આપ લાભ આપો !

ગુરુદેવે કહ્યું : અમારે બેઉને એકાસણાં છે. એકાસણાં થઈ ગયાં... ભક્તોએ કહ્યું : ગુરુદેવ ! ઉજમણામાં મૂકેલ પાતરાં, કાંબળી, કપડાં બધું લઈને અમે નીકળ્યા છીએ. કંઈક લાભ આપો !

ગુરુદેવે કહ્યું : અમે તો બધું જ ઉપાડીને ચાલીએ છીએ. લાઈટ ટ્રાવેલિંગના યાત્રીઓ છીએ. અને અત્યારે કંઈ ખપ નથી.

ભક્તોએ વિનતિ કરી : ગુરુદેવ ! કંઈક તો લાભ આપો જ. છેવટે મુહપત્તી, સાવરકુંડલાનું ઓઘારિયું કંઈક તો... ગુરુદેવે કહ્યું : એક ઓઘારિયાનો ખપ છે.

ભક્તો દોડ્યા ગાડી તરફ. ગાડી દેરાસર પાસે આવી ગઈ હતી. વિચાર્યું કે થોડું થોડું લઈ તો જઈએ. સાહેબને ખપ હશે તે લેશે.

તે લોકો ગાડી ભણી દોડ્યા ત્યારે ગુરુદેવે જંબૂવિજયમહારાજને કહ્યું : જંબૂ ! તારી પ્રાર્થનાનો પ્રતિસાદ પ્રભુએ કેટલી ઝડપથી આપ્યો !

જંબૂવિજયજી મહારાજની આંખો ભીંજાઈ ગઈ : મારા પ્રભુ ! તું મારો કેટલો બધો ખ્યાલ રાખે છે !

સદ્‌ગુરુયોગ દ્વારા થયેલો આ પ્રભુયોગ !

• •

આ સન્દર્ભમાં સાધનાસૂત્ર મઝાનું આવે છે :

કુમતિ ઈમ સકલ દૂરે કરી,
ધારીએ ધર્મની રીત રે;
હારીએ નહિ પ્રભુબળ થકી,
પામીએ જગતમાં જીત રે...૧૧/૧

સઘળીય કુબુદ્ધિ દૂર કરીને ધર્મની રીતિ, પરંપરાનું અનુસરણ કરીએ... (સમર્પણના માર્ગે જઈએ.)

પ્રભુબળ જેની પાસે છે, તે ક્યારે પણ હારતો નથી, તે વિજય જ પામે છે.

• •

'કુમતિ'ની સામે મઝાનું સૂત્ર છે : 'તું મતિ.' જે મતિ-બુદ્ધિની પછવાડે અહંકાર બેઠેલ છે, તે કુમતિ.

આપણી પરંપરામાં બે શબ્દો સામસામે છે : બુદ્ધિ અને મેધા. જે વિચારસરણીની પાછળ અહંકાર છે, તે વિચારસરણીનું નામ બુદ્ધિ. જે વિચારધારાની પાછળ શ્રદ્ધા છે તે મેધા.

તમારું 'હું' તમારી વિચારધારાને પણ તે બાજુ જ લઈ જશે; તમારા સ્વાર્થને પુષ્ટ કરવા તરફ. શો અર્થ આનો ?

ગીતામાં, આથી જ, શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : 'ददामि बुद्धियोगं ते'. હું તને બુદ્ધિ આપું છું ('ददामि बुद्धिस्त्वाम्.') એવું તેઓ કહેતા નથી. તેઓ કહે છે : તને બુદ્ધિયોગ આપું છું, અર્જુન !

જે બુદ્ધિ દ્વારા પરમચેતનાનો યોગ થઈ શકે તે બુદ્ધિયોગ.

• •

'તું મતિ.'

ભક્ત કહેશે કે પ્રભુ ! તું જ મારી બુદ્ધિ છો. મતલબ કે તારા પ્રભાવ વડે જ મારી બુદ્ધિ પ્રકાશિત થાય છે. ઉપનિષદ કહે છે : 'यस्य भासा विभाति इदं सर्वम्'. જેના તેજ વડે આ બધું પ્રકાશે છે.

પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુના સ્તવનમાં મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે આ વિભાવનાને ચર્ચી છે. બહુ જ પ્યારા શબ્દો છે ત્યાં :

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ ! તુમને દિલમાં લાવું રે;
કુણને દીજે એહ સાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ ! વિમાસી રે...

પ્રભુ ! હું નાનો છું, છતાં તમારા હૃદયમાં મારું સ્થાન કદાચ નથી. અને તમે ખૂબ મોટા છો, જગદ્ગુરુ, ત્રિલોકેશ્વર; અને છતાં તમને હું મારા હૃદયમાં રાખું છું. બોલો તો, પ્રભુ ! કોને સાબાશી અપાય ?

જવાબ તેમણે જ મઝાનો આપ્યો છે : 'જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એહ સાબાશી રે...' પ્રભુ ! તારા પ્રભાવથી, તારા તેજથી જ તો મને આ વિચાર આવ્યો ને ! માટે તું જ મહાન છે. મારી બુદ્ધિ તારા તેજથી પ્રભાવિત બની એ બદલ મારી જાતને હું બડભાગી માનું છું.

અહંકારથી જ સદા પ્રભાવિત રહેનાર મારી બુદ્ધિ, પ્રભુ ! તારા વડે – તારા તેજ વડે પ્રકાશિત બને એથી વધુ મારે શું જોઈએ ?

• •

કુમતિને દૂર કરી 'તું મતિ' એ સૂત્ર લાવવું જ રહ્યું. હવે અહંકારની જગ્યા શ્રદ્ધા લેશે. અહંકારની જગ્યા સમર્પણ લેશે.

શ્રદ્ધા પ્રભુ પ્રત્યે પ્રગટી એટલે સમર્પણ આપોઆપ થવાનું જ છે.

પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાની ગંગાનું ગંગોત્રી પોઈન્ટ છે સાધકના પોતાના પરના – પોતાના વ્યક્તિત્વ પરના – વિશ્વાસનું હલી જવું. અત્યાર સુધી કેન્દ્રમાં જે 'હું' હતું, તે શ્રદ્ધા આવતાં ચલિત થાય છે. મારા કરવાથી શું થઈ શકે ? બધું જ 'એણે' જ તો કરવાનું છે.

'તે'ના પરની આ શ્રદ્ધા : 'હું'ના બિન્દુનું ચલિત થવું. એ શ્રદ્ધા જેમ જેમ વધવા લાગે તેમ તેમ હું શિથિલ થવા લાગે...

શ્રદ્ધાથી 'હું'ની શિથિલતા. અને 'હું'નું ન રહેવું કેન્દ્રમાં. માત્ર 'તે'નું જ રહેવું; તે સમર્પણ. વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ. વરસાદના જળબિન્દુનું સમંદરમાં મળી જવું. હવે એ બિન્દુની અલગ પહેચાન ક્યાં રહેશે ?

● ●

શ્રદ્ધા.

'હું' પરથી ભાર 'તે' પર જવો તે શ્રદ્ધા.

એક ભાઈ નદીએ પાણી ભરવા જતો'તો. માથે ઘડો હતો. ગામથી નદી થોડેક દૂર હતી. તે વખતે નદીએથી એક ભાઈ ગામ તરફ જતા હતા. તેમની નજર આ ભાઈના ઘડા પર પડી. જોયું તેમણે કે ઘડાના તળિયે નાનું કાણું હતું. તેમને થયું કે કદાચ આને ખબર નહિ હોય. કાણાવાળો ઘડો. પાણી તો ભરશે એ એમાં. પણ પછી શું ?

તેણે પ્રેમથી કહ્યું : ભાઈ, તમારા ઘડાના તળિયે કાણું છે. પેલાએ કહ્યું : હા, ભાઈ ! મને ખ્યાલ છે. પરંતુ મને નદીમાતા પર શ્રદ્ધા છે. મારો ઘડો જરૂર કાણાવાળો છે. પરંતુ નદીમાતાની શક્તિ જરૂર ચમત્કાર કરશે.

અને ખરેખર એવું થયું. એણે ઘડાને નદીના પટમાં મૂક્યો. જ્યાં માટી પણ હતી અને કાંકરા પણ હતા. એક કાંકરો કાણાની જગ્યાએ બંધબેસતો થઈ ગયો અને માટીનો લોંદો આસપાસ લાગી ગયો. તેની શ્રદ્ધા ફળી !

• •

શ્રદ્ધા.

હું અપૂર્ણ છું. પરંતુ તેની શક્તિનો કોઈ ઓરછોર નથી.

મહામુનિ નંદીષેણજીએ આ જ વાત ઉચ્ચારેલી પરમપાવન શત્રુંજયગિરિ પર. અજિતનાથ પ્રભુ અને શાન્તિનાથ પ્રભુનાં દેરાસરો આમને-સામને. અહીં દર્શન કરો તો ત્યાં આશાતના લાગે... ત્યાં દર્શન કરો ત્યારે અહીં.

મહામુનિ બન્ને મંદિરોના ચોકમાં બેસી ગયા. એમણે પ્રભુને કહ્યું : પ્રભુ ! મારી તો કોઈ જ તાકાત નથી. પરંતુ તારી શક્તિ અપાર છે. હું ઈચ્છું છું કે તારી શક્તિથી આમને-સામને રહેલાં દેરાસરો આજુબાજુમાં આવી જાય.

અને ભક્તની શ્રદ્ધા સાકાર બની. દેરાસરો આજુબાજુમાં આવી ગયાં.

• •

સંત હરિદાસે પ્રભુને કહેલું : 'તિનકા બુયારી કે વશ'. તણખલું વાળનારીને વશ છે, પ્રભુ ! તે રીતે હું તારે અધીન છું.

ભક્ત ગૌરાંગ એક ડગ આગળ વધ્યા છે : तृणादपि सुनीचेन भवितव्यम्...' તેઓ કહે છે કે ક્યારેક તણખલું સંપૂર્ણતયા વાળનારીને અધીન નથી રહેતું; હવાને વશ થઈને હવામાં તરતું થઈ જાય છે. પ્રભુ ! મારે તો માત્ર ને માત્ર તારે અધીન થઈને રહેવું છે.

મારું વ્યક્તિત્વ ન રહે,
રહે માત્ર અસ્તિત્વ.
હું તારામાં વિલીન થયેલો હોઉં.
સમર્પણ કેટલું તો ભવ્ય છે !

• •

સમર્પણ...

પ્રિયકાન્ત પરીખે કાગળનાં ફૂલોને ઉદ્દેશીને લખેલ એક સરસ કવિતા યાદ આવે :

'તમારે રંગો છે

અને આકારો છે,
કલાકારે દીધો તુમ સમીપ
આનંદકણ છે...
અને બાગોમાંનાં
કુસુમ થકી લાંબું જીવન છે.'

એ પછી કવિ સલૂકાઈથી એ કાગળનાં ફૂલોને પૂછે છે :

'ન જાણો નિન્દું છું
પરંતુ પૂછું છું,
તમારા હૈયાના ગહનમહિંયે
એવું વસતું,
દિનાન્તે આજે તો
નિજ સકલ અર્પી ઝરી જવું ?'

સ્વત્વના સમર્પણનો આનંદ.

કેવો તો મીઠડો એ હોય છે !

• •

આ શ્રદ્ધા અને સમર્પણ પણ પ્રભુના અનુગ્રહથી મળે છે.

પ્રભુ ! બહુ જ ઋણી છીએ તમારા.

ભગવદનુગ્રહ. પ્રભુબળ. એ પ્રભુબળની વાત કરતાં સાધનાસૂત્ર કહે છે : 'હારીએ નહિ પ્રભુબળ થકી, પામીએ જગતમાં જીત રે.'

પ્રભુબળ.

એની ખુમારી જ કોઈ ન્યારી છે.

મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજના પોતાના જીવનમાં ઘટેલી એક ઘટના એમણે અનુભવેલ પ્રભુબળને સરસ રીતે અભિવ્યક્ત કરે છે.

બન્યું એવું કે મહોપાધ્યાયજી પ્રવચનોમાં સેંકડો, હજારો લોકોની વચ્ચે સાધ્વાચારની વાત કરતા. પ્રભુનો મુનિ શું ન કરી શકે એ વાતોને પણ, શાસ્ત્રીય આધારો આપીને, ચર્ચતા.

ત્યારના શિથિલાચારી યતિઓને થતું કે પોતાના શિથિલાચારો ખુલ્લા પડી રહ્યા છે. એમને થયું કે આ પ્રવચનધારા વધુ વેગથી ચાલી તો લોકોમાં પોતાનું સ્થાન નીચું થઈ જશે.

એ લોકોએ પોતાના માણસો દ્વારા ઉપાધ્યાયજીને એક મકાનમાં નજરકેદ કર્યા. અને પછી કહ્યું કે તમે તમારા હસ્તાક્ષરોમાં લખી આપો કે તમે શિથિલાચારીઓ વિરુદ્ધ બોલશો નહિ.

ઉપાધ્યાયજીએ લખી આપ્યું.

એ લોકો રાજી થયા. 'કે હવે આ વ્યક્તિ બોલશે નહિ. અને કદાચ બોલે તો આપણે આ પત્ર લોકોને બતાવશું અને કહીશું કે આ માણસ પ્રતિજ્ઞાને પણ પાળતો નથી; તો એનાં વચન પર કયો વિશ્વાસ મુકાય ?'

ઉપાધ્યાયજી મુક્ત થયા. અને એ જ દિવસથી જોરશોરથી તેમનું પ્રતિપાદન ચાલુ થઈ ગયું : 'પ્રભુના મુનિવરોથી આવું ન જ થાય.' મન્ત્રપ્રયોગો, ઔષધિપ્રયોગ આદિ કરતાં યતિવરો ધ્રૂજી ગયા. પણ હવે એમના હાથમાં ઉપાધ્યાયજીનો પત્ર હતો. તે તેમણે લોકોને બતાવ્યો.

ઉપાધ્યાયજીએ સિંહગર્જના કરી : એ લોકોને પ્રભુશાસનના નિયમોનો ખ્યાલ જ ક્યાં છે ? પ્રતિજ્ઞામાં અમુક આગારો – છૂટો પ્રભુશાસનમાં છે. અને એવી એક છૂટ છે 'બલાગારેણં'. ટોળું સામે

હતું, મુક્તિ માટે બીજો રસ્તો નહોતો, માટે લખી આપ્યું. પરંતુ શાસ્ત્રીય રીતે હું ક્યાંય, કોઈપણ રીતે દોષિત નથી જ. એ વખતે તેઓશ્રીના ચહેરા પર આ પ્રભુબળ કેવું તો ચમકતું હશે !

• •

પ્રભુબળ.

લંડનમાં બનેલી એક ઘટના યાદ આવે છે. એક માજી એંસી વર્ષનાં. લંડનમાં પોતાના વૈભવી ફ્લેટમાં રહેતા હતાં. વિશ્વયુદ્ધનો એ સમય. જ્યારે દુશ્મનવિમાનો ગમે ત્યારે બૉમ્બવર્ષા લંડન પર કરી જતાં.

એક સાંજે એક મહેમાન માજીને ત્યાં આવ્યા. જમ્યા. માજીએ પ્રાર્થના કરી. મહેમાન પણ તેમાં જોડાયા. પ્રાર્થના પછી માજી પોતાના રૂમમાં સુવા ગયાં. મહેમાન પણ બાજુની રૂમમાં સુવા ગયા.

થોડીવાર થઈને બૉમ્બવર્ષક વિમાનો બૉમ્બ વરસાવવા લાગ્યાં. બાજુના બિલ્ડીંગ પર બૉમ્બ પડ્યા અને બિલ્ડીંગ સળગવા લાગ્યું. મહેમાન તો આ જોઈને ગભરાઈ ગયા. વળી થોડીવાર થઈને પાસેના બીજા બિલ્ડીંગ પર બૉમ્બ પડ્યો.

મહેમાનને થયું કે માર્યા ! અહીં ક્યાંથી આવી ગયો. આજની રાત હેમખેમ રહ્યા તો ગંગાજી નાહ્યા !

સવાર પડી. નાસ્તાના ટેબલ પર મહેમાન માજી જોડે બેઠા. મહેમાન કહે : હું તો આખી રાત સૂતો નથી. ઘડીકમાં અહીં બૉમ્બ પડે ને ઘડીકમાં તહીં બૉમ્બ પડે. મને તો થયું કે આજે ગયા !

માજી કહે : હું તો આરામથી સૂઈ ગયેલી. મહેમાન કહે : આમાં ઊંઘ ક્યાંથી આવે ? માજી કહે : આપણે સાંજે પ્રાર્થના કરેલી ને ! પ્રાર્થના કરી, એટલે પ્રભુને બધું જ સોંપી દીધું. પછી આપણને શેની ચિન્તા ?

• •

પ્રભુ માત્ર બાહ્ય ભયમાંથી જ ઉગારે તેવું નથી. વિભાવોમાંથી પણ તેઓ આપણને સુરક્ષા આપે છે.

પ્રભુનું સુરક્ષાચક્ર કઈ રીતે કામ કરે છે એની મઝાની વાત કહું. સમર્પિતતાની સામે સુરક્ષા એવું એક વર્તુળ ત્યાં છે.

પ્રભુ એક એક ક્ષણની સુરક્ષા તમને આપે... આપણે તેમને, તેમની આજ્ઞાને સમર્પિત હોઈએ ત્યારે.

એવું નથી કે પ્રભુને કોઈ ભેદભાવ છે કે સમર્પિત પર કૃપાને વરસાવવી, અસમર્પિત પર કૃપા ન વરસાવવી... તેમની કરુણા તો સતત વરસતી જ રહી છે. એવી એક ક્ષણ નથી, એવું ક્ષણાર્ધ નથી કે જ્યારે એની કરુણા ન વરસતી હોય.

એ વરસી જ રહ્યો છે.... અનરાધાર... અગણિત અતીત સમયથી એ વરસી જ રહ્યો હતો. અને આપણે કોરા જ રહ્યા...

પ્રભુની એ દિવ્ય સ્નેહની વર્ષા ઝીલવા માટે જે સજ્જતા જોઈએ, તે આપણી પાસે ન હતી.

એ સજ્જતા તે છે સમર્પિતતા.

પ્રભુઆજ્ઞાની સમર્પિતતા આવી. હવે પળે પળે પ્રભુની સુરક્ષામાં. પ્રભુ સદ્ગુરુને મોકલશે. પ્રભુબળ ઘણું બધું કરશે.

• •

'હારીએ નહિ પ્રભુબળ થકી, પામીએ જગતમાં જીત રે...' પ્રભુબળ જેની પાસે છે, તે કર્મોથી – કર્મના ઉદયથી પ્રભાવિત નહિ બને.

અસાતાનો ઉદય થશે ત્યારે પણ તે ઔદયિક ભાવમાં નહિ વર્તતો હોય. તે પોતાના સ્વરૂપના સુખની આંશિક ઝલક મેળવતો હશે.

ક્રોધાદિનો ઉદય થશે ત્યારે પણ તે પોતાની ચેતનાને ક્રોધાનુગત નહિ થવા દેતાં સ્વસત્તાનુગત જ રાખશે.

• •

પ્રભુબળ.

ધનબળ કે સત્તાબળ અથવા શરીરબળનો લોકોને ખ્યાલ છે. એના દ્વારા શું થઈ શકે એની માહિતી એમને હોય છે.

પ્રભુબળ કેટલું તો પ્રભાવમય છે એનો ખ્યાલ આવી જાય તો?

એક માત્ર પ્રભુબળ આવી ગયું, આધ્યાત્મિકતાની ટોચ પર તમે જઈ શકો.

• • •

## ૧૦
## આધાર સૂત્ર

*મન થકી મિલન મેં તુજ કિયો,*
*ચરણ તુજ ભેટવા સાંઈ રે;*
*કીજિયે જતન જિન ! એ વિના,*
*અવર ન વાંછીએ કાંઈ રે..૧૧/૫*

પ્રભુ ! મનથી તો તમારું મિલન મેં કર્યું છે... (મારા મનમાં આપનો વાસ છે.) હવે આપશ્રીનાં શ્રીચરણોને ભેટવા છે. (આપે કહેલી આત્મદશાને અનુભવવી છે.)

એ માટે, પ્રભુ ! મારી વિભાવોમાંથી રક્ષા આપ કરજો ! આ સિવાય બીજું કાંઈ હું ઇચ્છતો નથી.

# ૧૦ 'પૂરન મન સબ પૂરન દીસે...'

પ્રાર્થનાજગતની કેટલીક શિરમોર પ્રાર્થનાઓ પૈકીની એક આ છે : 'તેરે નયન કી મેરે નયન મેં, જસ કહે દિઓ છબિ અવતારી.' પ્રભુ ! તારી આંખોમાં જે દિવ્યતા છે, એની નાનકડી ઝલક મારી આંખોમાં ઊતરે !

પ્રભુ ! તારી આંખોની એ દિવ્યતાને ભિન્ન ભિન્ન સ્વરૂપે સંવેદી છે.

એ દિવ્યતા કરુણાના સાગરરૂપે પણ અનુભવાઈ છે. પ્રેમના સાગરરૂપે પણ એ ક્યારેક સંવેદાઈ છે. ક્યારેક એમાં રહેલ સમત્વના સમંદરે એવી તો અમીટ છાપ ભીતર પાડી છે...

• •

દેવાધિદેવ પ્રભુ મહાવીર દેવની સાધનાવસ્થાનો આ પ્રસંગ. પ્રભુ કાયોત્સર્ગધ્યાને ઊભા છે. એક અનાડી માણસ ત્યાં આવે છે. પ્રભુનાં બન્ને ચરણોની વચ્ચે ચૂલો પેટાવી હાંડલીમાં ચોખા, દૂધ, સાકર નાખી તે ખીર પકવે છે.

પ્રભુનાં પાવન ચરણો... ને આ અગ્નિની જ્વાળા... કલ્પના-ચક્ષુથી, શ્રદ્ધાચક્ષુ વડે આ દૃશ્ય જોતાં આપણી આંખો આંસુભીની બની રહે.

એ આંસુભીની આંખોએ પ્રભુની આંખો પણ ભીની જોઈ : કરુણાજળ વડે આર્દ્ર. પ્રભુ વિચારે છે કે મારાં કર્મો તો નિર્જરી રહ્યાં છે, અને આ કર્મોને ખેરવનાર વ્યક્તિ તો મારો મિત્ર છે, ઉપકારી છે. શું એને દુર્ગતિમાં જવું પડશે ?

પ્રભુની આંખોની એ ભીનાશ...

• •

દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાધનાનો એક બીજો પ્રસંગ.

પ્રભુને ગંગા નદી ઊતરીને સામે કાંઠે જવું છે. એક નાવ એ બાજુ જઈ રહી હતી. પ્રભુ એમાં બેઠા. નાવ સામે કાંઠે ગઈ. બીજા બધા ઉતારુઓ પૈસા નાવવાળાને ચૂકવી પોતપોતાને ગામ જવા રવાના થયા. છેલ્લે પ્રભુ ઊતર્યા. નાવવાળાએ કહ્યું : પૈસા આપો ! પછી જ આગળ જઈ શકાશે.

પ્રભુ પાસે ક્યાં પૈસા હતા, તે આપે ! હા, આન્તર ધન પ્રભુનું અસીમ હતું, પણ તે તરફ આની નજર ક્યાં હતી ? ભારતમાં ન બની શકે તેવી આ ઘટના અહીં ઘટી. હોડીવાળાએ કહ્યું : જ્યાં સુધી પૈસા ન આપી શકો ત્યાં સુધી અહીંથી જવા નહિ દઉં. રેતમાં બેસી રહો !

બળબળતી રેતમાં પ્રભુ બેસી રહ્યા. બે-ત્રણ કલાક સુધી બેસી રહેવાનું થયું. એ વખતે પ્રભુની આંખો જેણે જોઈ હશે, તેને એમાં શું દેખાયું હશે ?

પ્રેમ, કરુણા, સમભાવ.

બે-ત્રણ કલાક પછી કો'ક પરિચિત વ્યક્તિ ત્યાં આવી. તેણે પ્રભુને જોયા. પૈસા હોડીવાળાને આપ્યા. પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.

• •

પ્રભુની એ આંખોને જોતાં કેવી કેવી લાગણીઓ થાય ? પૂજ્ય અમૃતવિજય મહારાજની સ્તવના યાદ આવે :

'તારા રે નયના પ્યાલા પ્રેમના ભર્યા છે...
દયા રસના ભર્યા છે...
અમી છાંટના ભર્યા છે...
જે કોઈ તારી નજરે ચઢી આવે,
કારજ તેના તેં સફળ કર્યાં છે...'

• •

પ્રભુનાં નયનને કેન્દ્રમાં રાખીને કરાયેલી એક મઝાની સ્તવના પૂજ્ય વિનયવિજય મહારાજે રચી છે :

શાન્તિ ! તોરેં લોચન હૈ અણિયારે...
કમલ જ્યું સુન્દર, મીન જ્યું ચંચલ,
મધુકરથી અતિ કારે...
જાકી મનોહરતા જીત વન મેં,
ફિરતે હરિન બિચારે...
ચતુર ચકોર પરાભવ નીરખત,
બહુરિ ચુગત અંગારે...
ઉપશમ રસ કે અજબ કટોરે,
માનું વિરંચિ સંભારે...
કીર્તિવિજય વાચક કા વિનયી,
કહે મુજકો અતિ પ્યારે...

• •

'લોચન હૈ અણિયારે...' અણિયાળી આંખડી પ્રભુની. એ આંખો કમળ જેવી સુંદર, માછલી જેવી ચંચળ અને ભમરા કરતાં પણ વધુ કાળી છે. જે આંખોની મનોહરતા વડે જિતાયેલ હરણો વનમાં ફરી રહ્યા છે. (હરણની આંખો સુન્દર કહેવાય છે, પણ પ્રભુની આંખોની સુન્દરતા પાસે એમનું શું ગજું ?) ચકોર નામના પંખીની આંખો સરસ કહેવાય છે. પણ એ ચતુર પંખી પોતાના પરાજયને નિહાળીને અંગારા ખાવા લાગ્યું ! (લોકોક્તિ એવી છે કે ચકોર પંખી અંગારા ખાય છે.)

પ્રભુનાં નયનો છે ઉપશમ રસના અમૃતના અદ્‌ભુત પ્યાલા. અમૃત નવજીવન આપે. પ્રભુનાં નયનો જેના પર પડે તે સ્વસ્થ બની જાય. બ્રહ્માજીની યાદ આવે. હિન્દુ પૌરાણિક કથાનુસાર બ્રહ્માજી નવસર્જન કરે છે. પ્રભુનાં નયનરૂપી અમૃતપ્યાલા સાધકોને નવજીવન આપે. કીર્તિવિજયવાચકના શિષ્ય વિનયવિજયજી કહે છે કે મને પ્રભુનાં આ નેત્રો અતિપ્યારાં લાગે છે.

• •

આવું જ એક સ્તવન પ્રભુનાં નયનના મહિમાને વર્ણવતું મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે લખ્યું છે :

પ્રભુ ! તેરે નયનકી હું બલિહારી...
યાકી શોભા વિજિત તપસા,
કમલ કરતુ હૈ જલચારી;
વિધુ કે શરણ ગયો મુખ અરિ કે,
વનથેં ગગન હરિણ હારી... ૧

સહજ હિ અંજન મંજુલ નીરખત,
ખંજન ગર્વ દિઓ દારી;
છીન લહી હૈ ચકોર કી શોભા,
અગ્નિ ભખે સો દુખ ભારી... ૨

ચંચલતા ગુણ લિયો મીન કો,
અલિ જ્યું તારા હૈ કારી;
કહું સુભગતા કેતી ઈન કી,
મોહી સબહિ અમર નારી... ૩

ઘૂમત હૈ સમતા રસ માતે,
જૈસે ગજવર મદ વારી;
તીન ભુવન મેં નહીં કો ઇન કો,
અભિનન્દન જિન અનુકારી... ૪

મેરે મન કો તૂ હિ રુચત હૈ,
પરે કુણ પર કે લારી;
તેરે નયન કી મેરે નયન મેં,
જસ કહે દિઓ છબિ અવતારી... ૫

• •

તારાં નયનોની બલિહારી છે. પ્રભુ ! જે આંખોની શોભા વડે જિતાયેલ કમળ વનમાં જઈને તપશ્ચર્યા કરે છે...

હરણ પ્રભુની આંખોની શોભાથી હારી જઈને વનમાંથી સીધો જ ચન્દ્ર (વિધુ)ને શરણે ગયો.

સહજ રીતે જ કાળી અને સુન્દર પ્રભુની આંખો જોતાં ખંજન નામના પંખીને પોતાની સુન્દર આંખો પર ગર્વ હતો તે ચૂર થઈ ગયો.

ચકોર પંખીની આંખોની શોભા હરાઈ ગઈ છે. તેથી તે દુઃખથી પરિપૂર્ણ પંખી અગ્નિનું ભક્ષણ કરી રહેલ છે.

પ્રભુની આંખોએ માછલીની ચપળતાનો ગુણ લીધો... અને ભમરા જેવી તે આંખોની કાળી કીકી છે. કેટલી તો એ આંખોની સુન્દરતાની વાત કરું ? એ આંખો પર સઘળીય દેવાંગનાઓ પણ મુગ્ધ છે.

સમતા રસ વડે મત્ત, પૂર્ણ તે આંખો એવી તો શોભે છે જાણે કે મદોન્મત્ત ગજરાજ.

ત્રણે ભુવનમાં અભિનન્દન પ્રભુની આંખોનું અનુકરણ કરી શકે તેવી કોઈ વસ્તુ નથી.

મારા મનને પ્રભુ ! તું જ ગમે છે. બીજાની પાછળ (લારી) હવે કોણ પડે ?

તારી આંખોની છબી મારી આંખોમાં અવતરો !

• •

પ્રાર્થના-જગતની આ મઝાની અભિવ્યક્તિ : 'તેરે નયન કી મેરે નયન મેં, જસ કહે દિઓ છબિ અવતારી.' પ્રભુ ! તારી આંખોમાં રહેલ પ્રેમ, કરુણા, સમભાવનો નાનકડો અંશ મારી આંખોમાં ઝલકો !

આ પૃષ્ઠભૂ પર મઝાના પ્રાર્થનાસૂત્રને જોઈએ :

મન થકી મિલન મેં તુજ કિયો,<br>
ચરણ તુજ ભેટવા સાંઈ રે;<br>
કીજિયે જતન જિન ! એ વિના,<br>
અવર ન વાંછીએ કાંઈ રે...

પ્રાર્થનાનો પ્રારંભ શ્રદ્ધાના રણકાર સાથે થયો છે : 'મન થકી મિલન મેં તુજ કિયો...' પ્રભુ ! મેં મન વડે તારી સાથે મિલન કર્યું છે.

પ્રભુના ગુણો વડે હૃદય વાસિત બન્યું છે. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કહે છે : 'મેરે પ્રભુસું પ્રગટ્યો પૂરન રાગ...' મને પ્રભુ પર પૂર્ણ રાગ, પૂર્ણ ભક્તિ થયા છે.

બહુ મઝાની વાત તેઓ આગળ ચર્ચે છે. શું આ પૂર્ણ રાગનું કૃતિત્વ પોતાનું છે ? બહુ જ મઝાનો જવાબ અપાયો છે : 'જિનગુણ ચન્દ્રકિરનસું ઊમટ્યો, સહજ સમુદ્ર અતાગ...' પ્રભુના ગુણો રૂપી ચન્દ્ર કિરણો વડે મારા ચિત્તના સહજ સમુદ્રમાં ભરતી આવી છે.

એટલે, મારા હૃદયમાં જે ભાવોની ભરતી આવી છે એનું કારણ હું નથી; પણ પ્રભુના ગુણો છે. એ ગુણો જ એટલા મનોહર છે કે એ શબ્દશઃ મારા મનને છૂ કરી નાખે.

એ મિલન કેવું છે ?

'ધ્યાતા ધ્યેય ભયે દોઉ એકહુ,
મિટ્યો ભેદ કો ભાગ...'

ધ્યાતાની ચેતના ધ્યેયમાં એકાકાર બની ગઈ છે. ધ્યાતા અને ધ્યેય થયા એક. કેવું મઝાનું આ અભેદમિલન !

એ મિલનમાં આનંદ કેવો હોય છે ?

'પૂરન મન સબ પૂરન દીસે,
નહિ દુવિધા કો લાગ...'

હવે ક્યાંય અપૂર્ણતા લાગતી નથી. બધું જ લાગે છે પૂર્ણ, પૂર્ણ.

અત્યાર સુધી – પ્રભુ ન મળ્યા ત્યાં સુધી – બધે અપૂર્ણતા લાગતી હતી. પોતાની જાત અપૂર્ણ હતી, તો બીજા બધા અપૂર્ણ જ લાગેને ! એ અપૂર્ણતાને દૂર કરવા કેવાં તો ફાંફાં મારેલાં ? આ મેળવું ને પૂર્ણ થાઉં... પેલું મેળવું ને પૂર્ણ થાઉં... આ લોકો મને એમ કહે કે તમે સારા છો, તો હું મારી જાતને કૃતાર્થ માનું.

કોઈ તીર્થની ધર્મશાળામાં કોઈ યાત્રિક સાંજના સમયે જાય. ભોજનશાળામાં ભોજન કરીને એણે ધર્મશાળાની રૂમ લીધી. રૂમમાં ટોઈલેટની સુવિધા, વૉટરબૅગ આદિ બધું જ છે; જેનું એને રાત્રે કામ પડી શકે. હવે સાંજે ધર્મશાળામાં ગયેલ એ યાત્રિકને રાત્રે રૂમ ખોલવાની જરૂર નહિ પડે. સવારે જ એ બારણું ખોલશે. પરંતુ જૂના જમાનાની ધર્મશાળાની રૂમમાં એ યાત્રિક ઊતરેલો હોય તો એને ટોઈલેટ માટે બહાર જવું પડશે.

અપૂર્ણ હો તમે તો બીજાની સહાય જરૂરી પડશે. તમે સ્વયંપૂર્ણ હશો તો તમારે બીજાની જરૂર નહિ પડે.

'પૂરન મન સબ પૂરન દીસે, નહિ દુવિધા કો લાગ...' મન પૂર્ણ થયું, – પ્રભુ હૃદયમાં આવવાથી. હવે બધું જ પૂર્ણ લાગે છે. ક્યાંય દુવિધા નથી અનુભવાતી.

પ્રભુના ગુણો વડે હૃદય વાસિત થયું છે ત્યારે કેવો મઝાનો અનુભવ થાય છે ?

'વાસિત હૈ જિનગુણ મુજ દિલકું,
જૈસો સુરતરુ બાગ;
ઔર વાસના લગે ન તાકું,
જસ કહે તૂ બડભાગ...'

કલ્પવૃક્ષ જેમ બાગને સુશોભિત કરે તેમ પ્રભુના ગુણોએ મારા હૃદયને સુવાસિત કર્યું છે... એવું સુવાસિત થયું છે હૃદય કે એના પર બીજા કોઈની અસર હવે થશે નહિ.

• •

'મન થકી મિલન મેં તુજ કિયો...' મારું મન તારી સાથે ભળી ગયું છે, પ્રભુ !

અત્યાર સુધી શરીર તો તને હું અર્પતો હતો, પ્રભુ ! – વિહાર, તપશ્ચર્યા આદિના રૂપે. મન અપાયું નહોતું. આ વખતે તે અપાયું. જોકે, મેં આપ્યું નથી, મન; પ્રભુ ! તારા ગુણોથી ખેંચાયેલું મન તારા રંગે રંગાઈ ગયું.

'મન થકી મિલન...' શો એ મિલનનો આનંદ. પ્રિયમાં પ્રિય વ્યક્તિ કે પ્રિયમાં પ્રિય પદાર્થને મળવામાં કદાચ રતિભાવ થોડો છલકી શકે. પણ પ્રભુના મિલનમાં તો... દિવ્ય આનંદ... શબ્દોને પેલે પારનો આનંદ. કલ્પનાને પેલે પારનો આનંદ...

'મન થકી મિલન મેં તુજ કિયો...' તારા ગુણોની સાથે રહેવાનો એ આનંદ, પ્રભુ ! એ ક્ષણો મારી જિંદગીની સુવર્ણ ક્ષણો હતી.

તારું દર્શન કર્યું, પ્રભુ ! અને તારી સ્વરૂપસ્થિતિને નિહાળતાં એક ક્ષણ, હા, એક ક્ષણ ભીતર અહેસાસ થયો કે મારી સ્વરૂપસ્થિતિ પણ આવી જ છે... મને ક્યારે એ મળે ? ક્યારે ? ક્યા...રે ?

• •

'મન થકી મિલન મેં તુજ કિયો, ચરણ તુજ ભેટવા સાંઈ રે...'

મનથી તારા ગુણોનો સ્પર્શ થયો, પ્રભુ ! હવે એ ગુણોની નાનકડી આવૃત્તિ તું મને ન આપે ?

ભક્તિ કરતાં ભક્તને કેવી વિપુલ સંપદા મળે છે એની વાત 'લોગસ્સ સૂત્ર'ની અશબ્દ વાચનામાંથી મળી શકે છે.

'एवं मए अभिथुआ,
विहुयरयमला पहीणजरमरणा ।
चउवीसंपि जिणवरा,
तित्थयरा मे पसीयंतु'.....

અહીં 'विहुयरयमला' અને 'पहीणजरमरणा' એ બે વિશેષણો પ્રભુનાં છે. અશબ્દ વાચનામાં એવો ઇશારો મળે કે પ્રભુની ભક્તિ કરનાર ભક્તનાં પણ આ બે વિશેષણો થઈ શકે.

પ્રભુ છે વિધૂતરજોમલ. નવું બંધાતું કર્મ તે રજ, સત્તામાં રહેલું કર્મ તે મલ. પ્રભુ આ બેઉથી પર છે. પ્રભુની ભક્તિ કરતો ભક્ત પણ વિધૂતરજોમલ અને પ્રક્ષીણજરામૃત્યુ બની શકે.

કઈ રીતે ?

અહોભાવની ધરાતલ પર ભક્ત હશે ત્યારે વિકલ્પો બીજા હશે નહિ. અને વિકલ્પો નહિ હોય ત્યારે કર્મબંધ કેવો ? 'નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...' તો, આ રીતે, વિશેષ વિકલ્પો નહિ હોવાને કારણે વિશિષ્ટ કર્મબંધ નહિ હોય... એટલે સાધક બન્યો વિધૂતરજ.

હવે વાત રહી સત્તામાં રહેલ કર્મોની. સત્તામાં રહેલ કર્મ ઉદયમાં આવશે, પરંતુ સાધકની જાગૃતિ તે વખતે એવી હશે કે તેની ચેતના ઉદયાધીન નહિ બને, સ્વસત્તાધીન બનશે. આમ, ઉદયમાં આવીને,

સત્તામાં રહેલું કર્મ નિર્જરી જશે. એ રીતે, મલ ઓછો થતો જશે. સાધક બનશે વિધૂતમલ.

આ જ રીતે, જરા - ઘડપણનો પર્યાય ખૂલશે કે મૃત્યુનો પર્યાય સામે આવીને ઊભેલો દેખાશે ત્યારે સાધક માત્ર તે પર્યાયોનો દ્રષ્ટા બનશે. તે પર્યાયોમાં તે ઊલઝાશે નહિ.

જે તે પર્યાય જે તે ક્ષણે ખૂલવાનો છે, એ જ્ઞાનીપુરુષોએ પોતાના જ્ઞાનમાં જોયેલું જ છે. અને એ રીતે તે પર્યાય ખૂલે ત્યારે સાધકે માત્ર તે પર્યાયોના દ્રષ્ટા બનવાનું છે.

આ રીતે સાધક બનશે પ્રક્ષીણજરામૃત્યુ.

• •

પ્રક્ષીણજરામૃત્યુતા એટલે સર્વસ્વીકારની વાત. અત્યાર સુધી મનપસંદ વસ્તુ, વ્યક્તિ કે ઘટનાનો સ્વીકાર થતો. અણપસંદ વસ્તુ, વ્યક્તિ કે ઘટનાનો અસ્વીકાર થતો. સ્વીકાર અને અસ્વીકાર... પરિણામે રતિ અને અરતિ. આ દ્વન્દ્વમાંથી દ્વન્દ્વાતીતતામાં જવા માટે સર્વસ્વીકાર.

આ સર્વસ્વીકાર જ થશે પ્રભુનો પ્રસાદ. 'તિત્થયરા મે પસીયંતુ...'

• •

'ચરણ તુજ ભેટવા સાંઈ રે...' પ્રભુ ! તારા ગુણોનો સંસ્પર્શ મને આપ ને ! વિભાવોના સ્પર્શથી બળેલ મારા અસ્તિત્વને તારા ક્ષમા, વીતરાગતા આદિ ગુણોનો સંસ્પર્શ કેટલો તો મધુમય લાગે છે !

અને એથી જ, એ ગુણોના સ્પર્શ વિના રહેવાનું નથી. 'બિછુરત જાયે પ્રાણ...'

ક્યાં રાગ અને દ્વેષની પીડા અને ક્યાં વીતરાગતા અને ક્ષમાના આછેરા સંસ્પર્શનો આનંદ...

● ●

પ્રભુ ! સતત તારા ગુણોના સ્પર્શની ધારામાં મને રાખજે ! હું વિભાવોની અસરમાં ન જાઉં એવું કરજે ! મને જોઈએ તારું સુરક્ષાચક્ર. 'કીજિયે જતન જિન ! એ વિના, અવર ન વાંછીએ કાંઈ રે...'

પ્રભુ ! જોઈએ તારું સુરક્ષાચક્ર.

● ●

મિત્ર આચાર્યપ્રવરશ્રી રત્નસુન્દરસૂરીજી ઉત્તર-ગુજરાતમાં વિહારયાત્રાએ હતા. એકવાર તેઓ ચાલી રહ્યા હતા. પાછળથી એક ઊંટગાડી આવતી હતી. ઊંટગાડીવાળાએ ગાડી થોભાવી, તે નીચે ઊતર્યો. પગે લાગ્યો. અને પછી એણે કહ્યું : મહારાજશ્રી ! તમને તો કાંઈ જ તકલીફ નહિ પડતી હોય. કારણ કે તમે પ્રભુ માટે આટલું બધું છોડ્યું છે, તો પ્રભુ તમારું ધ્યાન રાખે જ.

એક હિન્દુ માનસમાં અવતરેલી આ કેવી સરસ સમજ હતી !

ખરેખર, પ્રભુ હરક્ષણ અમારું સંરક્ષણ કરે છે. વિભાવોમાં જતાં અમને એની કરુણા તરત જ રોકે છે. સદ્‌ગુરુ કે કલ્યાણમિત્રને તે સમયે પ્રભુ મોકલી દે. અને વિભાવોમાં જતાં રોકી લે.

● ●

મારા શૈશવની એક ઘટના મને યાદ આવે છે. અગિયાર વર્ષની વયે પ્રભુના સંયમી થવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. બેએક વર્ષ પછી પરમપાવન શ્રી શત્રુંજય તીર્થની યાત્રાર્થે જવાનું થયું.

મારી ભીતરી દશામાં કોઈ જાતની પ્રભુદર્શનની કે સાધનાની સજ્જતા નહોતી. માત્ર બહારથી બધું થયા કરતું.

પાલિતાણાથી ઉત્તર ગુજરાત ભણી જવાનું હતું : વાયા ઘોઘા-ભાવનગર. ખાસ કોઈ ઉત્કંઠા ઘોઘા તીર્થની યાત્રાની પણ નહોતી. પણ ત્યાં કો'કે મને કહ્યું કે ઘોઘામાં દેરાસરથી નજીકમાં જ દરિયાકાંઠો છે. ત્યારે દરિયો જોવાની ખૂબ ઇચ્છા થઈ આવી.

ઘોઘા જવાનું થયું. નવખંડા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કર્યાં, પણ કાંઈ જ ખલબલાટી નહિ. નવકારસી વાપરી દરિયાકાંઠે જવાનું થયું. ગુરુદેવશ્રીને જોડે લઈ ગયેલો. દરિયાને જોયા જ કર્યો, જોયા જ કર્યો.

ઘણીવાર અત્યારે થાય કે સમુદ્રપ્રીતિના મૂળમાં શું હતું ? વિશાળતાને કારણે એ ગમતો હતો ? '(૧)यो वै भूमा तत् सुखम्, नाल्पे सुखमस्ति.' આ વાતનો કોઈ એ અણસાર હતો ? શું હતું ?

જે હોય તે. પણ દરિયાને જોવાનું કલાકો સુધી થયું, તો પણ બપોરે ગોચરી અને પ્રતિલેખન પછી ફરી આવવાનું ખેંચાણ થયું.

બીજા કે ત્રીજા દિવસે બપોરે એક ઘટના ઘટી. અમે બેઠેલ બાંકડા પર : સમુદ્રની ભરતી સમયની તરંગ-લીલા જોતાં... તે વખતે એક મચ્છીમારનો દીકરો ત્યાં આવ્યો. દશેક વર્ષનો હશે. તેણે માછલી પકડવા માટે દોરી કાઢી. અમારી જોડે ઘોઘા તીર્થના મેનેજર આવેલા.

---

(૧) જે વિશાળ (ભૂમા) છે તે જ સુખકારક છે. અલ્પમાં સુખ નથી.

તેઓ આ જોઈ ગયા. તેમણે પેલા દીકરાને દશ રૂપિયાની નોટ આપીને ત્યાંથી ભગાડી મૂક્યો.

પણ આ દૃશ્યની મારા કુમળા મન પર બહુ જ અસર પડી. મને યાદ છે કે હું દોડતો, ઝડપથી ચાલતો નવખંડા દાદા પાસે ગયો. ત્યાં જઈને હું ચોધાર આંસુએ રડ્યો.

એ વખતની મારી અનુભૂતિ આવી હતી : પ્રભુ ! તેં મને કેવો તો બચાવ્યો છે ! આ માસૂમ દીકરો માછલાને મારવા સુધી જઈ શકે છે; જ્યારે તેં મને કેવું તો સુરક્ષાચક્ર આપ્યું કે હું નાનો હતો ત્યારે માંકડ કે બીજાં કોઈ જન્તુની વિરાધનામાંથી તેં મને બચાવ્યો. અને દીક્ષા પછી તો, નરી આંખે ન દેખાતાં વાયુકાયના જીવોની વિરાધનાથી મને બચાવવા તેં મારા હાથમાં મુહપત્તી પકડાવી. પ્રભુ ! તું કેટલું મારું ધ્યાન રાખે છે !

• •

તમને પણ આવો અનુભવ થઈ શકે. પૌષધમાં તમે હો. દેરાસરે તમે જઈ રહ્યા છો. ઈર્યાનો ઉપયોગ છૂટી ગયો છે. અચાનક યાદ આવે કે હું તો પૌષધમાં છું. તરત ઈર્યાનો ઉપયોગ આવી જાય. જ્યાં ડગલું મુકાવાનું હતું, ત્યાં એક કીડી હતી. હવે તેની રક્ષા થઈ. પરંતુ એ વખતે સાધકને એ વિચાર નથી આવતો કે મેં કીડીને બચાવી. ભાવ એ આવે કે પ્રભુએ મને કેવો બચાવ્યો ! હું વિરાધનામાં / આજ્ઞાભંગમાં જતાં બચી ગયો.

કેવું મઝાનું છે આ સુરક્ષાચક્ર પ્રભુનું !

• •

પ્રાર્થનાના લયમાં ફરીથી આખી કડી ગણગણીએ :

'મન થકી મિલન મેં તુજ કિયો,
ચરણ તુજ ભેટવા સાંઈ રે;
કીજિયે જતન જિન ! એ વિના,
અવર ન વાંછીએ કાંઈ રે...'

પ્રભુના ગુણો મનમાં વસી ગયા છે. હવે પ્રભુનાં આજ્ઞારૂપી ચરણોનો સ્પર્શ કરવો છે. અને આજ્ઞાસ્પર્શની આ ક્ષણો ક્યારેય વિભાવસ્પર્શની ક્ષણો ન બની જાય એ માટે પ્રભુનાં ચરણોમાં પ્રાર્થના.

• •

શરૂઆતમાં એક સરસ પ્રાર્થના જોયેલી : 'તેરે નયન કી મેરે નયન મેં, જસ કહે દિઓ છબિ અવતારી...'

એ લયમાં જ આવેલી મઝાની પ્રાર્થના યાદ આવે :

પ્રીતમ છબિ નૈનન બસી,

પર છબિ કહાં સમાય;

ભરી સરાય 'રહીમ' લખી,

પથિક આય ફિર જાય...

પ્રિયતમની છબી જો ભક્તની આંખોમાં સમાઈ ગઈ; વસી ગઈ; તો પરની છબી ત્યાં કઈ રીતે પ્રવેશશે ?

ધર્મશાળા ભરાયેલી હોય તો, યાત્રિક આવીને પાછો જતો રહે; તેમ આંખ પ્રભુથી સભર હોય ત્યારે અન્ય પદાર્થો પાછા ફરી જાય છે. તે આંખોમાં એ પ્રવેશી શકતા નથી.

• • •

૧૧

## આધાર સૂત્ર

*તુજ વચન રાગ સુખ આગળે,*
*નવિ ગણું સુર-નર શર્મ રે;*
*કોડિ જો કપટ કોઈ દાખવે,*
*નવિ તજું તોય તુજ ધર્મ રે.. ૧૧/૬*

પ્રભુ ! તમારી વાણી પરના રાગના / અહોભાવના સુખની આગળ દેવ-મનુષ્યનાં સુખોને પણ હું ગણકારતો નથી.

જો કોઈ કરોડો કપટો કરીને પણ મને લલચાવવા મથે તો પણ હું તમારા ધર્મને છોડવાનો નથી.

## ૧૧ 'એક ક્ષણ મને આપ !'

પરમપાવન શ્રી આચારાંગ સૂત્રનું એક હૃદયંગમ સૂત્ર યાદ આવે : 'खणं जाणाहि पंडिए'.[૧] હે પંડિત ! તું ક્ષણને જાણ.

(૧) ૧/૨/૧/૬૮ : આચારાંગ સૂત્ર

આપણી એક એક ક્ષણની કિંમત પ્રભુને છે. હું આ સૂત્રખંડનો મુક્ત અનુવાદ આ રીતે કરું છું : 'પ્રભુ કહે છે : બેટા ! તું મને એક ક્ષણ આપીશ ?' આપણે તો ઓવારી જઈએ. પ્રભુએ તો બધું જ મને આપ્યું છે. એ પ્રભુ એક ક્ષણ માગી રહ્યા છે... આપણે કહીએ : પ્રભુ ! આપી.

પણ, આચારાંગજીમાં પ્રભુ ગુરુ તરીકે ઉપસ્થિત થયા છે. અને એથી તેઓ કહેશે : વાહ ! તું બહુ ડાહ્યો દીકરો. મેં માગ્યું ને તેં તરત આપી દીધું. પરંતુ, મને આપે તે ક્ષણ ગંદી-ગોબરી હોય તો નહિ ચાલે હો ! એ જોઈએ શુદ્ધ.

ચાલો, આપણે આ નાનકડી સાધનાને પ્રાયોગિક રૂપે અમલમાં લાવીએ. એક ક્ષણ. એક મિનિટ. એ શુભ હોય કે શુદ્ધ; અખંડ હોવી જોઈએ. શુભની ક્ષણ હોય તો શુભનું સાતત્ય જોઈએ. ૬૦ સેકન્ડ સુધી - સ્વાધ્યાય કરતાં, ભક્તિ કરતાં કે જપ કરતાં વિકલ્પ ન ઊઠવો જોઈએ. શુભની ધારા, અહોભાવનો લય અખંડ ચાલે તેવું થવું જોઈએ.

અહીં વિચારથી વિકલ્પને છુટ્ટો પાડી શકાય. સામાન્ય વિચાર; જેને રાગ, દ્વેષ જોડે સંબદ્ધતા નથી; તે વિચાર. જે વિચારનાં મૂળિયાં રાગ, દ્વેષ સાથે સંકળાયેલ હોય તે વિકલ્પ.

ધારો કે એક સાધક જાપ કરી રહ્યો છે. એક વ્યક્તિ એના ખંડમાં પ્રવેશે છે; અજાણી વ્યક્તિ છે; અને તેથી સાધકને સવાલ થાય છે કે કોણ છે આ ? આ વિચાર છે. પણ એ પરિચિત વ્યક્તિ હોય અને એને દેખતાં જ ગમો કે અણગમો મનમાં ઊભરી આવે તો...? તો એ વિકલ્પ.

આ શુભની ક્ષણ. આવું શુદ્ધના પ્રવાહમાં તમે હો ત્યારે પણ થઈ શકે. શુદ્ધની - ગુણાનુભૂતિની કે સ્વરૂપાનુભૂતિની - ક્ષણમાં વચ્ચે વિકલ્પ ઊઠી જાય તો એ ક્ષણ ખંડિત થઈ ગઈ.

• • •

અપ્રમાદના આ લય પર જ શ્રી આચારાંગ સૂત્રનો આ સૂત્ર-ખંડ આવ્યો : 'सुत्ता अमुणी, मुणिणो सया जागरंति ।'(૨) 'અમુનિઓ, અસાધકો સદા સૂતેલા છે. મુનિઓ સતત જાગે છે.'

આ જાગરણ એટલે ઉજાગર અવસ્થાનો નાનકડો અંશ. સામાન્ય વ્યક્તિ પાસે ત્રણ દશા છે : સુષુપ્તિ (નિદ્રા) અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને કહેવાતી જાગરણ અવસ્થા.

સાધક પાસે હોય ઉજાગરનો નાનકડો અંશ. ઉજાગર દશા તેરમા ગુણઠાણે હોય છે; પણ એનો નાનકડો અંશ સાધક પાસે હોઈ શકે.

તેમાં શું હોય છે ?

જ્ઞાનસારે ઉજાગર દશાની વ્યાખ્યા આ રીતે આપી છે : તે, ઉજાગર, નિદ્રાવસ્થારૂપ નથી. કારણ કે ત્યાં મોહ નથી. તે સ્વપ્ન અને જાગૃતિરૂપ પણ નથી. કારણ કે ત્યાં વિકલ્પોનું ઘોડાપૂર ચાલતું નથી.

એટલે, ઉજાગરની વ્યાખ્યા આવી થઈ : જ્યાં મોહ નથી અને વિકલ્પો નથી; તે ઉજાગર.

સાધકનો મોહ શિથિલ બનેલો હોય અને એ કારણે વિકલ્પો ઓછા થયેલા હોય. આ થશે સાધકની ઉજાગરની નાનકડી આવૃત્તિ.

---

(૨) ૧/૩/૧/૧૦૬ : આચારાંગ સૂત્ર

આથી પણ નાની આવૃત્તિ પ્રારંભિક કક્ષાનો સાધક કરી શકે. એને માટે હું આ શબ્દો વાપરું છું : જાગૃતિના સમંદરમાં ઉજાગરનો ટાપુ.

દરિયામાં નાવ લઈને જનાર યાત્રી રસ્તો ભૂલી જાય અને ક્યાંય એને કિનારો ન દેખાય ત્યારે ગરમીથી, સમુદ્રના ખારા પાણીથી એ કંટાળી જાય. એ વખતે જો ટાપુ મળી જાય તો વૃક્ષોની છાયા મળે, મીઠું પાણી મળે. એને હાસ થાય.

એવી જ રીતે, વિકલ્પના સમુદ્રમાં અટવાતા મનુષ્યને ઉજાગરનો ટાપુ મળે તો... કેવો તો આનંદ થાય !

શરૂઆતમાં, દશેક મિનિટનો ઉજાગરનો પ્રયોગ કરી શકાય. વિકલ્પો વિના રહેવાનું. વિકલ્પો આવી જાય તો તેમાં ભળવાનું નહિ. વિકલ્પોના દ્રષ્ટા બની રહેવાનું.

દ્રષ્ટા તમે એક. બીજું બધું દશ્યકોટિમાં. અષ્ટાવક્ર ઋષિ કહે છે : 'एको द्रष्टाऽसि सर्वस्य, मुक्तप्रायोऽसि सर्वदा । अयमेव हि ते बन्धो, द्रष्टारं पश्यसीतरम् ॥' તું સર્વનો દ્રષ્ટા છે. અને આ દ્રષ્ટાભાવ જ તારી મુક્તિનું સાધન છે. અને બન્ધનું કારણ શું છે ? તું બીજાને દ્રષ્ટા તરીકે જુએ છે, એ જ તો તારા કર્મબન્ધનું કારણ છે.

અધ્યાત્મોપનિષદ્‌માં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ કહે છે : द्रष्टुर्दृगात्मता मुक्ति – दृश्यैकात्म्यं भवभ्रमः । દ્રષ્ટાનું દર્શનની પળોમાં એકાકાર થવું તે મુક્તિ. અને દશ્યો સાથેની એકાકારતા તે સંસાર.

• • •

સંત રિંઝાઈને જપાનના સમ્રાટે પૂછેલું : કોઈ સાધક પહોંચેલો છે કે નહિ, તેનો ખ્યાલ શી રીતે આવે ?

રિંઝાઈએ કહેલું : આવા સાધકની આજુબાજુની હવા જ બદલાઈ ગયેલી હોય છે. તમે એને અનુભવી શકો.

યોગવિંશિકા ટીકામાં સરસ વાત આવે છે કે અહિંસાની વિભાવના જેમની રગરગમાં વ્યાપેલી હોય તે મહાપુરુષના સાન્નિધ્યમાં કોઈ પણ વ્યક્તિનો હિંસક વિચાર રહી શકતો નથી. સત્યના ઉપાસક મહાપુરુષના સાન્નિધ્યમાં અસત્ય બોલી શકાતું નથી.

સાધનાની સિદ્ધિ, આ રીતે, વિનિયોગ સુધી પરિણમે છે.

એ સિદ્ધિ કેવી હોય છે ?

એવો સાધક કેવો હોય છે ?

પરમપાવન શ્રી આચારાંગજીમાં એવા સાધકની સાધનાને આ રીતે બતાવી છે : પરમદર્શિતા, વિવિક્તજીવિતા, ઉપશાન્ત દશા, પંચસમિતિયુક્તતા, જ્ઞાનાદિ સહિતતા, સદા યતનાશીલતા, કાલકાંક્ષિતા.(૩)

• • •

સાધનાનું પહેલું ચરણ : પરમદર્શિતા. પરમનો દર્શક હોય સાધક. બીજું કંઈ પણ જોવાનો અર્થ શો છે ?

મઝાનું તારણ એ છે કે અશુદ્ધ ચૈતન્યોને જોવા કે નિર્મળ ચૈતન્યોને ?

અશુદ્ધ ચૈતન્યો (રાગ-દ્વેષથી વ્યાપ્ત ચેતનાઓ)ને જોવાથી આપણને શું મળે ? અને, અશુદ્ધ ચૈતન્યો જ જોવાના હોય તો આપણું

---

(૩) लोगंसि परमदंसी विवित्तजीवी उवसंते समिए सहिए सया जए कालकंखी परिव्वए ॥ १/३/२/१११

પોતાનું જ ચૈતન્ય કેમ ન જોઈ લેવું ? એ જોવાથી અહંકાર શિથિલ બનશે.

નિર્મળ ચૈતન્યોને જોવા છે. પરમનો દર્શક સાધક નિર્મળ ચૈતન્યને જોઈને પોતાની નિર્મળતા માટે યતે છે.

એક રાજકુમાર હતો. તેની ખૂંધ વળી ગયેલી. ઢુબ્બો લાગતો હતો તે. રાજાનો એકનો એક દીકરો. ભવિષ્યમાં રાજા બનનાર. એ વિકલાંગ કેમ ચાલે ? રાજાએ સંખ્યાબંધ વૈદ્યો પાસે દવા કરાવી; પણ વ્યર્થ. કારણ કે રાજકુમારનું મન પોતાના પ્રત્યેના અવિશ્વાસથી ભરાયેલું. 'હવે આ ખૂંધ શી રીતે ઓગળે ?'

એવામાં એક કુશળ વૈદ્ય આવ્યા. તેમણે રાજકુમારના આ અવિશ્વાસને જોયો. વિચાર્યું કે દવા કામ તો જ કરે; જો રોગ મટે તેવી શ્રદ્ધા હોય તો. એમણે એક કામ કર્યું. કુશળ શિલ્પી પાસે રાજકુમારનું પૂતળું બનાવરાવ્યું. ખૂંધ ઓગળી ગયા પછી રાજકુમાર સ્વસ્થ લાગે ત્યારે જેવા હોય તેવું પૂતળું હતું એ.

હવે એ વૈદ્યે રાજકુમારને કહ્યું : તમારે મારી દવા લેવાની છે. અને એ સાથે, રોજ સવાર-સાંજ અર્ધો અર્ધો કલાક આ પૂતળા સામે બેસીને વિચારવાનું કે હું આવો જ થવાનો છું.

રાજકુમારે એ રીતે કર્યું અને એ સ્વસ્થ બન્યો.

આ જ રીતે, સિદ્ધ ભગવંતોના નિર્મળ ચૈતન્યને જોનારને મારું સ્વરૂપ પણ આવું જ છે એવો બોધ થશે.

પરમદર્શી સાધક પરમપદમાં સ્થિત બની શકે.

• • •

પરમદર્શિતા માટે સાધકે એકાન્તમાં જવું જોઈએ. સમાધિશતક કહે છે : 'હોત વચન મન ચપળતા, જન કે સંગ નિમિત્ત; જનસંગી હોવે, તાતેં મુનિ જગમિત્ત...' સાધક સમજે છે કે મન અને વચનની ચપળતા લોકોના સંગથી થાય છે. તેથી જગન્મિત્ર એવો સાધક લોકોનો સંગ કરતો નથી.

નડિયાદ (ગુજરાત)માં મૌનમન્દિર છે. એક સાધક ત્યાં જઈને આવેલ. તેમણે મને કહ્યું કે એક અદ્ભુત અનુભવ એકાન્તને કારણે તેમને મળેલો. ત્યાં એક રૂમ સાધકને આપવામાં આવે છે. રૂમમાં સાધક ગયા પછી બહારથી રૂમ બંધ થઈ જાય છે. નાસ્તાના અને ભોજનના સમયે એક બારી એ રીતે ખૂલે બહારથી, જેથી વેઈટર ડિશ મૂકી શકે. અર્થાત્ એક પણ વ્યક્તિ એના રૂમમાં પ્રવેશે નહિ એટલું જ નહિ, કોઈ વ્યક્તિનો ચહેરો પણ એને અઠવાડિયાના સમયગાળામાં જોવા ન મળે.

એ સાધકે મને કહ્યું કે સાહેબ, મારી પાસે એવી કોઈ સાધના નહોતી. પરંતુ એકાન્તને કારણે વાણીનું મૌન સધાયું... અને થોડા સમય પછી મનનું મૌન સધાયું. એ નિર્વિકલ્પ દશાનો જે આનંદ અનુભવાયો છે...

સાધનાનું બીજું ચરણ, આથી જ, એકાન્તવાસ (વિવિક્ત જીવિતા) છે.

સાધનાના પ્રારંભિક જીવનમાં એકાન્ત ઘૂંટાઈ જાય તો અંદર એકાન્ત રચાઈ જાય છે. પછી, બહાર-અંદર બધું એકાકાર થઈ જાય છે. કબીરજીને આવી એકાકારદશા મળેલી. તેઓ બજારમાં ગયા. શા માટે ? લોકોને આમંત્રવા માટે કે ચાલો, મારી સાથે. કબીરજીની સાથે કોણ ચાલી શકે ? જે વિભાવના - રાગ, દ્વેષના - ઘરને બાળી

શકે. 'કબીરા બેઠા બાજાર મેં, લિયે લકુઠી હાથ; જો ઘર બારે આપના, વો ચલે સંગ હમાર...'

• • •

એકાન્તવાસ શું કરે છે એની વાત ચર્ચતાં ત્રીજા ચરણમાં કહેવાયું કે સાધક પ્રશાન્તવાહિતામાં આગળ વધે.

પ્રશાન્તવાહિતા.

ન રાગમાં જવું કે ન દ્વેષમાં જવું. માત્ર સમભાવમાં રહેવું. પરમદર્શિતા અને એકાન્તજીવિતા, દેખીતી રીતે જ, પ્રશાન્તવાહિતામાં ફેરવાય.

પ્રશાન્તવાહિતા. પોતાનામાં ડૂબવું. શો આનંદ હોય છે પોતાની અંદર જવાનો ! અગણિત અતીતમાં એ થયું કે આપણને વિકલ્પ જ નહોતો મળ્યો. અને એથી પરની દુનિયામાં જ રહેવાતું.

આ જન્મમાં પ્રભુએ સ્વનો અનુભવ આપ્યો. બહુ જ ઋણી છીએ આપણે પ્રભુના. પૂ.મહોપાધ્યાયજી માનવિજય મહારાજની કેફિયત યાદ આવે : 'પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અન્તરંગ સુખ પામ્યો; માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો...'

એ રસ... જેણે અન્તરંગ સુખની દિશા ખોલી આપી. કેવો એ અનુભવ હતો ! પહેલીવાર એ રસ ચાખતાં દિગ્મૂઢ થઈ જવાયું : આવો આનંદ શું સંભવિત ઘટના છે ? 'કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મિલિયો...' અનન્ત જન્મોમાં ક્યારેય ન આસ્વાદ્યો હોય તેવો આ આસ્વાદ...

શબ્દોને પેલે પારની એ ઘટનાને કયા શબ્દોમાં વ્યાખ્યાયિત કરી શકાય ? હા, તમે એને અનુભવી શકો.

• • •

પ્રશાન્તવાહિતા પછી સમિતિયુક્તતા. સમિતિ. સમ્યગ્ ઇતિ. સમ્યગ્ ગમન. પ્રભુની આજ્ઞાપૂર્વકની બધી પ્રવૃત્તિ. જાગૃતિપૂર્ણ પ્રવૃત્તિ.

એક સાધક એકવાર ખભા પાસે મુહપત્તી વડે પૂંજતા હતા. બાજુમાં બેઠેલ જિજ્ઞાસુને નવાઈ લાગી કે સાધક શા માટે ખભાને પૂંજે છે ? એણે પૂછ્યું ત્યારે સાધકે કહ્યું કે પાંચ મિનિટ પહેલાં ખભા પર એક માખી બેઠી'તી. સહસા તેને ઉડાડવા માટે હાથ ઉચકાયેલો અને પ્રમાર્જના વગર હાથ ખભા પર મુકાઈ ગયેલો. હવે હું હાથને શીખવાડી રહ્યો છું કે એકાએક આ રીતે ઉચકાવાનું નહિ.

જાગૃતિ. હોશ.

ક્ષણ ક્ષણની જાગૃતિ તે સાધના.

વાત છે જાગૃતિની. જાગૃતિ જો રહી તો ઉપયોગ સ્વમાં, નહિતર પરમાં.

પરમાં ઉપયોગ જાય એટલે શું એ ખ્યાલ છે ? એક ક્ષણ ઉપયોગ પરમાં ગયો એટલે તમે એ ક્ષણે પ્રભુના અપરાધી બન્યા. પ્રભુની આજ્ઞા છે : તારા ઉપયોગને તારી ભીતર જ રાખ. બહાર ન રાખ.

તમે પરમાં ઉપયોગ મૂક્યો. તમે પરને ચાહ્યું, એનો મતલબ એ થયો કે તમારો અનુરાગ પૂરો પૂરો પ્રભુ તરફ ન રહ્યો. દશ પ્રતિશત પણ આપણી ચાહત પર ભણી રહી તો એનો મતલબ એ થયો કે આપણી ચાહત નેવુ પ્રતિશત જ પ્રભુ તરફ રહી.

જોકે, ભક્તિયોગાચાર્યો પ્રભુને, લાડમાં, નટખટ કહે છે. તમે કહી દો પ્રભુને કે પ્રભુ ! હું તને નવ્વાણુ ટકા ચાહું છું. એક પ્રતિશત

પરને ચાહું છું. તો પ્રભુ કહેશે કે તું જ્યારે સો ટકા મને ચાહશે ત્યારે જ તારી એ ચાહત સાચી ગણાશે.

• • •

જાગૃતિ એ સાધનાનું પ્રવેશદ્વાર.

સઘન જાગૃતિ એ સાધનાનું શિખર...

એટલે સાધકની યાત્રા થઈ જાગૃતિથી જાગૃતિ સુધીની.

અને, ભક્તની યાત્રા કેવડી હોય છે એ ખબર છે ?

મઝાની પ્રસ્તુતિ, એ યાત્રાની, પૂજ્ય ઉદયરત્નજી મહારાજે આપી છે : 'ઉદયરતન કી એહિ અરજ હૈ, દિલ અટકો તોરા ચરણકમલ મેં.' હૃદયકમળ (પ્રભુનું ધ્યાન કરનાર હૃદય બને છે કમળ જેવું કોમળ, પવિત્ર.)થી પ્રભુના ચરણકમળ સુધીની ભક્તની યાત્રા છે.

• • •

એ પછીનું ચરણ છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સહિતતા.

સાધકની પરિભાષામાં દ્રષ્ટાભાવ, જ્ઞાતાભાવ, ઉદાસીનભાવ.

તમે છો દ્રષ્ટા અને જ્ઞાતા. માત્ર જુઓ છો ઘટનાઓને, વ્યક્તિઓને, પદાર્થોને; તમને ક્યાંય રતિ, અરતિ થતી નથી.

સાધક માટે પદાર્થ માત્ર પદાર્થ છે. એ નથી સારો કે નથી ખરાબ. એક સાધક માટે મકાન એ મકાન છે; જ્યાં એ રહી શકે. એના માટે સારું મકાન એટલે શું ? એને તો ૬ બાય ૪ ફૂટની જગ્યા હોય તોય ચાલશે.

એક સાધકનો મને ખ્યાલ છે. તેઓ એક જગ્યાએ અઠવાડિયું રોકાવાના હતા. યજમાન બહુ જ પ્રસન્ન હતા. આવા સાધકની ભક્તિનો લાભ પોતાને મળશે... સાધક આવ્યા. એક દિવસ તો તેઓ ત્યાં રોકાયા. બીજી સવારે તેમણે યજમાનને કહ્યું : 'હું જાઉં છું.' યજમાન ગભરાઈ ગયા. એ કહે : 'કેમ ? સુવિધામાં ક્યાંય કચાશ રહી ગઈ ?'

સાધકે કહ્યું : નહિ, વાત એ છે કે તમે વધુ પડતી સુવિધાઓ મને આપી રહ્યા છો, જે મને ચાલે તેમ નથી. મને આવો હવાદાર કમરો ન ચાલે; જેમાં પ્રમાદની શક્યતા રહે. મારે તો ગરમ અને અસુવિધાવાળો કમરો જોઈએ; જ્યાં રાત્રે બે વાગ્યે મારી ઊંઘ ઊડી જાય.

• • •

એક મુનિવૃન્દ વિહારયાત્રામાં હતું. તેઓ એક ગામથી બીજે ગામ જતા હતા. સામેથી બીજું મુનિવૃન્દ મળ્યું. સામેના મુનિવૃન્દના એક મુનિવરે આ મુનિવૃન્દના એક મુનિરાજને પૂછ્યું : આપ જ્યાંથી આવો છો, તે ગામમાં ઉપાશ્રય કેવો છે ? ઉનાળાના આ સમયમાં હવા આવે એવો ખરો ને ?

આ મુનિવરે કહ્યું : સાહેબજી, ખ્યાલ નથી કે બારીઓ કેવી હતી, કઈ દિશામાં હતી... મેં તો ત્યાં જઈ કાજો લીધો. સ્વાધ્યાયમાં લીન થઈ ગયો. વાપરીને પણ સ્વાધ્યાયમાં... સાહેબજી, મને ઉપાશ્રયની ઠંડી-ગરમીનો ખ્યાલ નથી.

• • •

ભોજન પણ કોણ કરશે ?

સાધકનું શરીર.

સાધકનું મન તો પોતાના ગુણોની ધારામાં વહી જતું હોય.

એટલે જ, ભોજન પછી સાધકને પુછાય કે તમે શું ખાધું ? તો એ કહેશે : મને ખ્યાલ નથી. જે ભાણામાં મુકાયું, તે ખવાયું.

તમે ખાનાર નહિ, પીનાર નહિ; તમે માત્ર જોનાર. દ્રષ્ટા.

• • •

સાધનાની પરિભાષામાં ચારિત્ર એટલે ઉદાસીનભાવ.

ઉદાસીન શબ્દ બે શબ્દોના મિશ્રણ વડે તૈયાર થયો છે. ઉદ્ વત્તા આસીન. ઊંચે બેઠેલ. ઘટનાઓના પ્રવાહને કિનારે રહીને જોનાર છે ઉદાસીન.

ઘટનાઓ પ્રત્યે બેપરવા છે સાધક. ઘટના ઘટના છે, તમે તમે છો. તમે છો ચૈતન્યનું સ્ફુલિંગ. ઘટનાઓ છે જડનો આવિષ્કાર. તમારે ને ઘટનાને શું લેવા દેવા ?

• • •

ઘટના પોતે ઘટવા માટે સ્વતંત્ર હોય (કર્મ જોડે એ સંકળાયેલ છે... તમારું કહ્યું તે માને તેમ નથી) તો એનું અર્થઘટન કરવાની સ્વતંત્રતા તમારી પાસે કેમ ન હોય ?

લોકમાન્ય તિલકના સમયમાં વિરોધીઓ (રાજદ્વારી વિરોધીઓ) તેમના પર ગાળોનો વરસાદ વરસાવતા. મરાઠી અખબારો તિલક પ્રત્યે વિરોધીઓએ ઉચ્ચારેલ ગાળોના મથાળા સાથે બહાર પડતા.

એક દિવસ સવારના પહોરમાં એક મિત્ર તિલક મહારાજને ત્યાં ગયો. તિલક ચા પીતાં પીતાં છાપું વાંચી રહ્યા હતા. ચહેરા પર સ્મિત હતું. મિત્રે પૂછ્યું : આ ગાળો વાંચતાં શું થાય છે ?

તિલકે કહ્યું : તમે ચા જોડે ગરમ નાસ્તો લઈને આવ્યા હશો. હું ચા જોડે ગરમાગરમ ગાળો ખાઉં છું.

કેવું સરસ અર્થઘટન ઘટનાનું !

• • •

સુભાષચન્દ્ર બોઝ એક જગ્યાએ ભાષણ કરી રહ્યા હતા. એક વિરોધીએ સુભાષના માથાનું નિશાન લઈ જોડું ફેંક્યું. સદ્‌ભાગ્યે, સુભાષની આગળ, મંચ પર એ જુત્તું પડ્યું. એમને વાગ્યું નહિ.

સુભાષ ઝૂક્યા. તેમણે બૂટ હાથમાં લીધું. ભાષણ ચાલુ રાખ્યું. અને કહ્યું : હું પહેરું છું એના કરતાં આ બૂટ સારું છે. જે સજ્જને આ જોડું ફેંક્યું છે, તેમને હવે બીજું જોડું નકામું જ હશે. હું એ સજ્જનને કહું છું કે બીજું જોડું અહીં ફેંકો. નવા બૂટ પહેરી, જૂનાને અહીં છોડી હું મંચ પરથી વિદાય લઈ શકીશ.

કેવી મઝાની આ ઘટના-અપ્રભાવિતતા !

• • •

સહિતતા પછીનું ચરણ છે સદા યતનાશીલતા.

ઉપયોગને સૂક્ષ્મ બનાવવાનું આ ચરણ.

નિક્ષેપણા સમિતિ, ઉપયોગને સૂક્ષ્મ બનાવવાના સન્દર્ભમાં, બહુ જ મહત્ત્વની છે. એક પદાર્થને હાથમાં લેવો છે સાધકે. એના માટેની પ્રક્રિયા કેવી હોય છે ? સાધક પોતાની હથેળીને મુહપત્તી વડે પ્રમાર્જે. જે પદાર્થને જ્યાંથી લેવાનો છે, પકડવાનો છે ત્યાં પ્રમાર્જના કરે.

દાંડો મૂકવાનો હોય ત્યારે દાંડાનો નીચલો અને ઉપરનો ભાગ પ્રમાર્જે, જ્યાં દાંડો અડવાનો છે એ નીચેની ને ઉપરની ભૂમિને પ્રમાર્જે.

ઉપયોગ કેવો તો સૂક્ષ્મ બને !

ક્ષણ ક્ષણની જાગૃતિ કેવી મઝાની સધાય !

• • •

પરમાત્માની કૃપા વડે મળેલ આ સાધનાયાત્રાની ક્ષણ ક્ષણને પ્રભુની ભક્તિમાં રૂપાન્તરિત કરવી છે.

સ્વમાં ઉપયોગ જવો તે જ પ્રભુની ભક્તિ.

નિક્ષેપણા સમિતિ વડે ઉપયોગની આવેલી સૂક્ષ્મતા સ્વભણી ફંટાય.

• • •

છેલ્લું ચરણ છે કાલકાંક્ષિતા.

મૃત્યુ ગમે ત્યારે આવે, કોઈ વાંધો નથી. કાળને જોવાનો. અને, મૃત્યુ તો કોનું છે ? શરીરનું. આત્મા તો અમર જ છે. 'नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः...' ગીતાજીનાં આ પ્યારાં વચનો : આત્માને ન તો શસ્ત્રો છેદી શકે, ન એને અગ્નિ પ્રજાળી શકે.

પૂજ્ય આનંદઘનજી મહારાજ કહે છે : 'અબ હમ અમર ભયે, ન મરેંગે...' જ્યારે દૃષ્ટિ શરીરને પાર રહેલ અખંડ આત્મતત્ત્વભણી લંબાય છે ત્યારે મૃત્યુ શબ્દનું જ મૃત્યુ થઈ જાય છે !

શરીર છે મરણધર્મા.

આપણે છીએ અમરણધર્મા.

પ્રભુએ આ દૃષ્ટિ આપીને આપણને કેવા તો નિર્ભય બનાવી દીધા !

• • •

પ્રભુનાં પ્યારાં વચનોને વાગોળવાના, એમાં ડૂબવાના આ નિરવધિ સુખની પૃષ્ઠભૂ પર આ કડી ગણગણીએ :

તુજ વચન રાગ સુખ આગળે,
　　　　નવિ ગણું સુરનર શર્મ રે;
કોડિ જો કપટ કોઈ દાખવે,
　　　　નવિ તજું તોય તુજ ધર્મ રે...

પ્રભુ ! તારાં વચનો પ્રત્યેની પ્રીતિનાં આ સુખ આગળ દેવનાં કે મનુષ્યનાં કોઈ સુખની ગણતરી પણ મને નથી. કોઈ વ્યક્તિ અનેક યુક્તિઓ-કુયુક્તિઓ દેખાડે, તોય હું તારા ધર્મને છોડું નહિ.

પ્રભુનાં વચનો પરની પ્રીતિનું સુખ.

મારા પ્રભુએ મારા માટે જ આ કહ્યું છે, આ વિભાવના પ્રભુનાં એક એક વચન સાથે આપણને જોડી આપે છે.

ઉપર, આચારાંગજી સૂત્રનાં કેટલાંક સૂત્રખંડોની વિભાવના એટલા માટે કરી કે એ વચનો જોડે આપણું અસ્તિત્વ જોડાઈ જાય તેમ છે. એ વચનો સાંભળતાં પ્રભુની કરૂણાનો સીધો સ્પર્શ થાય છે.

આચારાંગજીનું એક સૂત્ર છે : 'आणाए मामगं धम्मं...' આજ્ઞામાં મારો ધર્મ છે. પ્રભુ એમ કહે છે કે આજ્ઞાપાલન દ્વારા તું મારો પ્રિય

ભક્ત બની જશે. તું મારો પ્રિય, પ્રીતિપાત્ર, beloved one છે જ. વધુ પ્રિય હવે બની જશે તું.

અને આપણે 'એ'ના પ્રીતિપાત્ર બન્યા છીએ એની પ્રતીતિ એ રીતે થાય છે કે એ આપણા અસ્તિત્વરૂપી ગાલ પર ચમચમતી તમાચ લગાવી દે છે ! કહે છે પ્રભુ આચારાંગજીમાં : 'एत्थ अगुत्ते अणाणाए'. સાધનાપથ પર આવ્યા પછી પણ, જો તું ગુપ્તિબાહ્ય રહીશ તો મારી આજ્ઞાની બહાર તું છે !

તમાચ. પણ પ્રભુની. એ મિઠ્ઠી, મિઠ્ઠી જ લાગે ને !

સ્વામી દયાનંદના ગુરુ હતા બિરજાનંદજી. એક વાર ગુરુ નદીએ સ્નાન કરી આશ્રમે આવ્યા. આવતાંની સાથે જ આશ્રમના એક ખંડમાં એમની નજર પડી. જોયું કે ખંડમાં થોડીક ધૂળ હતી. તરત જ એમણે પૂછ્યું : આજે આશ્રમને સાફ કરવાનું કાર્ય કોણે કર્યું ? જવાબ મળ્યો : દયાનંદે. 'બોલાવો એને'. દયાનંદજી આવ્યા. ગુરુએ તેમના હાથમાં રહેલી સાવરણી પોતાના હાથમાં લીધી. ઊંધી સાવરણી કરી દયાનંદજીની પીઠ પર ધડાધડ પ્રહારો કર્યા. પીઠ લોહીઝરતી થઈ ગઈ.

ગુરુના આ પુણ્યપ્રકોપને દયાનંદજીએ ખૂબ ભાવથી સ્વીકાર્યો. પોતાના ખેસને ઊંચો કરીને તેઓ એ ઘા પોતાના ગુરુભાઈઓને ગર્વથી બતાવતા : જુઓ, કેવી તો ગુરુપ્રસાદી આ !

● ● ●

પ્રભુની પ્રસાદી મળતાં, એ પ્યારાં પ્યારાં વચનો સાંભળતાં શું થાય ? મેઘકુમાર પહેલીવાર પરમાત્માના સમવસરણમાં ગયા. પ્રભુનાં પ્યારાં વચનો સાંભળ્યાં. તેઓ દિગ્મૂઢ બની ગયા. આવી અદ્ભુત વાણી ! તેઓ પરમાત્માનાં પ્યારાં સમ્મોહનમાં ડૂબી ગયા.

ઘરે આવીને મેઘકુમારે મા ધારિણીને કહ્યું : મા ! મને તો પ્રભુના પ્યારા શબ્દો બહુ જ ગમી ગયા છે... મા ! કેવા તો સરસ, મધુર એ શબ્દો હતા... મા ! હવે એ પ્રભુનાં શ્રીચરણો વિના હું નહિ રહી શકું.

પરમાત્માના શબ્દોનું એ સમ્મોહન પ્રભુનાં પ્યારાં, પ્યારાં ઉપનિષદમાં પરિણમ્યું. મેઘકુમાર પ્રભુના વરદ હસ્તે દીક્ષિત થયા.

• • •

મહાભારતની એક ઘટના યાદ આવે છે : ઉદ્ધવજી વૃન્દાવન જઈ રહ્યા છે. શ્રીકૃષ્ણને તેમણે કહ્યું : એક પત્ર ગોપીઓને નામ લખી આપો તો ! શ્રીકૃષ્ણે પત્ર લખી આપ્યો.

ઉદ્ધવજી વૃન્દાવન આવ્યા. ગોપીઓ રથને ઘેરી વળી. ઉદ્ધવજીને જોઈને થોડીક નિરાશ થઈ ગઈ ગોપીઓ : શ્રીકૃષ્ણ તો નથી આવ્યા ! ત્યાં જ ઉદ્ધવજીએ કહ્યું : શ્રીકૃષ્ણનો તમારા પરનો આ પત્ર લઈને આવ્યો છું. ઉદ્ધવજીએ પત્ર પોતાના હાથમાં રાખ્યો. ગોપીઓમાંથી એક પણ નજીક આવતી નથી. હાથમાં લેવાની વાત તો દૂર, તેને વાંચવાની કોઈ ઈચ્છા કરતું નથી.

ઉદ્ધવજી નવાઈમાં ડૂબી ગયા. આ ગોપીઓ ! શ્રીકૃષ્ણના નામ પાછળ ઘેલી બનેલી... કેમ એમના પત્રને લેવા નથી આવતી ?

ભક્તહૃદયની વાત તો ભક્તહૃદય જ જાણે ને ! સૂરદાસજી ગોપીઓના હૃદયની વાત લઈ આવ્યા છે એક પદમાં : 'પરસૈ જરે, બિલોકૈ ભીંજે...' ગોપીઓને લાગે છે કે વિરહાગ્નિ એવો તો હૃદયમાં, અસ્તિત્વમાં ધખી રહ્યો છે કે પત્રને હાથમાં લેતાં તે બળી તો નહિ જાય... ! અરે, હાથમાં ન લો, નજીક આવીને જુઓ તો

ખરા ! વાંચો તો ખરા ! 'બીક લાગે છે કે એ વાંચતાં જ આંખોમાંથી હર્ષાશ્રુનું એવું પૂર વહેશે કે આંસું દ્વારા પત્રમાંના એ પરમપ્રિયના અક્ષરો ચેરાઈ જશે.'

• • •

'તુજ વચન રાગ...' પરમપ્રિયનાં પ્યારાં, પ્યારાં વચનો પરનું આ સમ્મોહન. બીજું બધું જ છૂટી જાય.

• • •

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે. .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)

- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)

- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)

- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)

- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)

- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)

- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)

- **સાધનાનું શિખર**
  (પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)

- **વાત્સલ્યનો ઘૂઘવતો સાગર**
  (પૂજ્યપાદ ગુરુદેવશ્રી ઓમકારસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)

- **સમાધિ શતક (ભાગ-૧ થી ૪)**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સમાધિશતક ગ્રન્થ પર વિવેચના)

- **સમુંદ સમાના બુંદ મેં**
  (પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાની શબ્દપ્રસાદી પર સ્વાધ્યાય)

- **અનુભૂતિનું શિખર**
  (પૂજ્યપાદ સાધનામનીષી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબની શબ્દપ્રસાદી પર સ્વાધ્યાય)

- **સદ્ગુરુઃ શરણં મમ**
  (સદ્ગુરુ તત્ત્વ પર ભિન્ન ભિન્ન અનુપ્રેક્ષાઓથી સભર ગ્રંથ)

• • •

## પ્રભુવાણી પ્રસાર સ્થંભ (યોજના-૧,૧૧,૧૧૧)

૧. શ્રી સમસ્ત વાવપથક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા-સ્મૃતિ

૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર, વાવ

૩. શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં. ૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી.

હસ્તે : શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા, બનાસકાંઠા

૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા, શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા

૫. શ્રી સુઈગામ જૈન સંઘ, સુઈગામ

૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ, વાંકડિયા વડગામ

૭. શ્રી ગરાંબડી જૈન સંઘ, ગરાંબડી

૮. શ્રી રાંદેરરોડ જૈન સંઘ-અડાજણ પાટીયા, રાંદેરરોડ, સુરત

૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ પાર્લા (ઈસ્ટ), મુંબઈ

૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ, સુરત

૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત

૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ, સમુબા શ્રાવિકા આરાધના ભવન, સુરત જ્ઞાનખાતેથી

૧૩. શ્રી વાવપથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, અમદાવાદ

૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા

૧૫. કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી

૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી

૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ભીલડીયાજી

૧૮. શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મુંબઈ

૧૯. શ્રી જશવંતપુરા જૈન સંઘ - શ્રાવિકા બહેનોના જ્ઞાનદ્રવ્યમાંથી

## પ્રભુવાણી પ્રસારક (યોજના-૬૧,૧૧૧)

૧. શ્રી દિપા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેરરોડ, સુરત

૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ, સુરત

૩. શ્રી શ્રેણીકપાર્ક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેરરોડ, સુરત

૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતા પાર્ક, સુરત

૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નીઝામપુરા, વડોદરા

૬. શ્રી અમરોલી જૈન સંઘ - અમરોલી, સુરત

## પ્રભુવાણી પ્રસાર અનુમોદક (યોજના - ૩૧,૧૧૧)

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા

૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત

૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, સુરત

૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ
શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ ગઢસિવાના (રાજ.)

૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા-ઉચોસણ

૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ સુરતની શ્રાવિકાઓ તરફથી

૭. રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી

૮. અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવબંગલો, સુરત શ્રાવિકાઓ તરફથી

૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત

૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર

૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુરત

૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ શમારોડ, વડોદરા

૧૩. પાંડવ બંગલો (અઠવાલાઈન્સ) સુરતની આરાધક બહેનો તરફથી, સુરત

## પ્રભુવાણી પ્રસાર ભક્ત (યોજના - ૧૫,૧૧૧)

૧. શ્રી દેસલપુર (કંઠી) શ્રી પાર્શ્વચંદ્રગચ્છ

૨. શ્રી ધ્રાંગધ્રા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરગચ્છ


૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત શ્રાવિકા ઉપાશ્રય

## વાવ નગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ

| | | |
|---|---|---|
| ૧. | રૂા.૨,૧૧,૧૧૧ | શ્રી વાવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ |
| ૨. | રૂા.૧,૧૧,૧૧૧ | શ્રી વાવપથક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ |
| ૩. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી સુઈગામ જૈન સંઘ |
| ૪. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી બેણપ જૈન સંઘ |
| ૫. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી ઉચોસણ જૈન સંઘ |
| ૬. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી ભરડવા જૈન સંઘ |
| ૭. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી અસારા જૈન સંઘ |
| ૮. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી ગરાંબડી જૈન સંઘ |
| ૯. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી માડકા જૈન સંઘ |
| ૧૦. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી તીર્થગામ જૈન સંઘ |
| ૧૧. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી કોરડા જૈન સંઘ |
| ૧૨. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી ઢીમા જૈન સંઘ |
| ૧૩. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી માલસણ જૈન સંઘ |
| ૧૪. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી મોરવાડા જૈન સંઘ |
| ૧૫. | રૂા. ૩૧,૦૦૦ | શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત |
| ૧૬. | રૂા. ૧૧,૧૧૧ | શ્રી વાસરડા જૈન સંઘ, સેવંતીલાલ મ. સંઘવી |

●●●

ારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે સ્વાનુભૂતિની પગથારે




KIRITGRAPHICS : 079-25330095